પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૬-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# થાણેમાં લોકલ ટ્રેનમાંથી ૯ મુસાફરો પડી જતા ૪નાં મોત

## સવારે લોકલ ટ્રેનમાં ભારે ભીડના કારણે ટ્રેનના દરવાજા પાસે બેસેલા મુસાફરો ટ્રેક પર ફંગોળાતા કરુણ દુર્ઘટનામાં ૫ ઘાયલ

નવી દિલ્હી, તા. ૯

આજે સવારે થાણેના મુમ્બ્રા રેલ્વે સ્ટેશન પર લોકલ ટ્રેનમાંથી ૯ મુસાફરો નીચે પડી ગયા. જેમાં ૮ પુરુષો, ૧ મહિલાનો સમાવેશ થાય છે. તેમાંથી ૪ ના મોત થયા હોવાનું જાણવા મળે છે. ૫ ઘાયલ થયા હોવાનું જાણવા મળે છે. તે બધા ટ્રેનના ગેટ પર બેઠા હતા.

આ ઘટના સવારે ૯:૩૦ વાગ્યે કસારા-સીએસએમટી લોકલ ટ્રેનમાં બની હતી. ઓફિસ જતી વખતે સવારે ભારે ભીડને કારણે આ અકસ્માત થયો હતો. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

રેલ્વે વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. અકસ્માતની તપાસ શરૂ કરવામાં આવી છે. આ કેસને કારણે લોકલ ટ્રેનોની સેવાઓ પણ પ્રભાવિત થઈ છે.

મુમ્બ્રા રેલ્વે અકસ્માત અંગે, સેન્ટ્રલ રેલ્વેના સીપીઆરઓ સ્વપ્નિલ ધનરાજ નીલાએ જણાવ્યું હતું કે, 'આ અકસ્માત મુમ્બ્રા અને દિવા સ્ટેશનો વચ્ચે ડાઉન/ફાસ્ટ લાઈન પર થયો હતો. કસારાથી આવતી લોકલ ટ્રેન અને સીએસએમટી તરફ જતી બીજી ટ્રેનના



મુસાફરો ફૂટબોર્ડ પર મુસાફરી કરતી વખતે એકબીજા સાથે અથડાઈ ગયા હતા, જેના કારણે કેટલાક લોકો પડી ગયા હતા.'

જાન્યુઆરીમાં મહારાષ્ટ્રના જલગાંવમાં એક ટ્રેન અકસ્માત થયો હતો. લખનૌથી મુંબઈ જતી ૧૨૫૩૩ પુષ્પક એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને મહારાષ્ટ્રના જલગાંવમાં અકસ્માત નડ્યો. આ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા.

અહીં, અફવા ફેલાઈ ગઈ કે પચોરા સ્ટેશન નજીક માહેજી અને પરધાડે વચ્ચે પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગી છે. આ દરમિયાન એક મુસાફરે ચેઈન ખેંચી. ટ્રેન ઉભી રહી ગઈ અને ગભરાઈ ગયેલા મુસાફરો કૂદી પડ્યા. આ દરમિયાન, બીજા ટ્રેક પર આવતી કર્ણાટક એક્સપ્રેસે ઘણા મુસાફરોને કચડી નાખ્યા.

મધ્ય રેલ્વેના ભુસાવલ વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જ્યાં ઘટના બની ત્યાં એક તીવ્ર વળાંક આવ્યો હતો. આ કારણે, બીજા ટ્રેક પર બેઠેલા મુસાફરો ટ્રેનના આગમનનો ખ્યાલ ન કરી શક્યા. આ જ કારણ હતું કે આટલી મોટી સંખ્યામાં લોકો કર્ણાટક એક્સપ્રેસ દ્વારા કચડાઈ ગયા.

# દેશભરમાં કોરોનાના કેસમાં વધારો છેલ્લા ૧૦ દિવસમાં ૫૮નાં મોત

## અત્યાર સુધીમાં કુલ ૬૫નાં મોત અને એક્ટિવ કેસ ૬૧૦૦થી વધુ

નવી દિલ્હી, તા. ૯

દેશભરમાં કોરોનાથી મૃત્યુઆંક ઝડપથી વધી રહ્યો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધીમાં ૧૧ રાજ્યોમાં કોરોનાને કારણે ૬૫ દર્દીઓના મોત થયા છે. આમાંથી ૫૮ મૃત્યુ છેલ્લા ૧૦ દિવસમાં થયા છે. એક અઠવાડિયાથી સરેરાશ દરરોજ ૫-૬ લોકો મૃત્યુ પામી રહ્યા છે.

કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૬૧૩૩ પર પહોંચી ગઈ છે. કેરળમાં સૌથી વધુ ૧૯૫૦ કેસ છે. આ પછી, ગુજરાતમાં ૮૨૨, પશ્ચિમ બંગાળમાં ૬૯૩ અને દિલ્હીમાં ૬૮૬ એક્ટિવ કેસ છે. દરરોજ લગભગ ૪૦૦ નવા કેસ નોંધાઈ રહ્યા છે.આરોગ્ય વિભાગના સત્તાવાર સૂત્રના જણાવ્યા અનુસાર, કોરોનાના વધતા જતા કેસ વચ્ચે કેન્દ્ર સરકાર તૈયારી માટે મોક ડ્રીલ કરી રહી છે. તમામ રાજ્યોને ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓ માટે પૂરતી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે.

ગુજરાતઃ રાજ્ય સરકારે કહ્યું - અમે કોવિડ સામે લડવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. હોસ્પિટલોમાં બેડ, વેન્ટિલેટર અને ICU બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. અમે સતર્ક છીએ, અમે કોઈપણ પરિસ્થિતિને નિયંત્રિત કરી શકીએ છીએ. આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલે જણાવ્યું હતું કે હાલનો વેરિઅન્ટ ઓમિક્રોન

અનુસંધાન પાના ૭ પર

# ચારધામ યાત્રામાં પ્રતિદિન ૮૦ હજાર શ્રદ્ધાળુઓની ભીડ

### વરસાદ રોકાતા જ ચારધામ યાત્રામાં ભકતોની સંખ્યામાં વધારો

નવી દિલ્હી, તા. ૯

ચાર ધામ યાત્રામાં જુન આવતા જ શ્રધ્ધાળુઓની સંખ્યા વધવા લાગી છે.ચારેય ધામોમાં શ્રધ્ધાળુઓની ૬૦ હજારથી ૬૫ હજાર દરરોજ રહેતી સંખ્યા હવે ૮૦ હજારને પાર પહોંચવા લાગી છે.

ચોમાસુ શરૂ થતા પહેલા જ આ સંખ્યામાં દરરોજ વધારો થવાની સંભાવના છે. જૂન શરૂ થતા જ આ સંખ્યા ઝડપથી વધવા લાગી છે. હવે દરરોજ શ્રદ્ધાળુઓની સંખ્યા ૮૦,૦૨૨ સુધી પહોંચી રહી છે. આ વધતી સંખ્યાના કારણે ચારધામોમાં દર્શન કરનાર શ્રદ્ધાળુઓની કુલ સંખ્યા ૨૫ લાખની નજીક પહોંચવા જઈ રહી છે.ચારેય ધામોમાંથી દર્શનને રજીસ્ટ્રેશન કરાવનાર શ્રદ્ધાળુઓનો આંકડા પણ ૪૦ લાખને પાર થઈ ગયો છે. પર્યટન મંત્રી સતપાલ મહારાજે જણાવ્યું હતું કે ચારધામ યાત્રા આ વખતે અનેક કારણે શરૂઆતમાં હળવી રહી.

તેમાં મહાકુંભની સાથે ભારત-પાક.ના યુદ્ધની પણ અસર રહી હતી.ઉલ્લેખનીય છે કે ચમોલી જિલ્લામાં સ્થિત બાબા બદ્રીનાથ ધામ મંદિરમાં રવિવારે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી હતી.

# પત્નિ સોનમે સોપારી આપી પતિ રાજાની હત્યા કરાવી હતી

### ગાઝીપુરમાં સોનમનું આત્મ સમપર્ણ : ત્રણ હુમલાખોરોની ધરપકડ

નવી દિલ્હી, તા. ૯

ઈન્દોરના ટ્રાન્સપોર્ટ બિઝનેસમેન રાજા રઘુવંશી, જે પોતાના હનીમૂન માટે મેઘાલય ગયા હતા, તેમની પત્ની સોનમ દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેણે યુપીના ગાઝીપુરમાં આત્મસમર્પણ કર્યું છે. આ વાતનો ખુલાસો મેઘાલયના ડીજીપીએ કર્યો હતો. ડીજીપીએ કહ્યું કે પત્નીએ જ હત્યારાઓને સોપારી આપીને હત્યા કરાવડાવી હતી.

આ દરમિયાન મેઘાલયના સીએમ કોનરાડ સંગમાએ એક પોસ્ટમાં માહિતી આપી હતી કે આ ઘટનામાં સામેલ ત્રણ હુમલાખોરોની પણ ધરપકડ કરવામાં આવી છે. હુમલાખોરો મધ્યપ્રદેશના છે. હાલ અન્ય એક હુમલાખોરની શોધ ચાલુ છે.

અહીં, સોનમના પિતાએ એ માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે કે તેમની પુત્રી તેના પતિની હત્યા કરાવી શકે છે. તેઓ કહે છે કે મારી પુત્રી નિર્દોષ છે. મેઘાલય પોલીસે તેને ફસાવવા માટે ખોટી વાર્તા બનાવી છે.

મેઘાલય પોલીસે એક પ્રેસ રિલીઝ જાહેર કરીને જણાવ્યું હતું કે, મે ૨૦૨૫ માં પૂર્વ ખાસી હિલ્સમાં હનીમૂન મનાવી રહેલા યુગલના ગુમ થવાના સંદર્ભમાં ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી ૨ લોકો ઈન્દોરના અને એક લલિતપુરનો રહેવાસી છે.

રાજા રઘુવંશી મૃત હાલતમાં મળી આવ્યા હતા, જ્યારે તેમની પત્ની સોનમ રઘુવંશીએ હવે ઉત્તર પ્રદેશના નંદગંજ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું છે. તે યુપી પોલીસની કસ્ટડીમાં છે. આ ધરપકડો મેઘાલય પોલીસની SIT દ્વારા SDRF, NDRF અને આંતર-રાજ્ય એજન્સીઓના સહયોગથી હાથ ધરવામાં આવેલા બહુ-રાજ્ય

અનુસંધાન પાના ૭ પર

# ટેરીફ વોરમાં સુરક્ષા માટે સતત સોનુ ખરીદતું ચીન

### સતત સાતમાં મહિને ચીને જંગી પ્રમાણમાં ખરીદી ચાલુ રાખી

નવી દિલ્હી, તા. ૯

અમેરિકા સાથેના ટ્રેડવોરમાં આજથી એક તરફ લંડનમાં ચીન-અમેરિકાની વાતચીત શરૂ થઈ છે તે વચ્ચે ચીને જે રીતે સોનાની જાળ બીછાવાનુ શરૂ કર્યુ છે તે પણ રસપ્રદ છે.ચીનની મધ્યસ્થે ન્ક પીયુલ્સ બેન્ક ઓફ ચાઈનાએ મે માસમાં સતત ૭મા વર્ષે પણ સોનાની

ખરીદી કરી છે. વાસ્તવમાં ૧૮ માસ સુધી સોનાની ખરીદીમાં બ્રેક માર્યા બાદ અમેરિકામાં ટ્રમ્પ શાસન આવતા ડ્રેગને સોનાની ખરીદી ફરી શરૂ કરી હતી અને મે માસના આંકડા કહે છે કે ચીને સતત સાતમા મહીને એના ગોલ્ડ રીઝર્વનો ફરી વધારો કર્યો છે.

અમેરિકાએ ટ્રેડવોર શરૂ કરી અને ટ્રમ્પ છેક ૧૫૪% સુધી ટેરીફ ચીન સામે લઈ ગયા પછી પણ ચીન ઝુકયું ન હતું અને અંતે ટ્રમ્પે જ તે છેક ૩૬% સુધી નીચે લાવવા પડયા હતા અને હવે જયારે ફરી એક વખત વાટાઘાટો શરૂ થઈ છે તો મે ૨૦૨૫ના અંત સુધીમાં ચીનનું ગોલ્ડ રીઝર્વ ૭૩.૮૩ મિલિયન ફાઈન ટ્રોપ સુધી પહોંચી ગયું છે.

જે એપ્રિલમાં ૭૩.૭૭ મીલીયન હતું અને હવે આ બેન્ક

અનુસંધાન પાના ૭ પર

# લોસ એન્જિસલમાં હિંસાની હોળી ડયુટી મરીનમાં પણ હાઈ એલર્ટ

## તોફાનો વચ્ચે ટ્રમ્પે હવે ગેરકાનુની વસાહતીઓને પકડવાનો લક્ષ્યાંક વધાર્યો

નવી દિલ્હી, તા. ૯

અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમીગ્રેશન પોલીસી સામે ફાટી નીકળેલા તોફાનમાં હવે નેશનલ ગાર્ડની તૈનાતી છતાં પણ જે રીતે તોફાનો સતત વધી રહ્યા છે તેનાથી તે અમેરિકાના અન્ય રાજયોમાં પણ ફેલાઈ તેવી ધારણા છે. લોસએન્જિલીસ અને તેની આસપાસના વિસ્તારોમાં તોફાનીઓ રોડ પરના વાહનો સળગાવાનું અને સરકારી ઈમારતોને પણ નુકસાન પહોંચાડવાનું પણ શરૂ કરી દીધુ છે.

ઈમીગ્રેશન સામે એક તરફ ટ્રમ્પ તંત્રની કામગીરી યથાવત રહી છે અને આ રાજયના ગર્વનરે પણ ટ્રમ્પની નીતિ સામે વિરોધ દર્શાવતા આગામી દિવસોમાં અન્ય રાજયોમાં પણ આ તોફાનો ફેલાઈ તેવી ધારણા છે. ગઈકાલે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લોકોને વિરોધ કરવામાં હિંસાનો ઉપયોગ ન કરવા ચેતવણી આપી હતી.પરંતુ આજે નેશનલ ગાર્ડે અનેક મુખ્ય ફ્રી-વે બંધ કરી દીધા છે અને તોફાની શહેરની અંદરના માર્ગો પર આવીને રોડ પર પડેલી કાર અને અન્ય વાહનો સળગાવવાનું શરૂ કર્યુ હતું જેના કારણે સ્થાનિક પોલીસે ટીયરગેસ, રબ્બર બુલેટ અને ફલેશ બેંગનો ઉપયોગ શરૂ કર્યો છે.

આ વિસ્તારમાં રોજના ૨૦૦૦થી ગેરકાનુની રીતે રહેતા ઈમીગ્રેશનની ધરપકડ કરવામાં આવી રહી છે પરંતુ ટ્રમ્પે તે લક્ષ્યાંક વધારીને ૩૦૦૦નો કરવા આદેશ આપ્યો હતો. અહી મુખ્યત્વે મેકસીકન લોકો ગેરકાનુની રીતે વસે છે અને અનેક ક્રિમીનલ ગેંગ સક્રિય છે.ટ્રમ્પે આ તોફાન વચ્ચે પણ નેશનલ ગાર્ડની કામગીરીને વખાણી હતી અને સ્થિતિ પર નિયંત્રણ માટે ડયુટી મરીનને પણ હાઈએલર્ટ રાખવામાં આવ્યું છે અને એફબીઆઈના વડા કાશ પટેલે ચેતવણી આપી છે કે પોલીસ પર હુમલો કરવામાં આવશે તો તેને સીધુ જેલમાં ધકેલી દેવામાં આવશે.૨૦૦૦ જેટલા નેશનલ ગાર્ડને પણ સતત તૈનાત રાખવામાં આવ્યા છે. પોલીસ પર પેટ્રોલ બોમ્બ ફેંકાયા બાદ ટ્રમ્પે નેશનલ ગાર્ડ તૈનાત કરવા આદેશ આપ્યો હતો.

# બાંકે બિહારી મંદિર કોરીડોર સામે પુજારી પરિવારનો ઉગ્ર વિરોધ

### પ્રોજેકટથી વૃંદાવનની સદીઓ જુની કુંજ ગલીઓ નષ્ટ થઈ જશે : ગોસ્વામી

નવી દિલ્હી, તા. ૯

વૃંદાવનના પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિર કોરિડોર પ્રોજેક્ટને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સરકારની યોજના ભક્તોની સુવિધા માટે ૫ એકર જમીન પર કોરિડોર બનાવવાની છે, પરંતુ મંદિરના પૂજારી ગોસ્વામી સમાજ તેનો ઉગ્ર વિરોધ કરી રહ્યો છે.

બાંકે બિહારી મંદિરમાં દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આ જ સંખ્યા તહેવારો કે રજાઓમાં લાખો સુધી પહોંચી જાય છે. મંદિર સુધી પહોંચવાના સાંકડા રસ્તાઓ અને અતિશય ભીડને કારણે વ્યવસ્થા બગડી જાય છે. આથી સરકાર આ સમસ્યાનો ઉકેલ લાવવા અને શ્રદ્ધાળુઓને રાહત આપવા માટે કોરિડોર બનાવવા માંગે છે.

ગોસ્વામી સમાજ આ કોરિડોરનો સખત વિરોધ કરી રહ્યો છે અને જો આ પ્રોજેક્ટ આગળ વધશે તો તેઓ ઠાકુરજીને લઈને પલાયન કરવાની ધમકી આપી રહ્યા છે.

ગોસ્વામી સમાજનું કહેવું છે કે, મંદિર અમારી ખાનગી સંપત્તિ છે

અનુસંધાન પાના ૭ પર

# રાહત સામગ્રી ભરેલા ગ્રેટા થનબર્ગના જહાજને જપ્ત કરતું ઈઝરાયેલી સૈન્ય

### ઈઝરાયેલી નૌકાદળે જહાજને અશદોદ પોર્ટ પર લઈ જવાયું

નવી દિલ્હી, તા. ૯

તેલઅવીવ, તા. ૯

ગાઝા તરફ આગળ વધી રહેલી પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગના જહાજને રસ્તાની વચ્ચોવચ રોકી દેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, ઈઝરાયલના નૌકાદળે જહાજને રસ્તા વચ્ચે રોકી ગ્રેટા થનબર્ગને ઈઝરાયલ લઈ ગયા છે.

જહાજમાં થનબર્ગ સહિત ૧૨ લોકો સવાર હતા. મેડલીન નામના આ જહાજથી ગાઝામાં માનવીય સહાય પહોંચાડવામાં આવી રહી હતી, જેનું સંચાલન ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન કરી રહ્યું હતું.

મળતી માહિતી મુજબ, મેડલીનના સંચાલકોએ ટેલિગ્રામ દ્વારા જણાવ્યું હતું કે, IDF (ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ) સવારે આશરે ૩ વાગ્યે જહાજ પર પહોંચી ગઈ હતી. અહી હાજર તમામ લોકોએ કથિત રૂપે ધરપકડ કરી લેવામાં આવી છે અને ઈઝરાયલી નૌકાદળે જહાજને અશદોદ પોર્ટ લઈ જઈ રહ્યા છે.

આ પહેલાં IDF એ અનુમાન લગાવ્યું હતું કે, જહાજ ઈઝરાયલી વિસ્તારમાં આશરે એક કલાક પહેલાં પહોંચી જશે. ઈઝરાયલની નૌકાદળે કથિત રૂપે મેડલીન સાથે સંપર્ક પણ સાધ્યો હતો અને પોતાનો રસ્તો બદલવાનો નિર્દેશ કર્યો હતો. ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ અને અન્ય કાર્યકર્તાઓને

અનુસંધાન પાના ૭ પર

# રાફેલને બદનામ કરવા પાક. અને ચીનનું કાવતરું : ફ્રાન્સનો આરોપ

### ઓપરેશન સિંદૂર મુદ્દે પાકિસ્તાન અને ચીન સોશ્યલ મીડિયામાં બોગસ ન્યુઝ ફેલાવાયા

નવી દિલ્હી, તા. ૯

લડાયક વિમાન રાફેલને બદનામ કરવાનું કાવતરૂ ચાલી રહ્યું છે અને ચીન અને પાકિસ્તાન આ બોગસ ન્યુઝ ફેલાવી રહ્યા છે તેમ ફ્રાંસીસી સૂત્રોએ જણાવ્યું છે. સૂત્રોએ જણાવ્યું છે કે આવી ખોટી ખબર અને વીડિયો સોશિયલ મીડિયામાં ફેલાવીને રાફેલ ફાઈટર જેટની છબી ખરાબ કરવામાં આવી રહી છે.

સૂત્રો મુજબ જયારથી ભારતે પાકિસ્તાનમાં આતંકી ઠેકાણા પર હુમલા કરવા માટે રાફેલ વિમાનોનો ઉપયોગ કર્યો, ત્યારથી આ અફવા ફેલાવવામાં આવી રહી છે કે આ ફાઈટર જેટ આશા મુજબ કામ નતી કરી રહ્યા.

ફ્રાંસીસી સૂત્રોનું કહેવું છે કે, પાકિસ્તાનથી ખોટી જાણકારી ફેલાવવામાં આવી રહી છે. તેને ચીનના સોશિયલ મીડિયા પર ખૂબ શેર કરવામાં આવી રહી છે. જેમાં ટિકટોક વીડિયો સોશિયલ મીડિયા

અનુસંધાન પાના ૭ પર

# ઓપરેશન સિંદુર વખતે પાક. ગુરુદ્વારા પર હુમલો કર્યો હતો

### આઈએસઆઈના એજન્ટના વિડીયોમાં ખુલાસો

નવી દિલ્હી, તા. ૯

પાકિસ્તાન માટે જાસૂસીના આરોપમાં પકડાયેલા જ્યોતિ મલ્હોત્રા સાથે પોડકાસ્ટ કરનાર પાકિસ્તાનના ISI એજન્ટ નાસિર ઢિલ્લોનનો એક નવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં તે કબૂલાત કરી રહ્યો છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતમાં બેઠેલા સૂત્રોએ તેને ઘણી મહત્વપૂર્ણ માહિતી મોકલી હતી.

નાસિરે કહ્યું કે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં ગુરુદ્વારાને નિશાન બનાવ્યું હતું. મેં ત્યાં મારા યુટ્યુબર મિત્ર પાસેથી આ વાતની પુષ્ટિ કરી. મેં ગુરુદ્વારાના એક વ્યક્તિ સાથે પણ વાત કરી. જો કે, નાસિરે તેના વીડિયોમાં તે લોકોનું નામ લીધું નથી. તેણે ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીનો ફોટો બતાવીને લોકોને ઉશ્કેરવાનો પણ પ્રયાસ કર્યો.

ઓપરેશન સિંદૂર (૭-૮ મેની રાત્રે)ના ૩ દિવસ પછી, ૧૦ મે, ૨૦૨૫ના રોજ, નાસિરે આ વીડિયો પોતાની યુટ્યુબ ચેનલ પર અપલોડ કર્યો હતો.

જ્યાં એર સ્ટ્રાઈક કરી, ત્યાં કોઈ આતંકવાદી ઠેકાણું નથીઃ નાસિર ઢિલ્લોને કહ્યું કે ભારતે જ્યાં એર સ્ટ્રાઈક કરવાની વાત કરી છે ત્યાં કોઈ આતંકવાદી ઠેકાણું નથી. ભારતીય હુમલામાં નાના

અનુસંધાન પાના ૭ પર



# ભાજપના વિકાસમાં સૌરાષ્ટ્રના મતદારોનો ખૂબ મોટો ફાળો છે : કેન્દ્રીય મંત્રી પાટીલ

## સુરત ખાતે ભેંસાણ-વિસાવદર અને જૂનાગઢ ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૯

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ સુરત ખાતે કેન્દ્રિય જળ શક્તિમંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં ભેંસાણ-વિસાવદર અને જૂનાગઢ ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિસાવદર અને ભેંસાણ મતવિસ્તારના ઉમેદવારશ્રી કિરિટભાઇ પટેલ પ્રાંસગીક સંબોધન કર્યુ હતું. શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાતમાં ૨૦૨૨માં ભાજપે ૧૫૬ બેઠક જીતી છે તે ગુજરાતના મતદારો ના સાથ-સહકાર વગર શક્ય ન હતું . આજે વિધાનસભામાં ભાજપની ૧૬૧ બેઠકો છે તેને ૧૬૩ કરવા આપનો સાથ સહકાર માંગવા આવ્યો છું. બે મહિનાથી એક ઉમેદવાર ભાજપ માટે અપ્રચાર કરી રહ્યા છે. તેમના એક નેતા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દિલ્હીથી આવ્યા હતા ત્યારે કહેતા હતા કે લખી લો અમારી સરકાર બનવાની છે પરંતુ ૧૩૬ બેઠક પર ડિપોઝીટ જપ્ત થઇ ગઇ તેવા નેતા ગુજરાતમાં ફરી પેટા ચૂંટણી માટે આવ્યા છે. લોકસભા ચૂંટણીમાં પણ ગુજરાતમાં તેમનુ ખાતુ ખુલ્યુ નથી. દિલ્હીની સરકાર જે ચલાવતા હતા તેમને દિલ્હીની જનતાએ ઓળખીને તેમને પણ ચૂંટણીમા હરાવી દીધા આવા નેતા તમને ચેલેન્જ કરે છે કે વિસાવદર જીતીને બતાવો. શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, હું વિશ્વાસ સાથે કહું છું કે ગુજરાતમાં ભાજપનો જે વિકાસ થયો જે રીતે પાર્ટી આગળ વધી તેમા સૌરાષ્ટ્રમા રહેતા મતદારોનો ખૂબ મોટો ફાળો છે. ગુજરાતમાં ભાજપ ૩૦ વર્ષથી એક ધારુ સાશન કરે છે તેનો જશ ગુજરાતના મતદારોને જાય છે તે માટે આપનો આભાર અને અભિનંદન પાઠવું છું. વિસાવદર બેઠકના મતદારો પેટા ચૂંટણીમાં કમળ ખિલવશે તેવો વિશ્વાસ છે. પેટા ચૂંટણીમાં કેટલાય લોકો લોભ,લાલચ, ધમકીઓ આપશે અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરશ પણ વિસાવદરમાં ઘણા વિકસીત કામ કરવાના છે એટલે ભાજપના ઉમેદવાર કિરિટ પટેલને જંગી મત સાથે વિજય અપાવવા વિનંતી. શ્રી કિરિટભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન આગામી ૧૯ તારીખે થવાનું છે ત્યારે વિસાવદર-

અનુસંધાન પાના ૭ પર

# સાંજે મહા નગર પાલિકા કર્મીઓના મહામંડળ દ્વારા વિરોધ પ્રદર્શન

## વિવિધ પ્રશ્નો અંગે કમિશનરને રજૂઆત કરાશે

સુરત, તા.૯

સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રીમતી નિધિ શિવાચ સાથે મળેલી મિટિંગમાં યુનિયન અને કામદાર વિરોધી જે વાતો કહી હતી તેમજ ગુજરાતમાં રહેતા ગુજરાતીઓ વિશે જે ટીકા અને ટિપ્પણી કરેલ હતી, તેનો વિરોધ કરવા માટે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા તારીખ ૯મી જુનને સોમવારે સાંજે પાંચ કલાકે સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરીના કમ્પાઉન્ડમાં તમામ યુનિયન દ્વારા તમામ કર્મચારીઓ અને કામદાર ભાઈ બહેનો એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કરશે.તેમજ મેયરશ્રી,અધ્યક્ષ શ્રી સ્થાયી સમિતિ અને મ્યુનિસિપલ કમિશનર શ્રીને આ બાબતે રજૂઆત કરશે.જેથી મહામંડળ દ્વારા તમામ કર્મચારીઓ અને કામદાર ભાઈ બહેનોને મોટી સંખ્યામાં સાંજે ૪:૩૦ કલાકે મુગલીસરા મુખ્ય કચેરી ખાતે હાજર રહેવા માટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભગવાન મહાવીર કોલેજ તથા અનાવિલ સમાજનું ગૌરવ

સુરત, તા.૯

ભગવાનમહાવીર યુનિવર્સિટી સંલગ્ન ભગવાનમહાવીર કૉલેજ ઓફ એજયુકેશન (એમ. એડ.) વેસુ મા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ મા એમ.એડ. સેમેસ્ટર-૪ની લેવાયેલી યુનિવર્સિટી પરીક્ષા મા કામરેજ તાલુકા ના લાડવી ગામ ના રામકબીર હાઈસ્કુલ કામરેજ ચાર રસ્તા ના આચાર્યશ્રી ના સુપુત્ર દેસાઈ જોબન શૈલેષભાઈ ૯.૫૮ CGPA સાથે સમગ્ર યુનિવર્સિટી મા ઉચ્ચ ક્રમ પ્રાપ્ત કરતા ગોલ્ડમેડલ ના હકદાર બની કોલેજ તેમજ અનાવિલ સમાજ નુ ગૌરવ વધારવા બદલ બી.એડ. અને એમ. એડ. કોલેજ ના પ્રિન્સીપાલ અને એજયુકેશન ફેકલ્ટી ના ડીન



ડૉ.દિલિપભાઈ પટેલ સાહેબશ્રી તથા કોલેજ ના અધ્યાપકશ્રીઓએ ખુબ ખુબ અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી હતી. હાલ જોબન દેસાઈ ખોલવડ કોલેજ માં લેકચરર તેમજ રામકબીર શાળા માં સેવા બજાવી રહ્યા છે.



# ડોલવણમાં પીઢ સહકારી અગ્રણી માનસિંહ પટેલનું ભવ્ય સન્માન

## સુમુલ ડેરીના વિસ્તરણ પામેલા આઈસ્ક્રીમ અને નવા કોન મેકિંગ પ્લાન્ટના મીઠા ફળો હવે સભાસદને મળી રહ્યા છે : સંદીપ દેસાઈ

સુરત, તા.૯

ગતરોજ ડોલવણ ખાતે ટીચર્સ સોસાયટીના મકાનમાં વ્યારા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકણીના અધ્યક્ષ સ્થાને ડોલવણ તાલુકાની તમામ દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ અને અન્ય તમામ સહકારી મંડળીઓ દ્વારા સુમુલ ડેરીના ચેરમેન શ્રી માનસિંહ પટેલનું તેમના સુરત અને તાપી જીલ્લામાં સહકારી ક્ષેત્રના ૪૦ વર્ષોના યોગદાનને યાદ કરીને તેમને ગૌરવપૂર્ણ સન્માનિત કરવામાં આવ્યા હતા. ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકણીએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સભાસદોનું સ્વાગત કર્યું હતું અને આવકાર્યા હતા અને સુમુલ ડેરી હાલ ડોલવણ તાલુકાના પશુપાલકોને વાર્ષિક રૂ .૧૫૧ કરોડની ઘર આંગણે મોટી રોજગારીપૂરી પાડી રહી છે જેમાં ડોલવણ તાલુકામાં સરકારશ્રીની પશુપાલકોને મળતી સહાયની રકમ પણ ઘણી મોટી છે.ચોર્યાસીના ધારાસભ્ય અને સુમુલના ડીરેક્ટર સંદીપભાઈએ જણાવ્યું હતું કે સુમુલ ડેરી આદિવાસી વિસ્તારના સભાસદોની જીવાદોરી છે.સુમુલ ડેરી દ્વારા નવી પારડી મુકામે કેન્દ્ર સરકારની પ્રોડકટીવ લિંક ઇનસેન્ટિવ સ્કીમમાં ૧૨૫ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ આઈસ્ક્રીમ અને ગુજરાતનો પ્રથમ કોન મેકિંગ પ્લાન્ટમાં સુમુલ દ્વારા દરરોજ ૮૦,૦૦૦ લીટર આઈસ્ક્રીમ દરરોજ ૨ લાખ કોનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.જેનો લાભ સુમુલ ડેરીના ૨.૫૦ લાખ સભાસદો મેળવી રહ્યા છે. આ પ્રસંગે સૂડીકો બેન્કના ચેરમેન બળવંતભાઈ પટેલ, સુમુલના ડીરેક્ટર શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી જયેશભાઈ પટેલ,ડોલવણ તાલુકાના સહકારી આગેવાનો,દૂધ, સેવા સહકારી અને અન્ય તમામ સહકારી મંડળીના હોદ્દેદારોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# એન.ટી.પી.સી કવાસ ખાતે જીઈએમ ૨૦૨૫નું સફળ સમાપન

## ગર્લ એમ્પાવરમેન્ટ કમ્પેઇનથી દીકરીઓને નવી દિશા



સુરત, તા.૯

NTPC કાવાસ ખાતે NTPCના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફ્લેગશિપ પ્રોગ્રામ, ગર્લ એમ્પાવરમેન્ટ કેમ્પેઇન (GEM) ૨૦૨૫ નો સફળ સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમની અધ્યક્ષતા પ્રોજેક્ટ હેડ શ્રી સુરેશ જોન ડેવિડ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે સખી મહિલા સમિતિ (મુખ્ય મથક, પશ્ચિમ ક્ષેત્ર-૧) ના પ્રમુખ શ્રીમતી અનુ સોની અને સ્વાતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શનિજા એમ. જ્યોર્જ ખાસ મહેમાનો તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે, ભાગ લેતી વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને નાટકો દ્વારા GEM કાર્યક્રમના તેમના અનુભવો શેર કર્યા. હકીકતમાં, એક મહિનાના સંપૂર્ણ રહેણાંક કાર્યક્રમ એટલે કે GEM ૨૦૨૫ નો ઉદ્દેશ્ય વિદ્યાર્થિનીઓને યોગ, રમતગમત, નૃત્ય, કલા, લેખન, શૈક્ષણિક માહિતી, આરોગ્ય અને સ્વચ્છતા જેવા મૂળભૂત વિષયોથી વાકેફ કરવાનો, પ્રાયોગિક વિષયોને વધુ મહત્વ આપવાનો અને દેશના વિકાસમાં ભાગ લેવા માટે સશક્ત બનાવવાનો છે. GEM ૨૦૨૫ ના સમાપન સમારોહમાં, પ્રોજેક્ટ હેડ શ્રી સુરેશ જોન ડેવિડે તેને NTPC ની પ્રભાવશાળી CSR પહેલ ગણાવી અને કહ્યું કે આ કાર્યક્રમ શિક્ષણ, જીવન કૌશલ્ય અને વ્યવહારુ અનુભવ દ્વારા આસપાસના ગામડાઓની છોકરીઓને સશક્ત બનાવવાનો અર્થપૂર્ણ પ્રયાસ છે. તેમણે કહ્યું કે GEM માત્ર શિક્ષણનું માધ્યમ નથી, પરંતુ આત્મવિશ્વાસ, પ્રેરણા અને સભાન નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવાની યાત્રા છે. આને ધ્યાનમાં રાખીને, દૈનિક તાલીમ ઉપરાંત, પ્રોજેક્ટ પ્રભાવિત ગામો જૂનાગાંવ, રાજગીરી, મોરા, ભટલાઈ, દામકા, વાંસવા અને કાવાસની ભાગ લેતી વિદ્યાર્થિનીઓને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, પક્ષી અભયારણ્ય, પોસ્ટ ઓફિસ, બેંક અને NTPC પ્લાન્ટનો શૈક્ષણિક પ્રવાસ પણ કરાવવામાં આવ્યો હતો.



# પુણ્ય શ્લોક અહિલ્યા બાઈ હૌલકરની જીવન ગાથાની રજૂઆત

## ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર દ્વારા નાટિકાનું આયોજન

સુરત, તા.૯

પુણ્ય શ્લોક અહિલ્યાબાઈ હોલકરજી ની ૩૦૦ વર્ષ ની ઉજવણીના ઉપલક્ષમાં તેમની જીવનગાથા રૂપી નાટીકાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેમના દ્વારા જે સામાજિક સુધારાઓ કર્યા હતા જેમકે તીર્થધામોના જીર્ણોદ્ધાર કરી ધાર્મિક પર્યટન નો વિકાસ કર્યો , અનેક મુશ્કેલીઓ વેઠવા છતાં ન્યાયપ્રિય અને સિદ્ધાંતપ્રિય રાજમાતાથી લોકમાતા સુધીની સફર તેમણે તય કરી હતી આજથી લગભગ ૩૦૦ વર્ષ પહેલા સામાજિક કુરીતિઓ અને કુપ્રથા સામે તેમણે જે અદ્વિતીય લડત કરી અને તેમાં સુધારાઓ કર્યા તેનું ખૂબ જ સુંદર નિરૂપણ નાટિકા રૂપે " પંત નાટક પંચ તથા સહજ કલાત્મક ફાઉન્ડેશન " મુંબઈ દ્વારા કરવામાં આવ્યું હતું.ઉપરોક્ત પ્રસંગે "પુણ્ય શ્લોક અહિલ્યા બાઈ હોલકરજી ની જીવનગાથા" કાર્યક્રમના રાષ્ટ્રીય સંયોજિકા શ્રીમતી ભારતીબેન પવાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં પુણ્ય શ્લોક અહિલ્યાબાઈ હોલકરજી ને યાદ કરતા વિરાસતથી વિકાસના [illegible] કહ્યા હતા અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જી પણ તેમનું અનુકરણ કરતાં ''વિરાસત થી વિકાસ'' ના મંત્ર ને અનુરૂપ કાર્ય કરી રહ્યા છે શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલે પ્રારંભિક ઉદબોધન કર્યું હતું અને તેમણે આ નાટિકામાં સહભાગી થવા બદલ સુરત શહેરના નાગરિકો તથા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો આભાર માન્યો હતોસુરત શહેર ભારતીય જનતા પાર્ટી મહામંત્રી તથા આ કાર્યક્રમ ના સંયોજક શ્રી કિશોરભાઈ બિંદલ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.ઉપરોક્ત કાર્યક્રમમાં મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી ,મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ , ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી , દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાળા , સુરત શહેર મહિલા મોરચાના પ્રમુખ તથા સહ સંયોજક શ્રીમતી શીલાબેન તારપરા આ ૩૦૦ વર્ષ ની ઉજવણી ના ટીમ સદસ્ય શ્રી શૈલેશ શુક્લ શ્રી ભીખુભાઈ પટેલ,સંજય ભાઈ,નગરસેવકશ્રીઓ તથા સુરત શહેર ભારતીય જનતા પાર્ટીના આગેવાનશ્રીઓ અને સુરત શહેરના નગરજનો હાજર રહ્યા હતા .



# અટક પારડી મેલડી માતા મંદિરનો ૨૦મો ભવ્ય પાટોત્સવ ઉજવાયો

## ભજન, ભોજન, સત્સંગનો ત્રિવેણી સંગમ રચાયો

પારડી, તા.૯

અટક પારડી પ્રસિદ્ધ મેલડી માતા મંદિરે આજે ૨૦ મો પાટોત્સવ ધામધૂમ થી ઉજવાયો હતો. પ્રતિ વર્ષ અનુસાર મંદિર ના અધિષ્ઠાતા ભીમજી ભગત અને વિજ્યા બા દ્વારા ધર્મ ધજા નુ પૂજન કરવામાં આવ્યું હતુ.હજારો ની સંખ્યા મા ભાવિક ભક્તો એ માતાજી ના દર્શન કરી ને મહાપ્રસાદ નો લાભલીધો હતો. નવચંડી યજ્ઞ ના આચાર્ય કથાકાર શ્રી ભાસ્કરભાઈ દવે દ્વારા માતાજી નો સત્સંગ કરવામાં આવ્યો હતો. ભૂદેવો કિશન દવે, કેવલ દવે, બટુકભાઈ જાની દ્વારા નવચંડી ના પાઠ કરવામાં આવ્યા હતા. શ્રીફળ હોમી નવચંડી યજ્ઞ ની પુર્ણાહુતી કરવામાં આવી હતી.યજ્ઞ બાદ ભાવિક ભક્તો દ્વારા ભજન અને કીર્તન કરવામાં આવ્યું હતુ. આમ ભજન, ભોજન અને સત્સંગ નો ત્રિવેણી સંગમ અટક પારડી મા યોજાયો હતો. મોટી સંખ્યા મા ભાવિક ભક્તો માતાજી ના દર્શન કરી ધન્ય બન્યા હતા. માઁ સૌ નુ કલ્યાણ કરે અને કામનાઓ ને પૂર્ણ કરે એવી પ્રાર્થના કરવામાં આવી હતી.



# કોંગ્રેસે આંદોલન કરતા રેલ્વેના એઓએમ ઉત્રાણ દોડી આવ્યા

## ઉત્રાણ સ્ટેશન પર એક્સપ્રેસ ટ્રેનો થોભાવવા આશ્વાસન અપાયું

સુરત, તા.૯

પૂર્વ સદસ્ય ઝેડ આર યુ સી સી મેમ્બર વેસ્ટર્ન રેલવે કલ્પેશ બારોટ અને ધનસુખ રાજપૂત પ્રમુખ સુરત શહેર કોંગ્રેસ સમિતિ એ ઉત્રાણ રેલવે સ્ટેશન ઉપર એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ નવી ટ્રેનોની માંગણી સંદર્ભે વારંવાર વેસ્ટર્ન રેલવેના જી એમ, ડી આર એમ બરોડા, તેમજ મેઈલ થકી રેલમંત્રી ભારત સરકાર ને જાણ કરવા છતાં રજુઆત સંદર્ભે કોઈ ધ્યાન ન આપતાં કલ્પેશ બારોટ દ્વારા તા. ૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ઉત્રાણ રેલવે સ્ટેશન ખાતે સ્થાનિક જનતા અને કોંગ્રેસ ના આગેવાનો સાથે રેલ રોકો આંદોલન ની ચીમકી ઉચ્ચારેલ હતી. જે બાબત ની ગંભીરતા પૂર્વક નોંધ લઈ આજ રોજ તાત્કાલિક અસરથી વેસ્ટર્ન રેલવે દ્વારા બરોડા ડિવિઝન નાં એ.ઓ.એમ (આસિસ્ટન્ટ ઓપરેટિવ મેનેજર) ને ઉત્રાણ રેલવે સ્ટેશન ખાતે મોકલ્યા હતા અને ખૂબ જ શાંતિ પૂર્વક કોંગ્રેસના આગેવાનો ની રજૂઆત સાંભળી તેઓએ લોકો સમક્ષ આશ્વાસન આપી જણાવ્યું હતું કે આપની માંગણી ખૂબ જ યોગ્ય અને વ્યાજબી છે અને રેલવે પ્રશાસન દ્વારા બને એટલું વહેલું અહીંની સ્થાનિક જનતાને ટ્રેનો નો લાભ મળે એવી વ્યવસ્થા કરવામાં આવશે ઉપરોક્ત કાર્યક્રમ માં ઉપરોક્ત વિસ્તારની ખૂબ જ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા

# શિવનું વિહાર સ્થળ સ્મશાન છે : શ્રી શરદ વ્યાસ

## વિરાવળ સ્મશાન ભૂમિમાં મહાદેવ મંદિર-તર્પણ હોલનું લોકાપર્ણ

નવસારી, તા.૯

''શિવનું વિહાર સ્થળ સ્મશાન છે. સ્મશાનની રાખમાં કુબેરનો ખજાનો છે સ્મશાન પવિત્ર જગા છે અહીં મૃત્યુ અને જીવંત વ્યક્તિ બન્ને આવે છે પરંતુ બીજાના ભલા માટે આયખુ ખચી નાંખ્યુ હોય તે શાંતિથી આવી શકે છે આર્શીવાદ એજ છે કે અહીં યુવાનની લાશ ન આવે બહેન દિકરીનું સિંદુર ન લૂંટાય સનાતનની રક્ષા સિંદૂર થી કરી શકાશે.'' આ શબ્દો સંતશ્રી શરદભાઈ વ્યાસ ધરમપૂરે શ્રી નવસારી સ્મશાન ભૂમિ ટ્રસ્ટ પરિવારના ઉપક્રમે મુક્તિનાથ મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવે પૂર્ણાંજલિ તર્પણ હોલના લોકાપર્ણ અને દાતા અભિવાદન સમારોહમાં જણાવ્યા હતા.સાથે સંદેશ છે કે વૃક્ષોનું જતન કરીએ. કારણ વગર વૃક્ષ છેદન-કટાઈ મહાપાપ છે. મુખ્ય મહેમાન પદેથી



ધારાસભ્ય શ્રી રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે પૂર્ણા નદીને કિનારે વૈરાગ્યની ભૂમિ-સ્મશાન ની પડખે મહાદેવ મંદિરનું નિર્માણ થયું-આથી સ્મશાન ધામ વધુ ભકિત

અનુસંધાન પાના ૭ પર

# ભગવાન મહાવીર યુનિ.માં મેગાજોબ ફેર યોજાયો

## ૩૫૦ રોજગાર વાચ્છુંઓની પસંદગી કરવામાં આવી

સુરત, તા.૯

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી અને ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરતના સંયુક્ત ઉપક્રમે મેગા જોબ ફેર–૨૦૨૫ ભગવાન મહાવીર યુનિવર્સિટીના સેમિનાર હોલ ખાતે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને કંપનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિભિન્ન ક્ષેત્રો જેવી કે, માહિતી ટેકનોલોજી, ઈજનેરિંગ, ઓટોમોબાઈલ, ફાર્મસી, નાણાકીય સેવા, વેચાણ અને માર્કેટિંગ, શિક્ષણ, મેન્યુફેક્ચરિંગ અને ટેક્સટાઈલમાંથી ૧૦૦થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો. આ મેળાનું ઉદ્ઘાટન પદ્મશ્રી શ્રી સાવજીભાઈ ધોળકિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને આત્મશિસ્ત અને કઠિન મહેનતથી સફળતા મેળવવાની પ્રેરણા આપી હતી. શ્રી કલ્પેશ ધાધુક તથા શ્રીમતી પારુલબેન પટેલ મહેમાન વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા. શ્રી ધાધુકે ભ્રષ્ટાચાર વિરોધી જાગૃતિ વિષયક માહિતી આપી, જ્યારે શ્રીમતી પારૂલબેન પટેલે વિદ્યાર્થીઓને

અનુસંધાન પાના ૭ પર

# હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

સુરત, તા.૯

૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસના ઉપલક્ષમાં હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટર દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત હિમોફિલિયા કેર સેન્ટર ખાતે નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકશ્રી ડૉ. ધારીત્રી પરમારના વડપણ હેઠળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ડોક્ટરો, નર્સ અને વિવિધ વિભાગના કર્મચારીઓ સાથે હિમોફિલિયા દર્દીઓના વાલીઓ દ્વારા ૫૫ થી વધુ રક્ત યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી એક અઠવાડિયા સુધી થશે. જેમાં રક્તદાતાઓ સુરત નવી હોસ્પિટલની બ્લડ બેન્ક ખાતે રક્તદાન કરી વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરશે. દર વર્ષની માફક આ વર્ષે પણ અભ્યાસ કરતા હિમોફિલિયાના ૨૦૦ થી વધુ દર્દીઓને સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડોક્ટર વિજય શાહ, ડોક્ટર કેતન નાયક આરએમઓ, શ્રીમતી નીનાબેન દેસાઈ, શ્રીમતી છાયલ કાપડિયા પી સી શાહ ફાઉન્ડેશન ટ્રસ્ટ લના રિપ્રેસન્ટેટિવ ઉપસ્થિત રહી દર્દીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત દ્વારા યોજાયો મિશન જર્મની કાર્યક્રમ

## જર્મન જવા ઈચ્છતા લોકોને માર્ગદર્શન અપાયું

સુરત, તા.૯


ગુજરાતના બ્રાહ્મણ યુવાનો હવે વિદેશમાં પોતાની કારકિર્દી બનાવી શકે એવી નવી શરૂઆતનું બીજ પાંગરાયું છે. સુરતમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, સુરત અને બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'મિશન જર્મની ૧૧૧' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ અને વિદેશ નોકરી કરવા જવા ઈચ્છતા હોય પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે જઈ ન શકતા હોય તેવા બ્રાહ્મણ યુવાનોને વિદેશ – ખાસ કરીને જર્મની માં જોબ સીકર વિઝા દ્વારા લઈ જવા માટેનો માર્ગદર્શનનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો.આ વિશિષ્ટ કાર્યક્રમમાં સુરત અને આજુ બાજુ ના વિસ્તારના મોટી સંખ્યામાં – આશરે ૩૦૦થી વધુ બ્રાહ્મણ યુવાનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રદેશ પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠાકર, દક્ષિણ ગુજરાત ના પ્રભારી શ્રી ધનંજયભાઈ ભટ્ટ સાથે બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અમિતભાઈ જોષી સુરત આવ્યા હતા. તેમણે હાજર યુવાનોને જર્મનીમાં જોબ સીકર વિઝા, રહેઠાણ અને રોજગારીની તકો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરતના પ્રમુખ જયદીપભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આપણા બ્રાહ્મણો પણ વિદેશમાં નોકરી કરવા અને કારકિર્દી બનાવવા જવા ઈચ્છતા હોય પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે જઈ ન શકતા હોય તેવા બ્રાહ્મણો માટે જર્મની જવા માટેનો મિશન જર્મની ૧૧૧ કાર્યક્રમ યોજાયો હતો.સુરતમાં બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટની સાથે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત

અનુસંધાન પાના ૭ પર

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ અને વિરાસતના પથ પર ભારતની આગેકૂચ

# પીએમ મોદીના ૧૧ વર્ષઃ ગુજરાતે કરી પ્રગતિ બેમિસાલ

**૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતના લોકોએ નવી આશાઓ અને અપેક્ષાઓ સાથે શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભાજપને પ્રચંડ બહુમત સાથે સત્તાનું સુકાન સોંપ્યું હતું. ૨૬ મે, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદની શપથ લીધા પછી શ્રી નરેન્દ્ર મોદીજીએ સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરી અને અમલમાં મૂકી. આજે સરકારની તમામ પ્રમુખ યોજનાઓ ગરીબોના જીવનમાં બદલાવ લાવી છે અને તેમના નેતૃત્વમાં ભારત આર્થિક અને સામાજિક વિકાસના ક્ષેત્રોમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળના ૧૧ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. મોદી સરકારના આ સફળ ૧૧ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે.**



ગુજરાત ભારતના ગ્રોથ એન્જિન તરીકે ઉદ્યોગ-વેપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં વિકાસની લાંબી છલાંગ લગાવી રહ્યું છે. ગુજરાત પોતાના સપૂત અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલા 'વિકસિત ભારત @૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે તત્પર છે. મને યાદ છે કે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે 'દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' નો મંત્ર આપ્યો હતો. પરિણામે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની જવાબદારી ખૂબ વધી જાય છે.

ગરીબ કલ્યાણ માટે સમર્પિત ગુજરાત સરકારવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં ગામડાઓ, ગરીબો અને ખેડૂતોની ચિંતા કરી છે. હકીકતમાં, મોદીજીએ ગરીબીને જીવી છે, એટલે જ તેઓ ગરીબોના દુઃખ અને પીડાને વધુ સારી રીતે સમજે છે અને તે દૂર કરવા માટે તેઓ એવી યોજનાઓ અમલમાં મૂકે છે જે ગરીબોને તેમની ગરીબીમાંથી બહાર કાઢવા માટે કારગર નીવડે. તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષોના કાર્યકાળમાં દેશમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

અમે ગુજરાતમાં વડાપ્રધાનીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારની યોજનાઓનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કર્યું છે. ગુજરાત સરકારે છેવાડાના માનવીઓ સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડીને તેમની જિંદગમાં બદલાવ લાવવા માટેનો એક પ્રામાણિક પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશનમાં અમે 'જ્ઞાન-ચ્રુછદ્ર' (ગરીબ, યુવા, અન્નદાતા અને નારી)ના વિકાસને પણ વિશેષ મહત્વ આપ્યું છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું છે કે તેમના માટે દેશમાં ફક્ત ચાર જાતિઓ- ગરીબ, યુવા, ખેડૂતો અને નારી છે, અને તેઓ તેમના સશક્તિકરણ માટે કામ કરી રહ્યા છે.

ગુજરામાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અને ગ્રામીણ હેઠળ ક્રમશઃ ૮ લાખ ૯૮ હજાર અને ૫ લાખ ૭૭ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૩.૬૫ કરોડ લોકોને નિઃશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અન્વયે રાજ્યના ૬૮.૬૮ લાખ ખેડૂત કુટુંબોને ?૬૦૦૦ની વાર્ષિક આર્થિક સહાય આપવામાં આવી રહી છે. રાજ્યમાં ૪૮,૬૦,૦૪૬થી વધુ શૌચાલયોનું નિર્માણ, પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓને લોન સુવિધા, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૪૩ લાખથી વધુ નિઃશુલ્ક એલપીજી ગેસ કનેક્શન, પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ૧,૯૨,૯૮,૦૦૧ લોકોના બેંક અકાઉન્ટ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ ૧,૫૧,૮૪,૮૫૫ ખાતાઓમાં ?૧,૨૯,૪૦૭ કરોડની લોન, પીએમ સૂર્યઘર યોજના હેઠળ ૩.૫૫ લાખ સોલાર રૂફટોપ પેનલની સ્થાપના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત ગુજરાતના ૭૦ ટકા નાગરિકો એટલે કે ૪.૮૦ કરોડથી વધુ લોકોનું આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ રજિસ્ટ્રેશન અને ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરોના સંચાલન સાથે ગુજરાત પોતાના સાડા છ કરોડ નાગરિકોને વિવિધ યોજનાઓના લાભ પ્રદાન કરીને તેમના જીવનને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.યુવાનોના સપનાઓને આપી નવી પાંખ

યુવા વર્ગ ભારતની સૌથી મોટી તાકાત છે અને ભારત પોતાના આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો મોટો લાભ મેળવવા માટે સજ્જ છે. મોદીજીના શાસનમાં દેશના યુવા વર્ગને તે તમામ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જે તેમના સપનાઓને નવી પાંખો આપી રહી છે.ગુજરાતે યુવાશક્તિની ક્ષમતાઓને ઓળખીને અનેક કાર્યક્રમો અમલી બનાવ્યા છે. શિક્ષણથી લઈને નવા ઉદ્યોગોની સ્થાપના અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત સરકારનું પ્રદર્શન ઘણું નોંધપાત્ર રહ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU), રક્ષા શક્તિ યુનિવર્સિટી (RSU) અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી જેવી સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ કાર્યરત છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૦માં GFSU અને RSUને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓનો દરજ્જો આપ્યો છે, અને તે આજે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે જાણીતી બની છે. આ ઉપરાંત, ગત ૧૧ વર્ષોમાં ગુજરાતમાં ૨૨ નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી છે અને રાજ્યના વિદ્યાર્થીઓ માટે ૪૩૦૦ નવી મેડિકલ સીટ્સ ઉપલબ્ધ થઈ છે. અમે રાજ્યના યુવાનોને રોજગારીની વ્યાપક તકો પ્રદાન કરવા માટે નવા અને ઉભરતા ક્ષેત્રોના ઉદ્યોગોની સ્થાપના પર વિશેષ ભાર મૂક્યો છે. રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્રના બિઝનેસને આકર્ષિત કરવા માટે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનની રચના કરી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રની કેટલીક ોટી કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે આગળ આવી છે. તેના કારણે ગુજરાત ભારતના સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

## ભારતમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો એક નવો યુગ

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ૨૦૧૪ પછી દેશમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો એક નવો યુગ શરૂ થયો છે. તેમની સરકાર છેલ્લા ૧૧ વર્ષોમાં 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે ભારતીય સંસ્કૃતિ, તેના વારસા અને પરંપરાઓને એક નવી ઉંચાઈ પર લઇ ગઈ છે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણની સાથે વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોર અને ઉજ્જૈનમાં મહાકાલ લોક પ્રોજેક્ટ થકી ભારતના આધ્યાત્મિક સ્થળોની કાયાપલટ થઈ છે. તેમણે ભારતના યોગ અને આયુર્વેદ જેવા પ્રાચીન વારસાને પણ વૈશ્વિક ફલક પર સ્થાપિત કરી દીધા છે.

ગુજરાત સરકાર પણ ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાના ખર્ચે સોમનાથ, અંબાજી, પાવાગઢ, માધવપુર અને દ્વારકા જેવા મોટા અને પ્રમુખ યાત્રાધામોના વિકાસ ઉપરાંત નાના-નાના ધાર્મિક સ્થળોનો પણ શાનદાર વિકાસ કરી રહી છે.

## વિકસિત ભારત-સશક્ત ભારત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'વિકસિત ભારત @૨૦૪૭' એટલે કે દેશની આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી નવતર પહેલો સાથે વિકસિત ભારતનો પાયો નાખ્યો છે. પરિણામ એ આવ્યું છે કે હવે ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે ભારત ૪ ટ્રિલિયન ડોલરથી વધુની જીડીપી સાથે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે 'ઑપરેશન સિંદૂર' દ્વારા આતંકવાદીઓ અને તેમના આકાઓને જડબાતોડ જવાબ આપીને એ સ્પષ્ટ કરી દીધું છે કે દેશ હવે કોઈપણ આતંકી હુમલાને સહન નહી કરે, અને દરેક આતંકી હુમલાનો જવાબ સૈન્ય કાર્યવાહી દ્વારા આપવામાં આવશે. આ નવા ભારતના મજબૂત નેતૃત્વ અને બદલાયેલા મિજાજને પ્રતિબિંબિત કરે છે.

## વડાપ્રધાનશ્રીના પદચિહ્નો પર આગળ વધતું ગુજરાત

**ગુજરાતમાં અમારી સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પદચિહ્નો પર આગળ વધીને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે તત્પર છે. શ્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ સરકારોના કાર્યકાળ દરમિયાન ગુજરાત સાથે થયેલા અન્યાયનો સ્વયં અનુભવ કર્યો છે, એટલે તેમણે ગુજરાતની તે તમામ ન્યાયોચિત માંગોને જ પૂરી નથી કરી, પરંતુ રાજ્યને અનેક ભેટ પણ આપી છે. મોદીજીએ વડાપ્રધાન પદની શપથ લીધાના ૧૭ જ દિવસોમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતના કરોડો લોકોનું વર્ષો જૂનું સપનું સાકાર કર્યુ છે. આ ઉપરાંત, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ભારતની પ્રથમ બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટી અને ભારતનું પ્રથમ આંતરરરાષ્ટ્રીય ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA), સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ, AIIMS-રાજકોટ, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ, તારંગા હિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઇન પ્રોજેક્ટ, દાહોદમાં ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ઉત્પાદન યુનિટ, વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન, પીએમ મિત્ર પાર્ક, વિશ્વનું સૌપ્રથમ સીએનજી ટર્મિનલ અને અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટની ભેટ આપી છે.**



# જેઠ સુદ પૂર્ણિમા એટલે વડ સાવિત્રી પૂનમ અને રમતા રામનું સૂત્ર આપનાર કબીરની જયંતિ!

આવતી કાલે જેઠ સુદ પૂનમ છે, આ વ્રત કરીને પોતાનાં પતિનું લાંબુ આયુષ્ય અને તેના જીવનમાં કાયમ જ્ઞાનનાં અજવાળા રહે, એવી પ્રાર્થનાં કરતી દરેકે દરેક સ્ત્રીને વંદન કરવા ઘટે. પતિ પરમેશ્વર એ લગભગ દરેક ભારતીય સ્ત્રીનો પાયાનો સંસ્કાર છે. સાવિત્રી યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનનાં પ્રાણ પાછો મેળવે છે, અને એ મહિમાને યાદ કરી દરેક પતિવ્રતા સ્ત્રી પોતાનાં પતિનાં લાંબા આયુષ્ય માટે આ દિવસે વ્રત રાખે છે. સત્યવાનનું આયુષ્ય લગ્ન બાદ એક જ વર્ષનું હોવા છતાં પણ, સાવિત્રી તેની સાથે લગ્ન કરે છે. એક વર્ષ બાદ જ્યારે તેનાં પતિને યમરાજ લઈ જાય છે, ત્યારે તે તેની પાછળ પાછળ ચાલે છે, અને યમરાજને કહે છે, કે જ્યાં મારો પતિ ત્યાં જ હું, યમરાજ તેને પાછી મોકલવા માટે વરદાન આપે છે, અને દરેક વરદાનમાં તે પોતાના પરિવારને સમૃદ્ધ કરનારી વાત માંગે છે. એટલે કે પોતાનાં સસરા અંધ હોય છે, તો તેની માટે ચક્ષુદાન માગે છે, પોતાની માતાને પુત્ર નથી હોતા તો, તેની માટે સો પુત્ર માગે છે, અને દરેક વખતે યમરાજ તથાસ્તુ કહે છે, એમ સાવિત્રી પોતાની બુદ્ધિથી પોતાની માટે પણ સો પુત્રનું વરદાન માંગે છે, અને યમરાજ તથાસ્તુ કહે છે. એટલે પોતે કહે છે કે પતિ વગર સો પુત્રની માતા કઈ રીતે બની શકું! અને હું એક પતિવ્રતા સ્ત્રી છું. યમરાજા પ્રસન્ન થઈને સત્યવાનના પ્રાણ પાછાં આપે છે, અને તેનું આયુષ્ય ૪૦૦ વર્ષનું કરે છે, અને ઈતિહાસ મુજબ સાવિત્રી ૧૦૦ બળવાન પુત્રોની માતા બને છે. હિન્દુ સંસ્કૃતિમાં આવી તો કેટલીયે વ્રત પરંપરાઓ જોડાયેલી છે, જેના થકી આપણે તે વ્રતનું પાલન કરીને આપણા પતિવ્રતા ધર્મને મજબૂત બનાવી શકીએ છીએ. દિવસે દિવસે વ્રત અને તેને લગતા તહેવારોનું મહત્વ ઓછું થતું જાય છે. સ્ત્રી પુરુષ સમોવડીની વાત પણ આની સાથે જોડીને ઘણા દલીલ કરે છે, કે સ્ત્રીઓ જ શું કામ વ્રત કરે? પરંતુ વ્રત એ કોઈ ફરજિયાત કરવામાં આવતી વાત નથી, કે નથી કોઈ અંધશ્રદ્ધાનો વિષય. ત્યાં તો આપણી સંસ્કૃતિનો પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા વિશ્વાસનો મહત્વનો પાયો નંખાયો છે. વ્રત કરીએ કે ના કરીએ, પરંતુ આ નાજુક સંબંધોમાં શ્રદ્ધા અને વિશ્વાસ ટકી રહે એ બહુ જ જરૂરી છે. જેઠ મહિનાથી શરૂ કરીને શ્રાવણ વદ અમાસને દિવસે આ વ્રતનો દોર પૂરો થાય છે. અષાઢમાં નાની કુમારિકાઓના વ્રતનાં દિવસો આવશે, અને પોતાનાં ભાવિ જીવનસાથી રૂપે યોગ્ય સાથી પ્રાપ્ત કરવા માટે આ પ્રકારના વ્રતો આપણે ત્યાં થાય છે. તો વડ સાવિત્રી નું વ્રત યમરાજ પાસેથી સાવિત્રી પોતાના પતિનાં પ્રાણ એટલે કે આયુષ્ય પાછુ મેળવે છે, એનો મહિમા ગાય છે.આયુષ્ય શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જન્મથી મૃત્યુ સુધીની અવસ્થાનો અંક. ભારતીય સંસ્કૃતિમાં પહેલા લોકો ખૂબ જ લાંબું આયુષ્ય ભોગવતાં, અને ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી સમાધિમાં પણ જીવતા રહેતાં.એટલે કે આપણે ત્યાં આયુષ્ય વર્ષ મુજબ જોઈએ તો ખૂબ જ લાંબા રહેતાં, અને સૌના દીર્ઘાયુષ્યનું એક કારણ તેની શારીરિક અને માનસિક સ્વસ્થતા પણ કહી શકાય. એટલે કે લાંબા આયુષ્ય માટે તન મન બંને તંદુરસ્ત હોવા જોઈએ.

જેઠ સુદ પૂનમને દિવસે કબીર જયંતિ પણ ઉજવવામાં આવે છે.અરબીમાં કબીરનો અર્થ 'મહાન' થાય છે. કબીરદાસ ભારતના ભક્તિ કાવ્ય પરંપરાનાં મહાનતમ કવિઓમાંના એક હતા. કબીરપંથ એક ધાર્મિક સમુદાયમાં કબીરનાં સિદ્ધાંતો અને ઉપદેશોને પોતાની જીવન શૈલીનો આધાર માને છે, તેમના મતાનુસાર કબીરનો જન્મ ૧૩૯૮ ઈ.સ.માં થયો અને તેમનું મૃત્યુ ૧૫૧૮ ઈ.સ. માં થયું, અર્થાત કબીર અસાધારણ રુપે ૧૨૦ વર્ષ જીવ્યા હતા.સંત રામાનંદના શિષ્ય બન્યાં અને અલખ જગાડવા લાગ્યા. કબીર સરળ ભાષામાં કોઇ પણ સમ્પ્રદાય અને રૂઢ઼િઓની પરવા કર્યા વગર સાચી વાત કહેતા હતા. હિંદૂ-મુસલમાન બધા સમાજમાં વ્યાપ્ત રૂઢ઼ વિદ તથા કટ્ટરપંથનો ખુલ્લેઆમ વિરોધ કર્યો. કબીરની વાણી તેમનાં મૌખીક ઉપદેશ તેમની સાખી, રમૈની, બીજક, બાવન-અક્ષરી, ઉલટબાસી વગેરેમાં જોઇ શકાય છે. ગુરુ ગ્રંથ સાહેબમા તેમનાં ૨૦૦ પદ અને ૨૫૦ સાખીઓ છે. કાશીમાં પ્રચલિત માન્યતા છે, કે જે અહીં મરે છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. રૂઢિગતતાનાં વિરોધી કબીર કાશી છોડીને મગહર ગયા અને ત્યાંજ દેહ ત્યાગ કર્યો. મગહરમાં કબીરની સમાધિ છે, જેને હિન્દુ મુસ્લિમ બંને પૂજે છે.

કબીર રામ ઉપાસક રહ્યાં અને એ એકેશ્વરવાદને પ્રતિપાદિત કરતાં હતાં. કબીરના રામ તો અગમ છે, અને સંસારના કણ-કણમાં વિરાજે છે. કબીરના રામ, એકસત્તાવાદી ખુદા પણ નથી. ઈસ્લામમાં ખુદા કે અલ્લાહને સમસ્ત જગત તેમજ જીવોથી ભિન્ન તેમજ પરમ સમર્થ માનવામાં આવે છે. પણ કબીરના રામ પરમ સમર્થ અને, સમસ્ત જીવો અને જગતથી ભિન્ન તો કદાપિ નથી, આથી વિપરીત તેઓ તો બધામાં વ્યાપ્ત રહેવાવાળા રમતા રામ છે. તેઓ કહે છેઃ

વ્યાપક બ્રહ્મ સબ મૈં એકૈ, ને પંડિત ને જોગી.
રાવણ-રાવ કવનસૂં કવન તેઓદ ને રોગી..
સંતૌ, ધોખા કાસૂં કહિયે ગુનમૈં નિરગુન.
નિરગુનમૈં ગુન, બાટ છાંડ઼ ક્યિૂં બહિસે..

આમ તો ઈશ્વર વિશે બધા બુદ્ધ પુરુષ એક જ વાત કહે છે, કે જે સર્વ વ્યાપ્ત છે, અને સર્વ પ્રાપ્ય પણ છે. સદગુરુનું ચિંતન કહે છે, ઈશ્વરને પણ જ્યાં જન્મ લેવાનું મન થાય, તેવી આ સુંદર પૃથ્વી, અને સુંદર પ્રકૃતિમાં આપણને જન્મ મળ્યો છે, આપણે આ પૃથ્વી પર જન્મ લીધો છે, એટલે કે પરમ પ્રેમનો સંદેશ આપવા માટે, કઈ કેટલાય ચરિત્રો આ પૃથ્વી પર આવી ગયાં, અને ઈશ્વરે પણ અવતાર ગાથા તરીકે અહીં જન્મ લીધો, અને દરેકે દરેક જણાં એ સિદ્ધ કર્યું કે પ્રકૃતિ જેમ નિષ્પક્ષ પ્રેમ કરવો, અને સર્વજન સુખાય, સર્વજન હિતાય જીવન જીવવું. ભૂલ દરેકથી થાય, અને એ ભૂલમાંથી કંઈક નવો પદાર્થ પાઠ ભણીને ફરી એ ભૂલ ન કરવાં કટિબદ્ધ બની આગળની યાત્રા કરવી જોઈએ. તેમ આપણે પણ આપણી ભૂલોને ઈશ્વરને સોંપી, અને હવે પછી એવી કોઈ ભૂલ નહીં થાય, એટલે કે પ્રકૃતિને નુકસાન થાય એવું જીવીશું નહી, માનવતાના ધર્મે ફરી પાછો ઉજાગર કરીશું, કે પછી સ્વાર્થવૃત્તિ ત્યજી, અન્યોન્ય

ભાઈચારા અને સંપની લાગણીથી જીવીશું,અને રાધા કૃષ્ણનાં અમર પ્રેમ કે પરમ પ્રેમનાં સંદેશ મુજબ જીવીશું!; જીવનની ક્ષણેક્ષણને અન્ય જીવોનાં ઉદ્ધાર માટે જીવવાનો સંકલ્પ કરીશું.

તો વડસાવિત્રી વ્રતના દિવસે સાવિત્રી પોતાના પ્રાણની પરવાહ કર્યા વગર, તેની પાછળ ચાલી નીકળી હતી,અને પોતાના પતિના પ્રાણ યમરાજ પાસેથી પાછા લાવી હતી. સદગુરુ કૃપા હી કેવલમ, એટલે કે સદગુરુની કૃપાથી વહેતી આ ચિંતનની ક્ષણેની નિર્મળ મંદાકિનીમાં રોજ રોજ સદગુરુ આપણને વિવિધ શબ્દાર્થનાં ભાવનાં મૂળ સુધી લઈ જાય છે, અને એ રીતે આપણે પણ આપણી સ્વાર્થવૃત્તિ ત્યાગી, અને આજે સમાજને જયારે જરૂર છે, ત્યારે કબીરજી જેમ અન્ય માટે આપણા આયુષ્યની ક્ષણેક્ષણ ખર્ચવા તૈયાર થઈએ, તો કદાચ યમરાજ આપણા આયુષ્યના વધારા માટે તથાસ્તુ એવું કહી શકે. આપણા ઉચ્ચ અને ગુણવત્તાવાળા ચરિત્રો થકી ભારતીય હિંદુ સંસ્કૃતિનું આયુષ્ય નિરંતર વધતું રહે, એવી આજના દિવસે અભ્યર્થના. સનાતન ધર્મની જય.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

## અમન-શાંતિનો ધર્મ ઈસ્લામ

આ લખનારની જાણકારી મુજબ પૃથ્વીની કુલ વસતિ ત્રણ અબજને આંબી ગઈ છે. તેમાં મુસલમાનોની સંખ્યા એક અબજ જેટલી આંકવામાં આવે છે. દુનિયાના પચાસેક જેટલા દેશોમાં ઈસ્લામી હુકુમતો રાજ કરે છે. એશિયા ખંડમાં મુસ્લિમ પ્રજા વધારે છે. આફ્રિકામાં તે બીજા ક્રમે આવે છે.જગતના નકશા પર દૃષ્ટિ નાખતાં જણાય છે કે અરબ, પાકિસ્તાન, ઈરાન, ઈરાક, અરબસ્તાન, અફઘાનિસ્તાન, ઈન્ડોનેશિયન, સિરિયા, એડન, લેબેનોન, તુર્કિ, મલાયા, કુવૈત, દુબઈ, કતાર, પેલેસ્ટાઈન વગેરે દેશોમાં મુસ્લિમ શાસકો બખૂબી સત્તા ચલાવે છે. એશિયા ખંડના બીજા મોટા દેશો હિન્દુસ્તાન, રશિયા, ચાઈનામાં તો મુસ્લિમોની સંખ્યા કરોડોને આંબી ગઈ છે.આફ્રિકા ખંડમાં પણ કેટલાક ઈસ્લામી દેશો છે; તેમાં ઈજિપ્ત, સુદાન, લિબિયા, અલ્જિરિયા, ટ્યુનીસ, મોરોક્કો, માડાગાસ્કર અને નાઈજિરિયા વધુ પ્રખ્યાત છે. બીજા રાજ્યો દાખલા તરીકે કેનિયા, ટાંગાનિકા અને પશ્ચ્રિમ આફ્રિકામાં પણ ઈમાનવાળાઓની સંખ્યા ઘણી મોટી છે. મધ્ય આફ્રિકા તથા દક્ષિણ આફ્રિકામાં ઈસ્લામ ઘણો ઝડપથી પ્રસરી રહ્યો છે, જે આ લખનારના જાતઅનુભવથી જાણી શકાય છે.યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા ખંડોમાં ખ્રિસ્તીઓની સંખ્યા વધારે છે. રાજ્યશાસન પણ તેમના હાથમાં છે, તેમ છતાં, તે રાજ્યોમાં પણ મુસ્લિમોની નોંધપાત્ર વસ્તી છે અને જે તે દેશોના કાયદા-કાનૂન-બંધારણ-નિયમો મુજબ તથા કુરાને કરીમની આયત (શ્ર્લોક) 'હિબ્બુલવતન મિન્નલઈમાન' અર્થાત્‌ઃ 'વતનપ્રેમ એ ઈમાનનો જ એક ભાગ' છે ની તાલીમ અનુસાર ત્યાંની પ્રજામાં તેઓ હળીમળી ગયા છે. હા, કેટલાંક અનિષ્ટતત્ત્વોના આતંકને કારણે સમસ્ત ઈસ્લામ અને તેની ઉમ્મતને દોષિત ઠેરવવી-સમજવી તે આ ધર્મના અમન-શાંતિના બુનિયાદી પાયાને હાનિ પહોંચાડનારી અવશ્ય બની રહેતી હોય છે.મોટા શહેરો જેવાં કે લંડન, પેરિસ, બર્લિન, રોમ, એમસ્ટ્રેડમ, લિસ્બન, બુડાપેસ્ટ, બેલગ્રેડ, મોસ્કો, કેનબેરા, સીડની વગેરે રાજ્યો, શહેરોમાં મુસ્લિમોએ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપના પણ કરી છે. એ શહેરોમાં મસ્જિદોની સંખ્યા પણ ખાસ્સી છે. પાંચેય સમય 'અલ્લાહો અકબર'નો મીઠો મધ જેવો નાદ પણ ગુંજે છે.વાસ્તવમાં ઈસ્લામ એક ઈલ્હામી (દિવ્ય પ્રેરણા) ધર્મ છે. તેની શરૂઆત હઝરત આદમ અલયહે વસ્સલામ (અ.સ.)થી થઈ હતી. તેમની પર અલ્લાહતઆલાની 'વહી' (માર્ગદર્શન) આવતી હતી. હઝરત આદમ (અ.સ.) લોકોને સારા-નરસાના ભેદથી વાકેફ (પરિચિત) કરતા હતાં. અલ્લાહની આજ્ઞાનુસાર હઝરત આદમ (અ.સ.) લોકોને વહેદાનીયત (એકેશ્ર્વરવાદ)ની અને સુકર્મ કરવાની તાલીમ આપતા હતાં.હઝરત આદમ અલયહિસ્સલામ પછી, અલ્લાહતઆલાએ હજારોની સંખ્યામાં નબીઓ મોકલ્યા અને સેંકડોની સંખ્યામાં રસુલોને મોકલ્યા. તેમાં વિશેષ કરીને હઝરત શીશ, હઝરત ઈદ્રીસ, હઝરત નૂહ, હઝરત ઈસા, હઝરત યુસુફ, હઝરત યાકુબ, હઝરત મુસા, હઝરત હારૂન, હઝરત ઈબ્રાહિમ, હઝરત ઈસ્માઈલ અને હઝરત સુલેમાન અલયહિસ્સલામ ઘણા જાણીતા પયગંબરો છે .

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૦૯ જુન ૨૦૨૫**

# કેમ કથળી રહ્યું છે આપણું આજનું ઊચ્ચ શિક્ષણ?

મર્યાદિત આવડત ને અધકચરા જ્ઞાનને લીધે હજારો ગ્રેજ્યુએટ યુવાનો બેકારની યાદીમાં ઉમેરાતા જાય છે. આનાં કારણ અને મારણ શોધવા પડશે. ભારત આજે દુનિયામાં તીવ્ર ગતિએ આગળ વધતું અર્થતંત્ર ધરાવે છે. વિદેશની અનેક કંપનીઓ તેમની વૃદ્ધિ માટે ભારત તરફ નજર દોડાવી રહી છે. કેન્દ્ર સરકાર પણ યુવા વસતિને આધાર બનાવી વૈશ્ર્વિક કંપનીઓને દેશમાં આકર્ષી રહી છે. જો કે, આ ગુલાબી ચિત્રની સામે છેડે એક કડવી વાસ્તવિકતા એ છે કે દેશમાં બેરોજગારી વધીને વિકરાળ સ્તરે પહોંચી ગઈ છે. આ બેરોજગારી વધવાનું મૂળ કારણ દેશમાં રોજગારીનો અભાવ નહીં, પરંતુ અપૂરતા શિક્ષણ સાથે 'નકામી' ડિગ્રીઓ છે. આવી ડિગ્રીઓ યુવાનોને નોકરીની તકો પૂરી પાડવામાં ઊણી ઉતરી છે. (જસ્ટ જાણ ખાતર, ૧ બિલિયન = ૧૦૦ કરોડ ગુણ્યા આજનો ડોલરનો ભાવ ૮૩ રૂપિયા) આજ રીતે, આવનારા ૨૦૨૫માં તે ૨૨૫ અબજ ડોલરના આંકને આંબી જશે એવા અંદાજ છે. નવી નવી કોલેજો ઊભી થતી જાય છે. તેમ છતાં હજારો ગ્રેજ્યુએટ યુવાનો મર્યાદિત આવડત અને અધકચરા જ્ઞાનને લીધે બેકારની યાદીમાં ઉમેરાતા જાય છે. આજે જ્યારે આપણું અર્થતંત્ર ઉત્કર્ષની દિશામાં જઈ રહ્યું છે ત્યારે આ પરિસ્થિતિ અત્યંત ગંભીર ગણી શકાય. 'બ્લૂમબર્ગ'ના અહેવાલ મુજબ ભારતીય યુવાનોની ડિગ્રીઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અનેક કંપનીઓના અનુભવના આધારે કહેવામાં આવ્યું છે કે, અત્યારે દેશમાં સૌથી મોટી સમસ્યા રોજગારીની તકો નહીં, પરંતુ નોકરી માટે યોગ્ય લોકોની અછત છે. એક બાજુ રોજગારીની વિપુલ તક છે. કંપનીઓને પણ યોગ્ય માણસોની જરૂર છે, છતાં તેમને નોકરી માટે લાયક લોકો નથી મળતા. દર વર્ષે લાખો યુવાનો ગ્રેજ્યુએટ બનીને કોલેજમાંથી બહાર નીકળી રહ્યા છે. એ વર્ક ફોર્સનો ભાગ બની રહ્યા છે, પણ સ્કિલ ઓરિએન્ટેડ જોબ માટે યોગ્યતા ધરાવતા નથી! દેશમાં આજે આવું વિરોધાભાસી ચિત્ર જોવા મળી રહ્યું છે. એક બાજુ આજે દુનિયાની મોટી મોટી કંપની 'ગૂગલ'થી લઈને આલ્ફાબેટના વડા – સીઈઓનું સ્થાન ભારતીય મૂળના લોકો શોભાવી રહ્યા છે. સુંદર પિચાઈથી લઈને સત્યા નાડેલા સહિતના ધૂરંધરો ભારતની યુનિવર્સિટીમાંથી જ બહાર આવ્યા છે તો બીજી બાજુ નાની યુનિવર્સિટીમાં અને હજારો ખાનગી કોલેજોમાં પૂરતા પ્રોફેસર જ નથી હોતા અને જે હોય છે, તે પૂરતા તાલીમબદ્ધ નથી એવું વૈશ્ર્વિક સંશોધન સંસ્થા 'બ્લૂમબર્ગ' કહે છે. વિશ્ર્વના બીજા દેશોમાં પણ આવી જ સ્થિતિ છે, પણ ભારતમાં તો તેણે હદ વટાવી દીધી છે. છેલ્લે બ્લૂમબર્ગે' બે ડઝનથી પણ વધુ વિદ્યાર્થીની મુલાકાત લીધી હતી. આ તમામ વિદ્યાર્થીએ અભ્યાસ પછી નોકરી મેળવા માટે ચિંતા દર્શાવી હતી. બીજી તરફ જાણીતી બિઝનેસ કંપનીઓ જેવી કે 'એમ જી મોટર્સ' કહે છે કે તેમને સારા ગ્રેજ્યુએટ શોધવામાં પણ તકલીફ પડે છે. આ યુવાનો પાસે એમના વિષયનું પૂરતું જ્ઞાન પણ હોતું નથી. સામાન્ય જ્ઞાન પણ મર્યાદિત હોય છે. આ પણ વિધિની વક્રતા છે કે દુનિયાના ટોપ દસ મંદિરોમાં આઠ ભારતમાં છે. દુનિયાની ટોપ દસ મસ્જિદોમાં ત્રણ ભારતમાં છે,જ્યારે દુનિયાની ટોપ ૩૦૦ યુનિવર્સિટીમાં એક પણ ભારતમાં નથી! ૧૪૦ કરોડથી વધુ વસતિ ધરાવતા-સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ માટે આનાથી બીજી શરમજનક વાત બીજી કઈ હોય શકે?. આપણે ભલે આપણું હરીફ પાકિસ્તાન ગણીએ, પરંતુ હકીકતમાં આપણું હરીફ ચીન છે.ગ્લોબલ પ્લેટફોર્મ પર આર્થિક-રાજકીય-ઔદ્યોગિક અને શૈક્ષણિક સ્તરે ચીન આપણું હરીફ છે. ચીન શિક્ષણની બાબતમાં પણ આપણાથી આગળ છે. ચીનની ૨૪ યુનિવર્સિટીનો ટોપ ૩૦૦માં સમાવેશ છે. એશિયાના એક પણ દેશની શિક્ષણ સંસ્થા આંતરરાષ્ટ્રીય ડંકો વગાડી શકી નથી. ચીનની અમુક કોલેજોની એડમિશન લેવા માટેની એન્ટ્રન્સ ટેસ્ટ એટલી કઠિન હોય છે કે આજ સુધી એક પણ વિદ્યાર્થી કે પ્રોફેસર પુરા માર્ક્સ લાવી શકયા નથી. ચીન પોતાના શિક્ષણ ક્ષેત્રની લશ્કરી શૈલીથી કાયાપલટ કરવામાં સફળ રહ્યું છે. સિલીકોન વેલીની આઈટી કંપનીઓમાં સૌથી વધુ સંખ્યા ચીની સંશોધકોની છે. મુંબઈ-દિલ્હી અને ખડકપુરની આઈ આઈ ટી' સંસ્થામાં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. ટાઈમ્સ હાયર એજ્યુકેશન'ની યાદીમાં આ બધી 'આઈ આઈ ટી' ૦૦ના સ્લોટમાં પહોંચી ગઈ છે.

# કુદરત સામે ટેક્નોલોજીની કોઈ વિસાત નથી

છેલ્લા કેટલાક દાયકામાં માનવ સમાજે ખૂબ જ પ્રગતિ કરી છે. આપણે વિજ્ઞાનની મદદથી એવી એવી વસ્તુઓની શોધ કરી છે કે ક્યારેક એવું લાગે કે આવનારા સમયમાં માણસ ભગવાન કરતાં પણ મોટો થઈ જશે અને ભગવાન કે કુદરતની કોઈ વિસાત નહીં રહે. પણ જ્યારે પણ આવું લાગવા માંડે ત્યારે બનતી કેટલીક ઘટનાઓ આપણે કે આપણું વિજ્ઞાન કેટલું પાંગળું છે તેની પ્રતીતિ કરાવતી હોય છે. હાલમાં વિશ્ર્વ એટલું ટૂંકું થઈ ગયું છે કે કોઈને પણ શોધવો હોય, ભાળ મેળવવી હોય તો આસાન છે, ગુગલ દ્વારા કોઈ પણ સ્થળ વિશે, ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ વિશે તાગ મેળવી શકાય છે, નકશા મેળવી શકાય છે, બધું ખૂબ જ આસાન લાગે છે ત્યારે એક વાત આપણને ખટકે છે અને તે છે આટઆટલી ટેક્નોલોજી હોવા છતાં પાંચ પાંચ દિવસ સુધી ભારતની સરહદ નજીક અચાનક ગાયબ થયેલા એક મસમોટા વિમાનની આપણે ભાળ સુધ્ધાં નથી મેળવી શકતા? સોમવારના બપોરના એક વાગ્યાથી ભારતીય વાયુસેનાનું એક માલવાહક વિમાન એએન૩૨- ૧૩ સભ્યો સાથે આસામના જોરહાટથી ઉડાણ ભરે છે અને ગણતરીની મિનિટોમાં આ વિમાનનો સંપર્ક તૂટી જાય છે. ત્યાર બાદ વાયુસેના દ્વારા સઘન તપાસ ચાલુ થાય છે, ઈસરોની મદદથી અરુણાચલ અને આસામની વચ્ચેના મેચુકા ખાતે આ વિમાનની તપાસ ચાલુ છે. સુખોઈ-૩૦ એમકેઈઆ, સી ૧૩૦જે જેવા અદ્યતન ફાઈટર પ્લેન, એમઆઈ-૧૭, કેટલાય હેલિકોપ્ટર અને એએન૩૨ વિમાન સહિતના અનેક સંસાધનો આ શોધખોળમાં લાગ્યા છે, માત્ર આટલું જ નહીં, પરંતુ ભારતીય લશ્કરના અધતન ડ્રોન અને સેટેલાઈટ પણ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે. છેલ્લા પાંચ દિવસથી શોધખોળ ચાલુ છે છતાં એક તસુભાર પણ જાણકારી આપણે મેળવી શક્યા નથી.

ગાયબ થયેલું વિમાન ભારતીય વાયુ સેનાના અદ્યતન વિમાનોમાંનું એક છે આથી આ બાબત ભારતીય સેના માટે ખૂબ જ મહત્ત્વની છે. ભારતીય સેના, વાયુદળ અને નૌકાદળ સર્ચ ઓપરેશનમાં મચી પડ્યા છે તેમ છતાં કોઈ માહિતી હજુ સુધી મળી નથી. માત્ર આ એક જ ફાઈટર પ્લેન પૂરતી વાત સીમિત નથી, અગાઉ ૨૦૧૬ના જુલાઈ મહિનમાં પણ આવું એએન૩૨ વિમાન પોર્ટ બ્લેયર અને ચેન્નઈ વચ્ચે ગાયબ થયું હતું. આજે ત્રણ વર્ષ થવા આવ્યા આ વિમાન વિશે પણ કોઈ પાસે કંઈ જ માહિતી નથી કે તેનો કાટમાળ પણ આપણે શોધી નથી શક્યા. માત્ર આપણી જ વાત નથી કેટલાક સમય પહેલાં મલયેશિયાથી ઊડાણ ભરેલું એક વિમાન પણ પ્રવાસીઓ સાથે ગાયબ થઈ ગયું હતું, હજુ તેના વિશે પણ કોઈ જાણકારી મળવા પામી નથી. આવી બધી ઘટનાઓ કુદરત સામે માનવને અને માનવ દ્વારા થયેલી વૈજ્ઞાનિક શોધોને વામણા પુરવાર કરે છે. ચંદ્ર અને મંગળ જેવા ગ્રહ પર યાન મોકલવામાં આપણે સફળ થયા છીએ, આવનારા સમયમાં બીજા ગ્રહો પર પણ યાન મોકલી શકવામાં સફળતા મેળવીશું. અંતરિક્ષમાં પણ અનેક સેટેલાઈટ અને અન્ય યાન આપણે સફળતાપૂર્વક મોકલી શક્યા છીએ પણ આપણી પોતાની ધરતી પરથી ગાયબ થતાં આખેઆખા વિમાન વિશે આપણે કોઈ જ માહિતી નથી મેળવી શકતાં એ કેવું કહેવાય! આપણે કૃત્રિમ વરસાદ વરસાવ્યો તેમ છતાં દુકાળને ટાળી નથી શકતા, આ બધું જ સાબિત કરે છે કે કુદરત સામે માનવની કોઈ વિસાત નથી. કુદરત ધારે ત્યારે ધારે તે કરી શકે છે, માણસ માત્ર એક રમકડું છે અને કુદરતની કરામતને મૂકપણે જોવા સિવાય બીજું કશું કરી શકે તેમ નથી. માણસ ગમે તેવી ટેક્નોલોજી વિકસાવી લે પરંતુ કુદરત સામે તે વામણો જ રહેશે!

**મસ્કે ટ્રમ્પને અમેરિકાના પ્રમુખપદેથી હટાવીને વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સને પ્રમુખ બનાવવાની માગ કરી છે.**

# મસ્કને ટ્રમ્પના સેક્સ ક્રાઈમ અચાનક કેમ યાદ આવ્યા?

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક વચ્ચેના ઝગડાએ ધાર્યા કરતાં વધારે વરવું સ્વરૂપ ધારણ કરી લીધું છે. મસ્કે ટ્રમ્પનો સાથ છોડ્યો પછી ટ્રમ્પના વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટનો વિરોધ કરેલો તેથી લાગતું હતું કે, બંને વચ્ચે વૈચારિક મતભેદો છે પણ હવે બંને જાહેરમાં એકબીજા પર અંગત આક્ષેપો કરવા માંડ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, બંનેના સંબંધો સાવ બગડી ગયા છે અને બંને એકબીજાનું બોર્ડ પતાવી દેવા માટે આરપારની લડાઈના મૂડમાં છે.

મસ્કે ટ્રમ્પને અમેરિકાના પ્રમુખપદેથી હટાવીને વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સને પ્રમુખ બનાવવાની માગ કરી છે. મસ્કે એપસ્ટેઈન ફાઈલમાં ટ્રમ્પનું નામ હોવાનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, ટ્રમ્પનું નામ સેક્સ અપરાધી સાથે જોડાયેલું છે તેથી ટ્રમ્પ સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવીને તેમને તગેડી મૂકવા જોઈએ. ટ્રમ્પનું નામ એપ્સટિનની ફાઈલોમાં છે. આ જ કારણ છે કે તેને જાહેર કરવામાં આવી નથી. સામે ટ્રમ્પનું કહેવું છે કે, પોતે મસ્કની કંપનીઓને અમેરિકાની સરકાર દ્વારા અપાતી સરકારી સબસિડી કરાર અને કરાર બંધ કરવાનું નક્કી કર્યું તેમાં મસ્ક સાવ પાગલ થઈ ગયો છે.

અમેરિકામાં જેફરી એપ્સટેઈન વિકૃતિનો પર્યાય મનાય છે. આ હાઈ-પ્રોફાઈલ ક્રિમિનલ કેસમાં અમેરિકાના ઘણા ધનિકો અને સેલિબ્રિટીઓનાં નામ બહાર આવ્યાં હતાં. અમેરિકન અબજોપતિ જેફરી એપ્સટિન સામે સગીર છોકરીઓનું જાતીય શોષણ અને ધનિકોની સેક્સ ભૂખ સંતોષવા તેમને સગીર છોકરા-છોકરીઓ સપ્લાય કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

એપ્સ્ટેઈનને વેશ્યાવૃત્તિ અને સગીરોને બળજબરીથી સેક્સની ફરજ પાડવાના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો હતો પણ સરકાર સાથે સોદાબાજી કરી લેતાં ફક્ત ૧૩ મહિનાની જેલ થઈ હતી. ૨૦૧૯માં ફ્લોરિડા અને ન્યૂ યોર્કમાં એપ્સ્ટેઈનની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. ૧૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ એપસ્ટેઈને જેલમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

મસ્કે આ કેસની વાત કરીને ટ્રમ્પને ભીંસમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે પણ તેનાથી ટ્રમ્પને ઝાઝો ફરક નહીં પડે કેમ કે ટ્રમ્પનો ભૂતકાળ બધાંને ખબર છે. બલ્કે મસ્ક પોતે હાસ્યાસ્પદ ઠરી રહ્યો છે કેમ કે આ બધી વાતો જગજાહેર હોવા છતાં મસ્ક ટ્રમ્પની સાથે હતો.

ટ્રમ્પ સામેના બળાત્કારના કેસો, મહિલાએ સાથે બળજબરીથી સેક્સ સંબંધો બાંધવા, પોર્ન સ્ટાર્સ સાથે રંગરેલિયાં મનાવવા, મોડલો સાથે અય્યાશીઓ વગેરેની વાતો નવી નથી. ટ્રમ્પને એક લેખિકા પર મોલના ટ્રાયલ રૂમમાં બળાત્કાર કર્યા પછી તેના વિશે જૂઠાણા ફેલાવવા બદલ કરોડોનો દંડ પણ થયો છે. બીજા આ પ્રકારના કેસોમાં પણ ટ્રમ્પ દોષિત ઠરેલા છે.

મસ્ક જેની વાત કરે છે એ એપસ્ટેઈનનાં કુકર્મોમાં ટ્રમ્પ ભાગીદાર હતા એ વાત પણ નવી નથી. બલ્કે ડોનલ્ડ ટ્રમ્પ ૨૦૧૬માં પહેલી વાર પ્રમુખપદની ચૂંટણી લડ્યા ત્યારે પણ તેમની સામેના પ્રચારમાં આ મુખ્ય મુદ્દા હતા. ૨૦૨૪ની ચૂંટણીમાં મસ્ક જ્યારે ટ્રમ્પની સભાઓમાં નાચી નાચીને પ્રચાર કરતો હતો, વાંદરાની જેમ ઠેકડા લગાવતો હતો ત્યારે પણ આ બધા મુદ્દા હતા જ.

મસ્કને એ વખતે ટ્રમ્પ સામેના કેસો, ટ્રમ્પની નીચ હરકતો કે એપસ્ટેઈન કેસમં સંડોવણી સામે પણ વાંધો નહોતો. ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી મસ્ક તેમની સાથે રહેવા માટે વ્હાઈટ હાઉસમાં જતો રહેલો ને છેલ્લા અઠવાડિયાને બાદ કરતાં ચારેક મહિના લગી ટ્રમ્પની આગળપાછળ ફર્યા કરતો, ટ્રમ્પનો પટાવાળો હોય એમ ટ્રમ્પ ખુરશીમાં બેઠાં બેઠાં મીડિયાને જ્ઞાન પિરસતા ત્યારે અદબ વાળીને તેમને સાંભળતો. હવે અચાનક તેને ટ્રમ્પ સેક્સ અપરાધી લાગવા માંડ્યા છે અને ટ્રમ્પ પોતાના બચાવ માટે એપસ્ટેઈન ફાઈલો જાહેર કરતા નથી તેનું બ્રહ્મજ્ઞાન લાદ્યું છે તેના કારણે મસ્કને દ્રાક્ષ ખાટી લાગી હોવાની છાપ પડી રહી છે.

મસ્કને આ બ્રહ્મજ્ઞાન કેમ લાધ્યું તેનો આડકતરો ખુલાસો ડોનલ્ડ ટ્રમ્પે કરી જ દીધો છે. મસ્કે પોતાનું સામ્રાજ્ય ટેસ્લાના જોરે ઊભું કર્યું છે. ટેસ્લા અમેરિકામાં ટોચની ઓટોમોબાઈલ કંપની છે અને ઈલેક્ટ્રિક કાર બનાવે છે તેથી ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપે છે એ બહાને અમેરિકાની સરકાર દ્વારા ટેસ્લા કારની ખરીદી પર સબસિડી આપે છે તેથી ટેસ્લાનો ધંધો ધૂમ ચાલે છે. અમેરિકાની સરકાર મસ્કની કંપનીને બીજી પણ કરરાહતો આપે છે.

મસ્કની સ્પેસ ક્ષેત્રે કામ કરતી કંપની સ્પેસએક્સ સાથે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાના કરાર છે. આ કરાર હેઠળ અમેરિકા દ્વારા હાથ ધરાતાં તમામ સ્પેસ મિશનમાં સ્પેસએક્સનાં જ સ્પેસક્રાફ્ટ વપરાય છે. મસ્કની કંપનીનું ડ્રેગન સ્પેસક્રાફ્ટ સ્પેસ સ્ટેશનને સપ્લાય પૂં પાડે છે. મસ્ક આ કરારોમાંથી અમેરિકાની સરકાર પાસેથી અબજો ડૉલર મેળવે છે.

ડોનલ્ડ ટ્રમ્પ મસ્કની કંપનીઓ સાથેના સરકારી કરાર સમાપ્ત કરી દેવા માગે છે ને સબસિડી બંધ કરી દેવા માગે છે. મસ્કે ટ્રમ્પને સરકારી ખર્ચ ઓછો કરવા માટે સરકારી સબસિડી બંધ કરવી, કર્મચારીઓ ઘટાડવા વગેરે ગોળીઓ ગળાવી હતી. ટ્રમ્પે એ પ્રમાણે કર્યું પણ તેનાં ધાર્યાં પરિણામો મળ્યાં નહીં. મસ્કે વરસે ૨ ટ્રિલિયન ડૉલરનો ખર્ચ ઘટાડવાની મોટી મોટી વાતો કરેલી પણ વાસ્તવિક રીતે બહુ ઓછો ખર્ચ ઘટ્યો છે અને સાથે સાથે ટ્રમ્પની લોકપ્રિયતા પણ ઘટી છે.

આ કારણે ધૂંધવાયેલા ટ્રમ્પે મસ્કને તેની જ દવાનો ડોઝ આપીને સરકારી ખર્ચ ઘટાડવા માટે મસ્કની કંપનીઓ સાથેના કોન્ટ્રાક્ટ રદ કરવા ને ટેસ્લાની સબસિડી પણ બંધ કરવાનું સૂચન કર્યું. પોતાના પગ તળે રેલો આવતાં ઊભા થયેલા મસ્કે વિરોધ કર્યો પણ ટ્રમ્પ કોઈનું સાંભળવા ટેવાયેલા નથી એટલે એ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું તેમાં ફારગતિ થઈ ગઈ. ટ્રમ્પ એ દિશામાં આગળ વધવાના જ છે કેમ કે ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું જ છે કે, આપણા બજેટમાં અબજો ડૉલર બચાવવાનો સૌથી સહેલો રસ્તો ઈલોન મસ્કની કંપનીને મળતી સરકારી સબસિડી અને કોન્ટ્રેક્ટ્સ બંધ કરવાનો છે. જોન બાઈડને આવું કેમ ન કર્યું તેનું મને આશ્ચર્ય છે.

ટ્રમ્પ મસ્કને મોટો ફટકો મારી દેશે તેમાં બેમત નથી કેમ કે ટ્રમ્પ પાસે સત્તા છે અને પોતાની સામે પડે તેને પતાવી દેવા માટે સત્તાનો દુરૂપયોગ કરવામાં પણ ટ્રમ્પને કોઈ છોછ નથી. સામે ટ્રમ્પને મસ્ક બહુ નુકસાન કરી શકે તેમ નથી. બહુ બહુ તો ટ્રમ્પનું બિગ બ્યૂટીફુલ બિલ યુએસ સેનેટમાં પસાર ના થવા દે એવું બને.

ટ્રમ્પનું 'વન બિગ બ્યૂટીફુલ' બિલ યુએસ સંસદના નીચલામાં માત્ર ૧ મતની બહુમતી એટલે કે ૨૧૫-૨૧૪ના ના માર્જિનથી પસાર થયું હતું. ઉપલા ગૃહ એટલે કે સેનેટમાં ૧૦૦ સભ્યો છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે સેનેટમાં ૫૩ સાંસદ છે. મસ્ક નાણાંના જોરે ટ્રમ્પની પાર્ટીના ૪ સાંસદોને બિલની વિરુદ્ધ મતદાન કરાવીને ટ્રમ્પની આબરૂનો ફજેતો કરી શકે પણ તેનાથી કશું વળશે નહીં. બલ્કે ધૂંધવાયેલા ટ્રમ્પ મસ્કને પતાવી દેવા પૂરી તાકાત લગાવી દેશે.

**કૉંગ્રેસે આ મુદ્દે ભાજપ રાજકારણ રમી રહ્યું છે એવો આક્ષેપ કર્યો છે પણ વાસ્તવમાં કૉંગ્રેસ પણ એ જ કરી રહી છે.**

# બૅંગલૂરુની દુર્ઘટના, રાજ્ય સરકાર હાથ ખંખેરી ના શકે

**રાજ્ય સરકારના આયોજનના અભાવના બ્લંડરને માફ કરી શકાય તેમ નથી પણ લોકોનો પણ વાંક છે.**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ફાઈનલમાં મંગળવારે રાત્રે પંજાબની ટીમને હરાવીને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ચેમ્પિયન બની ત્યારે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ના ચાહકોની ખુશીની કોઈ સીમા નહોતી. એક જ દિવસમાં એ ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ની ઉજવણી બુધવારે બેંગલૂરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સન્માન સમારોહ રખાયો હતો. વિજેતા ખેલાડીઓના સ્વાગત માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમની અંદર હજારોની ભીડ એકઠી થઈ ગઈ હતી ને બહાર લાખોની ભીડ જામી હતી.

આ એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચતાં ૧૧ લોકોના મોત થયાં અને ૩૩ લોકો ઘાયલ થતાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB) ટીમના આઈપીએલ ચેમ્પિયન બનવાના ઐતિહાસિક વિજય સાથે એક કલંકિત પ્રકરણ જોડાઈ ગયું છે. આ દુર્ઘટના અત્યંત આઘાતજનક છે અને એટલું જ આઘાતજનક આ મુદ્દે શરૂ થઈ ગયેલું રાજકારણ છે. ૧૧ લોકોની ચિતા પર રાજકીય ફાયદાનો રોટલો શેકવા માટે ભાજપ, કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો મેદાનમાં આવી ગયા છે અને આક્ષેપો-પ્રતિ આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે.

ભાજપે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના રાજીનામાની માગણી કરી છે. ભાજપનું કહેવું છે કે, કૉંગ્રેસ સરકારની બેદરકારીને કારણે દુર્ઘટના થઈ છે તેથી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. ભાગદોડમાં લોકોનાં મોત પછી પણ કાર્યક્રમ ચાલુ રખાયો હતો, લાશો પડતી હતી છતાં ઉજવણી ચાલુ રહી હતી. આમ આદમી પાર્ટીના કર્ણાટકના યુવા મોરચા પ્રમુખ લોહિત હનુમાનપુરાએ પોલીસમાં ફરિયાદ કરીને કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન અને ચિન્નાસ્વામી સ્ટેડિયમના સીઈઓ સામે એફઆઈઆર નોંધવાની માગ કરી છે.

કૉંગ્રેસે આ મુદ્દે ભાજપ રાજકારણ રમી રહ્યું છે એવો આક્ષેપ કર્યો છે પણ વાસ્તવમાં કૉંગ્રેસ પણ એ જ કરી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ એવું કહ્યું કે, હું બચાવ નથી કરી રહ્યો પણ દેશમાં પહેલાં પણ ઘણા મોટા અકસ્માતો થયા છે. કુંભ મેળામાં ૫૦-૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કર્ણાટકના મંત્રી અને કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગેએ સરકારની ભૂલ સ્વીકારીને કહ્યું કે, યોગ્ય આયોજન અને સંકલન હોત તો આ અકસ્માત ટાળી શકાયો હોત.

પ્રિયાંકનો દાવો છે કે, ભાજપ આ મુદ્દે રાજકારણ રમી રહ્યો છે. સરકારે સાવ ટૂંકા સમયગાળામાં ખુલ્લી બસમાં પરેડ શક્ય નથી એવું કહેલું. જવાબમાં ભાજપે આક્ષેપ કરેલો કે, અમે ટીમનું અપમાન કરી રહ્યા છીએ. દુર્ઘટના પછી ભાજપ દ્વારા પોસ્ટ દૂર કરવામાં આવી છે અને અમારા પર દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે.

પ્રિયાંકની વાત સાચી છે કે ભાજપે પોસ્ટ મૂકીને રાજકીય ફાયદો લેવા પ્રયત્ન કર્યો હતો પણ બચાવ વાહિયાત છે કેમ કે સરકાર ભાજપની નહીં પણ કૉંગ્રેસની છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પણ સરકારની છે ને આયોજનની જવાબદારી પણ સરકારની જ છે. ભાજપે ગમે તે કહ્યું હોય, ખુલ્લી બસમાં પરેડ શક્ય નહોતી તો તેને મંજૂરી નહોતી આપવી જોઈતી. જીતના બીજા જ દિવસે પરેડ કરવી જરૂરી નહોતી.

રાજ્ય સરકારે યોગ્ય આયોજન માટે બે દિવસનો સમય લઈને પછી પરેડને મંજૂરી આપવી જોઈતી હતી પણ તેના બદલે ભાજપ રાજકીય ફાયદો ના લઈ જાય એટલે મંજૂરી આપી તેમાં દુર્ઘટના થઈ ગઈ. બેંગલોર પોલીસનું તો કહેવું છે કે, પરેડની મંજૂરી જ નહોતી લેવાઈ. મંજૂરી નહોતી તો પરેડ નીકળી કઈ રીતે એ પણ સવાલ છે.

કૉંગ્રેસ સરકારે રોયલ ચેલેન્જર્સ બેંગલોર્સના મેનેજમેન્ટને પણ રોક્યું નહીં એ પણ તેની ભૂલ છે. આરસીબી મેનેજમેન્ટે સ્ટેડિયમમાં સન્માન સમારોહ યોજવાની જાહેરાત કરી નાખી છતાં સરકારે કશું ના કર્યું. સ્ટેડિયમમાં ફ્રી પાસ સાથે એન્ટ્રી અપાશે એવી જાહેરાત કરાયેલી અને આ ફ્રી પાસ આરસીબીની વેબસાઈટ પરથી લેવાના હતા. આરસીબીની જીતના કારણે બેંગલૂરુમાં ભારે ઉત્સાહ હતો તેથી બુધવારે જાહેરાત પછી મોટી સંખ્યામાં લોકો પાસ લેવા માટે વેબસાઈટ પર તૂટી પડ્યા તેમાં સાઈટ ક્રેશ થઈ ગઈ હતી. સરકારને એ વખતે જ ખબર પડી જવી જોઈતી હતી કે, અરાજકતા અને અંધાધૂંધી સર્જાવાની છે. રાજ્ય સરકારે તરત એક્શનમાં આવીને યોગ્ય આયોજનનાં પગલાં લેવાની જરૂર હતી પણ સરકારે કશું ના કર્યું. બીજું કંઈ નહીં તો કમ સે કમ સ્ટેડિયમ તરફ જતા રસ્તા પર પાસ સાથેના લોકો જ જાય એવી વ્યવસ્થા ગોઠવી હોત તો પણ સ્ટેડિયમની બહાર લાખોની ભીડ ના જામી હોત.

રાજ્ય સરકારે એ કશું કર્યું નહીં તેમાં પાસ મેળવનારાઓની સાથે પાસ વગરના લોકો પણ સ્ટેડિયમમાં પહોંચી ગયા. એક અંદાજ પ્રમાણે પાંચેક લાખ લોકો પહોંચી ગયેલા. સ્ટેડિયમની ક્ષમતા ૩૫ હજાર લોકોની છે છતાં એક લાખ લોકોને અંદર લેવાયા અને ચારેક લાખ લોકો બહાર હતા. બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે ભીડ વધી જતાં બધા દરવાજા બંધ કરી દેવાયા તેમાં પાસ ધરાવતા લોકો પણ અંદર પ્રવેશી શક્યા નહીં એટલે બબાલ શરૂ થઈ.

ટોળાએ સ્ટેડિયમમાં પ્રવેશવા માટે ૧૨, ૧૩ અને ૧૦ નંબરના ગેટ તોડવાનો પ્રયાસ કરતાં પોલીસે લાઠીચાર્જ કર્યો તેમાં ગટરનો સ્લેબ તૂટી પડ્યો. બાકી હતું તે વરસાદ શરૂ થયો તેમાં નાસભાગ મચી ગઈ. પોલીસ આવા માહોલમાં બળપ્રયોગ કરીને ભીડને કાબૂમાં લેવા પ્રયત્ન કરે છે પણ ચાર લાખ લોકોને કાબૂમાં લેવા માંડ ૫ હજાર પોલીસ હતા તેથી કોઈને રોકી શકાયા નહીં ને મોતનું તાંડવ થઈ ગયું.

રાજ્ય સરકારના આયોજનના અભાવના બ્લંડરને માફ કરી શકાય તેમ નથી પણ લોકોનો પણ વાંક છે. ભારતમાં સિવિલ સેન્સનો અભાવ છે અને ટોળાશાહીનું કલ્ચર છે. આ ટોળાશાહી હકારાત્મક નથી પણ તમાશો જોનારી ટોળાશાહી છે. લોકો શિસ્ત પાળતા નથી અને ઘેટાનાં ટોળાંની જેમ વર્તે છે. કશું સમજ્યા વિના ઘેટાંની જેમ એકની પાછળ બીજું ને બીજાની પાછળ ત્રીજું દોટ મૂકે એમ લોકો પણ દોટ મૂકવામાં આનંદ અનુભવે છે. તેના કારણે બીજા કોઈને તકલીફ પડશે, સમસ્યા સર્જાશે, અરાકજતા સર્જાશે તેની કોઈ પરવા કરતું નથી ને તેનો અંત લોકોનાં મોતમાં આવે છે. જે લોકો મર્યા તેમને નિર્દોષ ના કહી શકાય કેમ કે એ બધાં પણ ગેરશિસ્તનો ભાગ હતાં જ પણ નાનકડી ગેરશિસ્તની કિંમત તેમણે પોતાના જીવ આપીને બહુ મોટી ચૂકવી એ જોઈને ખરેખર અફસોસ થાય.

**ટોયલેટમાં મોબાઇલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે.**

# ટોઈલેટમાં મોબાઈલ કથા

## મોબાઇલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે.

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. ઘણા લોકો માટે ટોયલેટમાં પણ મોબાઈલ લઈ જવો એક સામાન્ય ટેવ બની ગઈ છે. જોકે, આ ટેવ આરોગ્ય, સ્વચ્છતા અને માનસિક સ્થિતિ પર નોંધપાત્ર હાનિકારક અસરો કરી શકે છે.

૧. સ્વચ્છતા અને બેક્ટેરિયાનું જોખમ

ટોયલેટ એ એક એવું સ્થળ છે જ્યાં બેક્ટેરિયા અને જંતુઓનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. ફ્લશ કરતી વખતે, નાના નાના પાણીના ટીપાં હવામાં ફેલાય છે, જેમાં ફેકલ બેક્ટેરિયા (જેમ કે ઇ. કોલાઇ) હોઈ શકે છે. આ ટીપાં મોબાઇલ ફોનની સપાટી પર સરળતાથી જમા થઈ શકે છે. સંશોધન દર્શાવે છે કે મોબાઈલ ફોનની સપાટી પર ટોયલેટ સીટ કરતાં ૧૦ ગણા વધુ બેક્ટેરિયા હોઈ શકે

છે, ખાસ કરીને જો તેને ટોયલેટમાં નિયમિત લઈ જવામાં આવે. આ બેક્ટેરિયા હાથ, ચહેરા અને મોઢા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે, જેનાથી ચેપ, પેટના રોગો અને અન્ય આરોગ્ય સ સમસ્યાઓનું જોખમ રહે છે.

ઉદાહરણ તરીકે, યુનિવર્સિટી ઓફ એરિઝોનાના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ૯૦%થી વધુ મોબાઈલ ફોન પર હાનિકારક બેક્ટેરિયા હોય છે, જેમાંથી મોટાભાગના ટોયલેટ જેવા અસ્વચ્છ વાતાવરણમાંથી આવે છે. મોબાઈલ ફોનને નિયમિત સાફ ન કરવામાં આવે તો, તે બેક્ટેરિયાનો સ્ત્રોત બની શકે છે, જે ખાસ કરીને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી છે.

૨. શારીરિક આરોગ્ય પર અસર

ટોયલેટમાં મોબાઈલ ફોનનો ઉપયોગ લાંબા સમય સુધી બેસવાની ટેવને પ્રોત્સાહન આપે છે, જે શારીરિક આરોગ્ય માટે હાનિકારક છે. લાંબા સમય સુધી ટોયલેટ સીટ પર બેસવાથી હેમોરોઇડ્સ (પાઈલ્સ) અને ગુદામાર્ગ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધે છે. ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. અનિશ શેઠના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી બેસવાથી ગુદામાર્ગ પર દબાણ વધે છે, જે હેમોરોઇડ્સનું કારણ બની શકે છે. વધુમાં, મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આંખો પર તાણ આવે છે અને ડિજિટલ આઇ સ્ટ્રેન (ર્દ્વીદૈર્જૈહ જઅહર્દ્વાર્દ્વી) ની સમસ્યા થઈ શકે છે, જેમાં આંખોમાં દુખાવો, શુષ્કતા અને ઝાંખું દ્રષ્ટિ જેવા લક્ષણો જોવા મળે છે.

૩. માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા

મોબાઈલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે. મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન આપવાથી વ્યક્તિનું મગજ સતત સક્રિય રહે છે, જે આરામની ક્ષણોને ઘટાડે છે. સાયકોલોજિસ્ટ ડૉ. લેરી રોસેનના મતે, સતત સ્ક્રીનના સંપર્કમાં રહેવાથી તણાવનું સ્તર વધે છે અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે. ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ ઘણીવાર સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ અથવા ગેમિંગમાં સમયનો વ્યય કરે છે, જે ઉત્પાદકતાને અસર કરે છે અને દિવસની શરૂઆતને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.

૪. મોબાઈલ ફોનને નુકસાનનું જોખમ

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાથી ફોનને શારીરિક નુકસાન થવાનું જોખમ પણ રહે છે. આકસ્મિક રીતે ફોન ટોયલેટમાં પડી જવો, પાણીથી ભીંજાવું અથવા સખત સપાટી પર પડવાથી તેની સ્ક્રીન તૂટી શકે છે. આવા નુકસાનથી આર્થિક ખર્ચ વધે છે, જે ટાળી શકાય તેવું હોય છે.

૫. વ્યસનનું જોખમ

ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ મોબાઈલ ફોનના વ્યસનને વધારી શકે છે. સંશોધન દર્શાવે છે કે સોશિયલ મીડિયા અને મોબાઈલ એપ્લિકેશન્સ ડોપામાઈનનું સ્તર વધારે છે, જે વ્યસનનું કારણ બની શકે છે. આ ટેવથી વ્યક્તિનું ધ્યાન વિચલિત થાય છે અને તે વાસ્તવિક જીવનની જવાબદારીઓથી દૂર રહે છે.

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે. સૌપ્રથમ, લોકોએ આ આદતની હાનિકારક અસરો, જેમ કે બેક્ટેરિયલ ચેપ અને શારીરિક સમસ્યાઓ, વિશે જાગૃત થવું જોઈએ અને ટોયલેટનો ઉપયોગ ઝડપથી પૂર્ણ કરવા મોબાઈલને બહાર રાખવાની આદત વિકસાવવી જોઈએ. જો મોબાઈલ ટોયલેટમાં લઈ જવામાં આવે, તો તેની નિયમિત સફાઈ આલ્કોહોલ-આધારિત વાઈપ્સથી કરવી જરૂરી છે, જેથી બેક્ટેરિયાનો ફેલાવો ટાળી શકાય. આ ઉપરાંત, ટોયલેટમાં સમય પસાર કરવા માટે મોબાઈલને બદલે પુસ્તકો કે મેગેઝિન જેવા ઓફલાઈન વિકલ્પોનો ઉપયોગ કરવો એક સારો વિકલ્પ હોઈ શકે છે. ફોનના ઉપયોગને નિયંત્રિત કરવા માટે સમય અને સ્થળની મર્યાદા નક્કી કરવી પણ મહત્વપૂર્ણ છે, જેથી ટોયલેટ જેવા અયોગ્ય સ્થળોએ તેનો ઉપયોગ ટાળી શકાય. છેલ્લે, સ્વચ્છતાને પ્રાથમિકતા આપીને, ટોયલેટમાંથી બહાર નીકળ્યા પછી હાથને સાબુથી સારી રીતે ધોઈને અને ફોનને સ્પર્શતા પહેલાં હાથ સૂકવીને ચેપનું જોખમ ઘટાડી શકાય છે. આ ઉપાયો અપનાવવાથી ટોયલેટમાં મોબાઈલ લઈ જવાની આદતને નિયંત્રિત કરીને આરોગ્યની સુરક્ષા કરી શકાય છે.

નિષ્કર્ષ- ટોયલેટમાં મોબાઈલ લઈ જવું એ એક સામાન્ય પણ હાનિકારક ટેવ છે, જે સ્વચ્છતા, શારીરિક આરોગ્ય, માનસિક સ્થિતિ અને ઉત્પાદકતા પર નકારાત્મક અસર કરે છે. સંશોધન અને નિષ્ણાતોના મંતવ્યો દર્શાવે છે કે આ ટેવથી બેક્ટેરિયલ ચેપ, હેમોરોઇડ્સ, આંખોનો તણાવ અને મોબાઈલ વ્યસન જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ ટેવને ટાળવા માટે સભાન પ્રયાસો અને વૈકલ્પિક આદતો અપનાવવાથી આરોગ્ય અને જીવનશૈલીમાં સુધારો થઈ શકે છે. ટોયલેટમાં મોબાઇલ લઈ જવાનું ટાળીને આપણે સ્વચ્છ, સ્વસ્થ અને ઉત્પાદક જીવન જીવી શકીએ છીએ.

# સ્મૃતિ ઇરાનીનાં 'ક્યુંકી...'માં આવવાના સમાચારથી નારાયણીને આંચકો લાગ્યો

## નારાયણીએ કહ્યું, એક વાર જેને એક્ટિંગનો રંગ લાગે તેના માટે પછી મુશ્કેલ થઈ જતું હોય છે

જાણીતી ટેવી એક્ટ્રેસ નારાયણી શાસ્ત્રી ટીવી પર સતત મજબુત રોલમાં દેખાતી રહી છે, હાલ તે આગામી સિરીયલ 'નોયોનતારા'માં મુખ્ય વિલનના રોલમાં જોવા મળશે. ત્યારે આ સંદર્ભે એક ઇન્ટરવ્યુમાં તેણે પોતાના આ શો અને સાથે 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝન અંગે વાત કરી હતી. સાથે તેણે સ્મૃતિ ઇરાનીનાં એક્ટિંગમાં કમ બૅક વિશે પણ વાત કરી હતી.

'નોયોનતારા' વિશે વાત કરતાં નારાયણીએ જણાવ્યું, ''ખરેખર આ સીરિયલની વાર્તા ઘણી સબળ અને રસ પડે એવી છે. અમારી લેખિકા સુહાના સ્ત્રી પાત્રોને બહુ સુંદર રીતે રજુ કરે છે. સામાનવ્ય રીતે ટીવીમાં જે રીતે સ્ત્રી પાત્રો દર્શાવાય છે, એવું એના લેખનમાં જરા પણ નથી.કોઈ વિલન નથી, કોઈ સારું કે ખરાબ નથી. તેણે જે રીતે લખ્યું છે એ સમજાવવું અઘરું છે સાથે જ તેના પર અભિનય કરવો એના કરતાં પણ અઘરો છે. મેં ઘણું કામ કર્યું છે અને હું હંમેશા કોઈ પડકારરૂપ કામ જ શોધતી હોઉં છું. મને આ સ્ક્રિપ્ટ બધી રીતે બહુ સારી લાગી. મને આ સ્ટોરી વિશે ઘણી આતુરતા હતી તેથી મને લાગે છે કે દર્શકોમાં પણ એવી ઉત્સુકતા થશે, એ રીતે હું મારું પાત્ર પસંદ કરું છું. મને વિશ્વાસ છે કે દર્શકોને આ શો ગમશે.''



નારાયણી શાસ્ત્રીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'માં કેસરનું પાત્ર ભજવ્યું હતું. ત્યારે આ શોની આવનારી સઝીન અને તેમાં ફરીથી તુલસી અને મિહિરના પાત્રમાં આવનારા સ્મૃતિ ઇરાની અને અમર ઉપાધ્યાય વિશે પણ નારાયણીએ વાત કરી હતી. તેણે કહ્યું, ''આ બહુ જ સારી વાત છે અને મને વિશ્વાસ છે કે લોકોની જુની યાદો તાજી થશે અને તેમને આ શો ગમશે. હું તેમને શુભેચ્છાઓ આપું છું. હું હાલ નોયોનતારા કરું છું એટલે હું એ શો નહી કરી શકું. મારું કેસરનું પાત્ર પણ લગભગ એક-દોઢ વર્ષ પછી આવ્યું હતું, જ્યારે સ્મૃતિ પ્રેગનન્ટ હતી, એટલા સમય પુરતા એપિસોડ પુરા કરવા માટે. હાલ હું નોયોનતારા કરીને ખુશ છું.''

જ્યારે સ્મૃતિ ઇરાની વિશે વાત કરતાં નારાયણીએ કહ્યું, ''મને આંચકો લાગી ગયો, કારણ કે રાજકારણમાં એ બહુ સારું કામ કરે છે, પણ કહેવાય છે કે જેને એક વાર એક્ટિંગનો કીડો કરડે, તો બહુ મુશ્કેલ થઈ જાય છે, નીકળવું અને તેણે જે કર્યું એમાં એ બહુ સારાં હતાં. એ કેમેરા સામે બહુ સારા છે, તેથી તેમના શોમાં પાછા ફરવાથી નવીનતા અને આકર્ષણ ઉમેરાશે.''

### આમિર ખાનના માતા ૯૦ વર્ષની ઉંમરે બોલિવૂડમાં ડેબ્યૂ કરશે

## મારી માતાએ ફિલ્મના શોટ માટે હા પાડતા, હું શોક્ડ થઇ ગયો: આમિર ખાન

બોલિવૂડ અભિનેતા આમિર ખાન હાલ તેની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર' અંગે સતત ચર્ચામાં છે. તે હાલ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે ફિલ્મ વિશે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે, તેમની માતા ઝીનત હુસૈન (૧૩ જૂને ૯૧ વર્ષના થશે) 'સિતારે જમીન પર' ફિલ્મ સાથે બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહ્યા છે. આ ઉપરાંત આમિરના બહેન નિખત ખાન પણ ફિલ્મનો ભાગ છે. આમિર ખાને શેર કર્યું કે, તે ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે માતાએ ફિલ્મ કેવી રીતે બને છે તે જોવામાં રસ દર્શાવ્યો હતો.

આમિર ખાને જણાવ્યું કે, તેમની માતાએ ક્યારેય શૂટિંગ જોયું નહોતું. પરંતુ જ્યારે 'સિતારે જમીન પર'નું શૂટિંગ ચાલી રહ્યું હતું, ત્યારે તેમની માતા ઝીનત હુસૈને તે લોકેશન પર જઈને ફિલ્મો કેવી રીતે બને છે તે જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે સમયે ફિલ્મની ટીમ 'હેપ્પી વેડિંગ સોંગ'નું શૂટિંગ કરી રહી હતી. આમિર ખાને કહ્યું, 'પ્રસન્ના મારી પાસે આવ્યા અને કહ્યું - સર, જો તમને વાંધો ન હોય, તો શું તમે અમ્મીજીને આ સીનમાં આવવા માટે વિનંતી કરી શકો છો? આ ફિલ્મનું છેલ્લું સોંગ છે, આ એક વેડિંગ સેલિબ્રેશન સિક્વન્સ છે.'



પ્રસન્નાએ સમજાવ્યું કે, આ સોંગમાં આમિર ખાનના માતા સરળતાથી એક મહેમાન તરીકે દેખાઈ શકે છે. ત્યારે આમિર ખાને પ્રસન્નાને જવાબ આપ્યો કે, શું તું પાગલ થઈ ગયો છે? મારામાં હિંમત નથી કે હું અમ્મીને પૂછી શકું કે, ફિલ્મમાં કામ કરો અને શોટ આપો. તેઓ ખૂબ જ

જીદ્દી છે. તેઓ મારી વાત નહીં સાંભળે, સમય ન બગાડો. આમિર ખાને ઉમેર્યું કે, 'પ્રસન્ના મને વારંવાર કહેતો રહ્યો કે અમ્મીને એકવાર ફિલ્મના શૂટિંગ માટે પુછું.'

આ રસપ્રદ કિસ્સો સંભળાવતા આમિરે મીડિયાને જણાવ્યું કે, પ્રસન્નાએ વારંવાર કહેતા આખરે હું માન્યો અને હિંમત કરીને માતાને પૂછ્યું કે, અમ્મી, પ્રસન્ના તમને એક ગેસ્ટ તરીકે શોટ આપવા માટે રિકવેસ્ટ કરી રહ્યા છે.. અને તેમણે કહ્યું કે, 'હા, ઠીક છે.' અમ્મીએ આવું કહેતા જ હું શોક્ડ થઈ ગયો હતો. તેઓ ફિલ્મમાં બે-ત્રણ શોટમાં દેખાય છે. આ મારી એકમાત્ર ફિલ્મ છે, જેમાં અમ્મી દેખાય છે. ફિલ્મમાં જેનેલિયા દેશમુખ પણ છે, જેણીએ આમિર ખાનની પ્રેમિકાની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.



## બાબિલ ખાન અને અલાયા એફ બોધાયન રોયચૌધરીની ફિલ્મ કરશે

બોલિવૂડમાં આજકાલ નવી અને અલગ પ્રકારની જોડીઓનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. તેમાં વધુ એક જોડીની ચર્ચા છે. બે મજબુત અને સજ્જ એક્ટર્સ તરીકે ઓળખાતી યંગ એક્ટર્સની જોડી એકસાથે જોવા મળશે. એવા અહેવાલો છે કે બાબિલ ખાન અને અલાયા એફ એક ફિલ્મમાં સાથે જોવા મળશે. આ કોઈ રોમેન્ટિક ફિલ્મ નહી પણ બોધાયન રોયચૌધરીની સત્ય ઘટના પર આધારીત ફિલ્મ હશે, જેઓ પહેલાં 'સેક્ટર ૩૬' જેવી ફિલ્મ લખી ચૂક્યા છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર બોધાયન રોયચૌધરી એક ફિલ્મ ડિરેક્ટ કરવા જઈ રહ્યાં છે. તેમણે બનાવેલ સેક્ટર ૩૬માં વિક્રાંત મેસ્સી હતો અને આ અગાઉ તેમણે 'તલાંખો મેં એક' ફિલ્મ પણ ડિરેક્ટ કરી હતી. આ એક ક્રાઈમ થ્રિલર અને સત્ય ઘટનાઓ પર આધારીત ફિલ્મ હશે.બાબિલે આ પહેલાં 'લોગઆઉટ' કરી હતી, જે ઓટીટી પર રિલીઝ થઈ હતી. તેમાં તેના અભિનયના વખાણ પણ થયા હતા. પછી તેણે પોતાના ઇન્સ્ટાગ્રામ પર એવી પણ જાહેરાત કરી હતી કે તે થોડા સમય માટે બ્રેક લઈ રહ્યો છે, સાથે જ તેણે સાઈ રાજેશની ફિલ્મ છોડવાની પણ જાહેરાત કરી હતી. આ વિખવાદ વચ્ચે સાઇ રાજેશ અને બાબિલ તો આજે પણ એવો જ દાવો કરે છે કે તેમની વચ્ચે બધું બરાબર છે. બાબિલને પોતાના માટે થોડો સમય જોઈતો હતો એટલે એણે એ ફિલ્મ છોડી છે. આ ઉપરાંત થોડાં વખત પહેલાં બાબિલે પોતાના ઇન્સ્ટાગ્રામ પર એક ઇમોશનલ વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેણે અનન્યા પાંડે, સિદ્ધાંત ચતુર્વેદી અને અન્ય કલાકારોને રુડ ગણાવ્યાં હતાં.જો અલાયા એફની વાત કરવામાં આવે તો તેણે છેલ્લે રાજકુમાર રાવની શ્રીકાંતમાં કામ કર્યું હતું. આ પણ એક બાયોગ્રાફી ફિલ્મ હતી, જેમાં શ્રીકાંત બોલાની વાત હતી. ત્યારે આવા બે સારા કલાકારોને સાથે જોવા એ ફિલ્મના દર્શકો માટે પણ એક લ્હાવો હશે.



## બર્થડે હોય કે એનિવર્સરી.. પતિ 'ગોલ્ડ સરપ્રાઇઝ' આપે છે : ગુલ

બોલિવૂડની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક ગુલ પનાગ તાજેતરમાં એક કાર્યક્રમમાં ગુલ પનાગ ઉડ્ડયન પ્રેરિત ઘરેણાં પહેરેલી જોવા મળી હતી. અભિનેત્રીને રત્નો અને ઝવેરાત ખૂબ ગમે છે પરંતુ તે પહેરી શકાય તેવા ટુકડાઓ તરફ વધુ આકર્ષાય છે. તેણીએ ઉમેર્યું કે, મને હંમેશા પહેરી શકાય તેવા ઘરેણાં પ્રત્યે આકર્ષણ રહ્યું છે. એવા ટુકડાઓ જે ફક્ત લોકરમાં મૂકવા માટે નહીં પરંતુ ખરેખર તમારી રોજિંદા અથવા વ્યક્તિગત શૈલીનો ભાગ બની જાય છે.

પાયલોટ અને અભિનેત્રી 'રનવે કલેક્શન' લોન્ચનો ભાગ બની હતી. આ દરમિયાન તેણીએ જણાવ્યું કે, 'મારા પતિ એકમાત્ર વ્યક્તિ જે મને ગોલ્ડની સરપ્રાઈઝ આપે છે. તે ગોલ્ડના શોખીન છે. તે ૨૦ વર્ષથી (જ્યારથી તે તેનો બોયફ્રેન્ડ છે ત્યારથી) મને સોનું ખરીદીને આપે છે. બર્થડે, એનિવર્સરી કે કોઈપણ અન્ય પ્રસંગ હોય




**અભિનેત્રીએ ઉમેર્યું કે, સોનું હંમેશા મારા જીવનનો એક ભાગ રહ્યું છે. હું વર્ષોથી સોનાનું આદર કરું છું. મેં ૨૦ વર્ષની ઉંમરે કામ કરવાનું શરૂ કર્યું હતું, અને મને યાદ છે કે મારી પહેલી મોટી ખરીદી ૨૦૦૨માં સોનાની જ હતી.**

પરંતુ ગિફ્ટમાં હંમેશા સોનું જ હોય ??છે. તે તેને એક સ્માર્ટ ઇન્વેસ્ટમેન્ટ તરીકે જુએ છે.

અભિનેત્રીએ ઉમેર્યું કે, સોનું હંમેશા મારા જીવનનો એક ભાગ રહ્યું છે. હું વર્ષોથી સોનાનું આદર કરું છું. મેં ૨૦ વર્ષની ઉંમરે કામ કરવાનું શરૂ કર્યું હતું, અને મને યાદ છે કે મારી પહેલી મોટી ખરીદી ૨૦૦૨માં સોનાની જ હતી. તે સમયે ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ. ૩,૫૦૦ હતી અને મેં રૂ. ૨૫,૦૦૦માં કાનની બુટ્ટી ખરીદી હતી. હું દર વર્ષે, ખાસ કરીને ધનતેરસની આસપાસ સોનાની ખરીદી કરું છું.ગુલ પાસે જે સૌથી ખાસ વસ્તુઓ છે તેમાંની એક પોલ્કી નવરતન બાજુબંધ છે, જે લગ્નમાં તેના માતાપિતા દ્વારા ભેટમાં આપવામાં આવી હતી. તેની મધ્યમાં એક મોટી પોલ્કી છે જે નવ કિંમતી રત્નોથી જડેલી છે. તે આકર્ષક, પરંપરાગત અને મારા સૌથી કિંમતી વસ્તુઓમાંની એક છે.

## પરિવારના માર્ગદર્શન મુજબ શ્રદ્ધા કપૂર રોલ પસંદ કરે છે

### માસી પદ્મિની કોલ્હાપુરે શ્રદ્ધાની સિલેક્શન પ્રોસેસ અંગે વાત કરી


નવી પેઢીના ફિલ્મ સ્ટાર્સમાં શ્રદ્ધા કપૂરનું નામ મોખરે આવે છે. શ્રદ્ધાની સફળતામાં તેના ફિલ્મ સિલેક્શનનો મહત્ત્વનો ફાળો છે. શ્રદ્ધાનું ફેમિલી બેકગ્રાઉન્ડ ફિલ્મી છે અને તેના કારણે રોલ પસંદ કરતા પહેલા તે પરિવારના સભ્યોનું માર્ગદર્શન લેવાનું પસંદ કરે છે. નવા પ્રોજેક્ટની ઓફર આવે તો શ્રદ્ધા આ અંગે પોતાની માતા શિવાંગી કોલ્હાપુરે, બહેન તેજસ્વીની, પિતા શક્તિ કપૂર અને માસી પદ્મિની કોલ્હાપુરે પાસે સલાહ માગે છે. શક્તિ કપૂર અને પદ્મિની કોલ્હાપુરે વીતેલા જમાનાના જાણીતા એક્ટર્સ છે. પદ્મિનીએ જણાવ્યું હતું કે, તે પરિવાર સાથે દરેક બાબતની ચર્ચા કરે છે. અમે બાદમાં તેને અમારો દૃષ્ટિકોણ કહીએ છીએ. મોકળા મને વાતચીતના કારણે શ્રદ્ધાને દરેક પ્રોજેક્ટના સારા-નરસા પાસા અંગે સમજણ વિકસે છે. દરેક વ્યક્તિનું માર્ગદર્શન મેળવ્યા પછી શ્રદ્ધા પોતાની જાતે નિર્ણય લેતી હોય છે. ભારતીય સિનેમામાં કપૂર-કોલ્હાપુરે પરિવારનો વારસો ઘણો સમૃદ્ધ છે. તેની માતા શિવાંગી પણ પૂર્વ એક્ટર છે, જેના કારણે શ્રદ્ધાને સમજણ વિકસાવવામાં મદદ મળે છે. શ્રદ્ધાની સફળ ફિલ્મોમાં આશિકી ૨, સ્ત્રી અને તુ જૂઠી મૈં મક્કારનો સમાવેશ થાય છે. શ્રદ્ધાએ મસાલા ફિલ્મોની સાથે અર્થસભર સ્ટોરી ધરાવતા પ્રોજક્ટ પણ પસંદ કર્યા છે, જેના કારણે તેની કરિયરમાં સંતુલન જોવા મળે છે.

### હાઉસફુલ ૫ સાથે અક્ષય કુમારના નસીબનું તાળુ ખૂલવાની શરૂઆત થઈ?

## હાઉસફુલ ફ્રેન્ચાઈઝીમાં રિલીઝના દિવસે સૌથી વધુ કલેક્શન મેળવનારી ફિલ્મ

એક સમયે ફિલ્મની સફળતાની ગેરંટી મનાતા અક્ષય કુમારને છેલ્લા કેટલાક વર્ષોથી ખરાબ તબક્કાનો સામનો કરી રહ્યા છે. અક્ષયની ફિલ્મોને નબળો રિસ્પોસન્સ મળવા છતાં ફિલ્મમેકર્સનો ભરોસો અકબંધ રહ્યો છે. અક્ષય કુમારની લેટેસ્ટ રિલીઝ હાઉસફુલ ૫ને પ્રથમ દિવસે મળેલા રિસ્પોન્સને જોતાં વર્ષો બાદ અક્ષયના નામે હિટ નોંધાય તેવી શક્યતા છે. આ ફિલ્મ અક્ષય કુમારના નસીબનું બંધ પડેલું તાળુ ખોલવામાં કેટલી સફળ રહે છે તે જોવું રહ્યું.

હાઉસફુલ ૫ને રિલીઝના પ્રથમ દિવસે જ બોક્સઓફિસ પર મોટી ઊડાન મળી છે. ઓપનિંગ ડે પર આ ફિલ્મે રૂ.૨૪.૩૫ કરોડનું કલેક્શન મેળવ્યું છે. હાઉસફુલ ફ્રેન્ચાઈઝીના ૧૫ વર્ષના ઈતિહાસમાં પહેલા દિવસે સૌથી વધુ કલેક્શન મેળવનારી આ ફિલ્મ બની છે. તરુણ મનસુખાણીના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને સાજિદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરી છે. તેમાં અક્ષય કુમારની સાથે રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન, નરગિસ ફખરી, જેકલીન ફર્નાન્ડિઝ, ચિત્રાંગદા સિંગ, ફરદીન ખાન, ડીનો મોરિયા સહિત ઘણાં જાણીતા કલાકારો છે. 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝીની સિગ્નેચર સ્ટાઈલમાં કોમેડી અને ધમાલનું વાવાઝોડું લાવતી આ ફિલ્મ ઓડિયન્સને પસંદ આવી છે. આ મલ્ટિસ્ટાર ફિલ્મના પ્રમોશનમાં પણ કોઈ કસર રખાઈ ન હોતી. હવે ફિલ્મની સફળતાનો મદાર માઉથ પબ્લિસિટી અને ઓડિયન્સ રીવ્યુ પર રહેલો છે. જો કે 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝની વાત કરીએ તો અત્યાર સુધીની સૌથી વધુ સફળ ફિલ્મ આ છે. ૨૦૧૦માં 'હાઉસફુલ'ને પહેલા દિવસે રૂ.૧૦ કરોડનું કલેક્શન મળ્યું હતું. ત્યારબાદ આવેલી 'હાઉસફુલ ૨' અને 'હાઉસફુલ ૩'ને અનુક્રમે રૂ.૧૪ અને ૧૫.૨૧ કરોડનું કલેક્શન મળ્યું હતું. ૨૦૧૯માં આવેલી 'હાઉસફુલ ૪' ૧૬.૫૦ કરોડે પહોંચી હતી. જ્યારે લેટેસ્ટ રિલીઝે અગાઉની ચારેય ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે. ફિલ્મની કોમેડી અને સ્ટાર પાવર ઓડિયન્સને પસંદ આવી રહ્યા છે. ફિલ્મને માસ એન્ટરટેઈનરની જેમ બનાવવાની સાથે તેના કેરેક્ટર્સની ખાસિયતોમાં વધારે નિખાર લાવવા પ્રયાસ થયો છે. લાંબા સમય બાદ પ્યોર કોમેડી જોનરની બિગ બજેટ ફિલ્મ આવી છે ત્યારે વીકેન્ડમાં ઓડિયન્સનો મિજાજ કેવો રહે છે તેના પર હવે સૌની નજર છે.



# બીજી ટી-૨૦માં ઇંગ્લેન્ડે વેસ્ટ ઇન્ડીઝને હરાવીને સિરીઝ જીતી લીધી

હેરી બ્રુકના નેતૃત્વ હેઠળ ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમે બ્રિસ્ટલમાં રમાયેલી શ્રેણીની બીજી ટી૨૦ મેચમાં વેસ્ટ ઈન્ડીઝને ૪ વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણી ૨-૦થી જીતી લીધી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને વેસ્ટ ઈન્ડીઝને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. વિન્ડીઝે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૬ રન બનાવ્યા. કેપ્ટન શાઈ હોપે સૌથી વધુ ૪૯ રન અને જોહ્ન?સન ચાર્લ્સે ૪૭ રન બનાવ્યા હતા. જો કે, ઈંગ્લેન્ડે ૧૮.૩ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૭ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. જેમાં જોસ બટલરે સૌથી વધુ ૪૭ રન ફટકાર્યા હતા.

પહેલા બેટિંગ કરવા આવેલી વેસ્ટ ઈન્ડિઝ ટીમની શરૂઆત સારી નહોતી રહી અને તેણે પહેલા જ બોલ પર એવિન લુઈસની વિકેટ ગુમાવી દીધી હતી. લ્યુક વુડે તેને ન્મ્ઉ આઉટ કર્યો હતો. આ પછી, જોહ્ન?સન ચાર્લ્સ અને શાઈ હોપે પારી સંભાળી અને સ્કોર ૯૦ રન સુધી પહોંચાડ્યો હતો. પરંતુ ૧૧મી ઓવરમાં આ પાર્ટનરશિપ તૂટી અને હોપ ૪૯ રન બનાવીને આદિલ રશીદના બોલ પર સ્ટમ્પ આઉટ થયો હતો. આ પછી બેટિંગ કરવા આવેલો શેરફેન રૂધરફોર્ટ ૬ રન પર આઉટ થયો હતો. જોહ્ન?સન ચાર્લ્સ પણ ૧૧૭ રનના સ્કોર પર વુડના બોલ પર બોલ્ડ થયો હતો.

૧૫.૨ ઓવરમાં ૧૧૭ રનના સ્કોર પર ચાર વિકેટ ગુમાવ્યા બાદ વિન્ડીઝ હાલત ખરાબ થવા લાગી હતી. આવી સ્થિતિમાં રોવમેન પોવેલ અને રોમારિયો શેફર્ડે મોરચો સંભાળ્યો અને સાથે મળીને ટીમનો સ્કોર ૧૪૮ રન સુધી પહોંચાડ્યો હતો. ત્યારબાદ વિન્ડિઝે જેસન હોલ્ડરે અને રોમારિયો શેફર્ડની વિસ્ફોટક ઈનિંગની મદદથી ઈંગ્લેન્ડને ૧૯૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. લક્ષ્યનો પીછો કરતી ઈંગ્લેન્ડની શરૂઆત ખરાબ રહી હતી.૧૨૬ રનમાં ૪ મહત્વપૂર્ણ વિકેટ ગુમાવ્યા બાદ ઈંગ્લેન્ડ હારનો ભય અનુભવી રહ્યું હતું. પરંતુ બેથેલ અને ટોમ બેન્ટને ઈનિંગ્સને આગળ ધપાવી. બેથેલ આઉટ થયા બાદ બેન્ટને બ્રેડન કાર્સે સાથે મળીને ટાર્ગેટ ચેઝ કર્યો હતો.વિન્ડીઝ તરફથી અલઝારી જોસેફે સૌથી વધુ ૨ વિકેટ જ્યારે અકીલ હુસૈન, જેસન હોલ્ડર, રોમારિયો શેફર્ડ અને રોસ્ટન ચેઝને એક-એક વિકેટ મળી હતી. ફાસ્ટ બોલર લ્યુક વુડ ૨૫ રન આપીને ૨ વિકેટ લીધી હતી અને તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.



# આઈપીએલની બ્રાન્ડ વેલ્યુ વધારવા લીગને ૧૨-૧૬ વીક માટે ગોઠવવાની જરૂર



પંજાબ કિંગ્સના સહ-માલિક અને ડાબર ઈન્ડિયાના ચેરમેન મોહિત બર્મન માને છે કે, ઈન્ડિયન પ્રીમિયર લીગને NFL (નેશનલ ફૂટબોલ લીગ, યુએસએ), NBA (નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન, યુએસએ) સહિત વિશ્વની ટોચની સ્પોર્ટ્સ લીગની બ્રાન્ડ વેલ્યુ સાથે મેળ ખાવા માટે ૧૨-૧૬ અઠવાડિયાની ઓપરેટિંગ વિન્ડોની જરૂર છે. તેમણે કહ્યું કે, 'પ્રતિ મેચ મૂલ્યની દ્રષ્ટિએ આપણે NFL પછી વિશ્વમાં બીજા ક્રમે છીએ. પરંતુ જ્યારે બ્રાન્ડ વેલ્યુની વાત આવે છે, ત્યારે આંકડા અલગ હોય છે. તે એક અલગ પાસું છે.' આંકડા અનુસાર, IPLની પ્રતિ મેચ કિંમત આશરે $૧૬.૮ મિલિયન છે, જે વિશ્વભરની વિવિધ રમતોની ટોચની લીગમાં ફક્ત NFL ($૩૬.૮ મિલિયન)થી પાછળ છે, પરંતુ એકંદર બ્રાન્ડ મૂલ્યની વાત આવે ત્યારે તે NFL અને યુરોપની ટોચની ફૂટબોલ લીગથી ઘણી પાછળ છે.

# સિનરને હરાવીને અલકરાઝ સતત બીજા વર્ષે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન



સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે ફ્રેન્ચ ઓપન ૨૦૨૫માં પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો છે. રવિવારે રોલેન્ડ ગેરોસના ફિલિપ ચેટિયર કોર્ટ પર રમાયેલી ફાઈનલ મેચમાં વિશ્વના નંબર-૨ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે વિશ્વના નંબર-૧ ટેનિસ ખેલાડી અને ઈટાલીના જેનિક સિનરને મેરેથોન ૫ સેટના મુકાબલામાં ૪-૬, ૬-૭ (૪-૭), ૬-૪, ૭-૬ (૭-૩), ૭-૬ (૧૦-૨)થી હરાવીને સતત બીજી વખત ફ્રેન્ચ ઓપનનું ટાઈટલ જાળવ્યું હતું. બંને ખેલાડીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. જેના કારણે મુકાબલો રોમાંચક બન્યો હતો. આશરે સાડા પાંચ કલાક સુધી આ ફાઈનલ મુકાબલો રમાયો હતો.

દરેક પળે મેચમાં રોમાંચક વળાંક આવતો જોવા મળ્યો હતો. ૫ સેટ પૈકી ૩ સેટ ટાઈબ્રેકરમાં ગયા હતા. છેલ્લા સેટમાં પણ ટાઈ પડી હતી અને અલકરાઝે ગજબની સ્ફુર્તિ દર્શાવતા સળંગ ૭ પોઈન્ટ જીત્યા હતા. આખરે ૧૦-૨થી ટાઈબ્રેકર જીતવામાં અલકરાઝ સફળ રહ્યો હતો અને સતત બીજા વર્ષે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બન્યો હતો. અલકરાઝ શરૂઆતમાં બે સેટ પાછળ રહ્યો હતો અને ત્યારબાદ તેને એકાગ્રતા સાથે રમતનું પ્રદર્શન કરીને બાકીના ૩ સેટ જીતી લીધા હતા.

સિનરે પહેલો સેટ ૬-૨થી જીત્યો હતો. પહેલા સેટમાં બીજી ગેમ સુધી સિનર આગળ હતો, પરંતુ પછી તેણે કેટલીક ભૂલો કરી અને અલકરાઝે લીડ મેળવી. જોકે, સિનરે તાત્કાલિક વાપસી કરી અને આખરે સેટ જીતી લીધો હતો. એટલું જ નહીં, સિનરે બીજા સેટ પણ ૭-૪થી પોતાને નામે કર્યો હતો. બીજો સેટ ટાઈબ્રેકરથી નક્કી થયો હતો. સિનરે પિનપોઈન્ટ ક્રોસ-કોર્ટ ફોરહેન્ડ બહાર કાઢ્યો અને ટાઈબ્રેકરમાં પહેલો પોઈન્ટ મેળવ્યો હતો.


ત્રીજા સેટમાં સિનર પહેલી ગેમમાં જ અલકરાઝની સર્વિસ તોડવામાં સફળ થયો હતો. ઈટાલિયન ખેલાડી તેના પહેલા ફ્રેન્ચ ઓપન ટાઈટલ તરફ આગળ વધી રહ્યો હતો પરંતુ તેની એક ભૂલનો અલકરાઝને ફાયદો થયો અને અલકરાઝે ગેમ જીતીને ત્રીજા સેટમાં લીડ મેળવી હતી. સિનર ભૂલો કરતો ગયો અને અલ્કારાઝે તેનો ફાયદો ઉઠાવ્યો અને ત્રીજો સેટ ૬-૪થી અને ચોથો સેટ ૭-૬થી જીત્યો હતો.

# હરમિત-ક્રિત્વિકા દંપતિએ પૂણે સામે ગોવાને શાનદાર વિજય અપાવ્યો




ઈન્ડિયન ઓઈલ અલ્ટિમેટ ટેબલ ટેનિસની છઠ્ઠી સિઝનમાં ગુજરાતના હરમિત દેસાઈ અને તેની પત્ની તથા ભૂતપૂર્વ નેશનલ ચેમ્પિયન ક્રિત્વિકાસિંહા રોયની શાનદાર રમતની સહાયથી ડેમ્પો ગોવા ચેલેન્જર્સે શનિવારની મેચમાં પૂણે જગુઆર્સ સામે ૧૦૫થી શાનદાર વિજય હાંસલ કર્યો હતો.આ સાથે ગોવાએ સિઝનમાં પોતાનો બીજો વિજય હાંસલ કરીને યુ મુમ્બાને પાછળ રાખી ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ડેમ્પો ગોવા ચેલેન્જર્સ માટે હરમિતે પોતાના અજેય અભિયાનને સતત ત્રીજી જીત સુધી લંબાવ્યું છે. તેણે અલ્વારો રોબલ્સ સામે બે ગોલ્ડ પોઈન્ટ્સ સાથે ૨-૧(૧૧-૧૦, ૧૧-૯, ૧૦-૧૧)થી વિજય હાંસલ કર્યો હતો. હરમિત બાદ તેની પત્ની ક્રિત્વિકાસિંહા રોયે સાઉથ કોરિયાની ઝિયોન લી વિરુદ્ધ ૨-૧(૧૧-૫, ૭-૧૧, ૧૧-૬)થી જીત હાંસલ કરી હતી. ઝિયોન ઈજાગ્રસ્ત ડીના મેશરેફના સ્થાને રમી રહી હતી.ત્યાર બાદ મિક્સ ડબલ્સમાં હરમિત અને જેંગ જીયાનની જોડીએ અનિર્બાન ઘોષ અને જિયોન લીને ૩-૦(૧૧-૯, ૧૧-૫, ૧૧-૯)થી મહાત આપી હતી. પૂણેએ અનિર્બાનના પ્રદર્શનથી વળતી લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. જેણે દમદાર પ્રદર્શન કરતા ટિયાગો એપોલોનિયાને ૨-૧થી મહાત આપી હતી. પરંતુ અંતિમ મેચમાં જેંગ જીયાને રિથ રિશયાના અજેય અભિયાનનો તેને ૨-૧(૧૦-૧૧, ૧૧-૭, ૧૧-૪)થી હરાવી અંત આણી દીધો હતો. પૂણેની ટીમના કમબેકની આશાઓ પર પણ પૂર્ણ વિરામ લગાવ્યું હતું.

# અલ્ટિમેટ ટેબલ ટેનિસમાં જયપુરના વિજયમાં જીત ચંદ્રા ઝળક્યો



અલ્ટિમેટ ટેબલ ટેનિસ (UTT) માં ભારતીય ખેલાડી જીત ચંદ્રાના નેતૃત્વમાં જયપુર પેટ્રિયોટ્સે અમદાવાદ એસજી પાઈપર્સ સામે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. જીત ચંદ્રાએ વર્લ્ડ નંબર ૩૪ અને વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડલ વિજેતા રિકાર્ડો વોલ્થર સામે ૨-૧થી શાનદાર વિજય મેળવીને જયપુર પેટ્રિયોટ્સને ૧૧-૪થી વિજય અપાવ્યો હતો જેને કારણે તેની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ હતી.

મેચની શરૂઆત જયપુર પેટ્રિયોટ્સના કનક જહા દ્વારા દિવ્યાંશ શ્રીવાસ્તવના શાનદાર ડેબ્યૂ સામે થઈ હતી, જેમાં તેણે ગોલ્ડન પોઈન્ટ પર ઓપનર જીત્યો હતો અને પછીની બે ગેમ ૧૧-૮, ૧૧-૬થી જીતી હતી. ત્યાર બાદ બ્રિટ ઈર્લેન્ડે જ્યોર્જિયા પિકોલિન સામે ૩-૦થી જીત મેળવી લીડ બમણી કરી, ત્રીજી ગેમ ગોલ્ડન પોઈન્ટ સાથે સીલ કરી. અમદાવાદે વોલ્થર અને આયિકા મુખર્જી દ્વારા બે ગેમ પાછી મેળવી, જેમણે જીત અને ઈર્લેન્ડ સામે મિક્સ્ડ ડબલ્સ ૨-૧થી જીત્યું.

જીત ચંદ્રા સિંગલ્સમાં વોલ્થરનો સામનો કરવા પાછો ફર્યો અને એક રોમાંચક પ્રદર્શન આપ્યું હતું. તેણે ગોલ્ડન પોઈન્ટ પર જર્મનને પ્રથમ ગેમમાં હરાવ્યો, બીજી ગેમ ગુમાવી, પરંતુ ૧૧-૯થી નિર્ણાયક ગેમ જીતવા માટે પાછો ફર્યો - જે UTTમાં તેની સૌથી મોટી સફળતા પૈકીની એક હતી. ટાઈ પહેલેથી જ તેમના હાથમાં હોવા છતાં, શ્રીજા અકુલાએ અંતિમ રબરમાં આયિકા મુખર્જીને રોકી, એક ગેમથી પાછળ રહ્યા પછી ૨-૧થી જીતી અને જયપુરનો ૧૧-૪થી પ્રભુત્વપૂર્ણ વિજય સીલ કર્યો.

ડ્રીમ UTT જુનિયર્સમાં યુ મુંબા ટીટી અને કોલકાતા થન્ડરબ્લેડ્સે સેમિફાઈનલમાં શાનદાર જીત સાથે ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. પ્રતીક તુલસાની અને અનન્યા મુરલીધરન યુ મુંબા માટે જયપુર પેટ્રિયોટ્સ સામે ૫-૨થી જીતમાં ચમક્યા, જેમાં પ્રભુત્વપૂર્ણ ડબલ્સ સ્વીપ માટે સંયોજન કરીને સોદો સીલ કર્યો. બીજી ટાઈમાં, કોલકાતાના રિત્વિક ગુપ્તા અને સ્વરા કર્મકારે ડેમ્પો ગોવા ચેલેન્જર્સ સામે ૫-૩થી ક્લિનિકલ વિજય મેળવ્યો, જેમાં તેમની બંને સિંગલ્સ રબર જીતી અને ડબલ્સમાં મહત્વપૂર્ણ પોઈન્ટ્સનું યોગદાન આપ્યું.

# સ્પેનના ૨૨ વર્ષીય ટેનિસ ખેલાડી કાર્લોસ બન્યા ચેમ્પિયન




French Open ૨૦૨૫માં સ્પેનના ૨૨ વર્ષીય યુવા ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝ વિશ્વના નંબર-૧ ખેલાડી જૈનિક સિનરને હરાવીને ચેમ્પિયન બન્યા છે. ૮ જૂન રવિવારના રોજ ફિલિપ ચેટરિયર કોર્ટ પર રમાયેલ આ મુકાબલામાં અલ્કારાઝે ઈટાલીના જેનિક સિનરને પાંચ સેટમાં હરાવ્યો.૮ જૂન રવિવારના રોજ ફિલિપ ચેટરિયર કોર્ટપર રમાયેલી આ રોમાંચક ફાઈનલ મેચમાં કાર્લોસ અલ્કારાઝે વિશ્વના નંબર-૧ ખેલાડી જૈનિક સિનરને હરાવીને મેજર અપસેટ ફર્જી દીધો છે. ૫ કલાક ૨૯ મિનિટ સુધી ચાલેલા આ શાનદાર મુકાબલામાં અલ્કારાઝે ઈટાલીના જેનિક સિનરને પાંચ સેટમાં હરાવીને કાર્લોસએ સતત બીજી વખત ફ્રેન્ચ ૨૦૨૫માં મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું. ફાઈનલમાં કાર્લોસ અલ્કારાઝે ઈટાલીના વર્લ્ડ નંબર-૧ સિનરને હરાવીને ઈતિહાસ રચી દીધો છે.૮ જૂન રવિવારના રોજ ફિલિપ ચેટરિયર કોર્ટ પર રમાયેલી આ મેચ એટલા માટે ખાસ હતી, કેમકે ઈટાલીના જેનિક સિનરે આ પહેલા નોવાક જોકોવિચ જેને ટેનિસ જગતના મહાન માનવામાં આવે છે તેમને હરાવ્યા હતા. ફાઈનલમાં કાર્લોસ અલ્કારાઝે વિશ્વ નંબર-૧ જૈનિક સિનરને ૪-૬, ૬-૭ (૪), ૬-૪, ૭-૬ (૩), ૭-૬ (૨) થી હરાવ્યો હતો. અલ્કારાઝે સતત બીજા વર્ષે ફ્રેન્ચ ઓપનમાં પુરુષ સિંગલ્સનો ખિતાબ તેના નામે કર્યો છે. આ ફાઈનલ મેચ હારતા સાથેજ ઈટાલીના સિનરનુંફ્રેન્ચ ઓપન જીતવાનુંસ્વપ્ન ચકનાચૂર થઈ ગયુંહતું. સિનર આ વર્ષે પહેલીવાર ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચ્યો હતો.ફિલિપ ચેટરિયર કોર્ટ પર રમાયેલી આ મેચે ફ્રેન્ચ ઓપનના ઈતિહાસમાં એક આગવો ઈતિહાસ પણ રચી દીધો છે. આ રોમાંચક મેચ ફ્રેન્ચ ઓપનના ઈતિહાસમાં સૌથી લાંબી ફાઈનલ મેચ તરીકે નોંધાઈ ગઈ છે. કાર્લોસ અલ્કારાઝ અને જૈનિક સિનર વચ્ચેની આ ફાઈનલ મેચ ૫ કલાક અને ૨૯ મિનિટ સુધી ચાલી હતી. ૨૨ વર્ષીય કાર્લોસ અલ્કારાઝના કારકિર્દીનો આ એક ખાસ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ હતો. અલ્કારાઝે અત્યાર સુધીમાં બે વિમ્બલ્ડન (૨૦૨૩, ૨૦૨૪), બે ફ્રેન્ચ ઓપન (૨૦૨૪, ૨૦૨૫) અને એક યુએસ ઓપન (૨૦૨૨) ટાઈટલ જીત્યા છે.



IPL ૨૦૨૫ના ભવ્ય સમાપન પછી હાલ તમિલનાડુમાં પ્રીમિયર લીગ રમાઈ રહી છે. આ પ્રીમિયર લીગમાં એક યુવા ખેલાડીએ પોતાની બોલિંગથી તરખાટ મચાવીને ઈઝ્મ મેનેજમેન્ટને વિચારતા કરી મૂક્યા છે, અને એનું કારણ એ છે, કે આ એજ ખેલાડી છે જેને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ મેનેજમેન્ટને ટીમમાં તો લીધો હતો, પણ મેદાનમાં રમવાની તેણે તક નોતી આપવામાં આવી.આ વર્ષે IPL ૨૦૨૫માં પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટીમના અને ચાહકોના ૧૮ વર્ષના સપનાંને પૂરું કર્યું. એક લાંબા સમય સુધી રાહ જોયા પછી આખરે ટ્રોફી બેંગલુરુના આંગણે આવી. હાલ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટીમનો એક બોલર જેને આજથી બે વર્ષ પહેલા ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ સંજોગો વસાત તેને ફિલ્ડ ઉપર જઈને રમવાની તક આપવામાજ ન આવી. એ ખેલાડી હાલ તમિલનાડુ પ્રીમિયર લીગમાં ગજબ તરખાટ મચાવી રહ્યો છે. આ બોલરે તમિલનાડુ પ્રીમિયર લીગમાં હેટ્રિક લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે.


# ઈંગ્લેન્ડ સામેની સીરીઝમાં ટીમ ઈન્ડિયાના રવિન્દ્ર જાડેજાને મળી શકે આ જવાબદારી

ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સીરીઝ ૨૦ જૂનથી શરૂ થશે. ભારતીય ટીમ હવે આ પ્રવાસ માટે ઈંગ્લેન્ડ પહોંચી ગઈ છે. કેટલાક ખેલાડીઓ ઈન્ડિયા છ માટે પણ રમી રહ્યા છે. લંડન પહોંચતાની સાથે જ ભારતીય ટીમે કોઈપણ વિલંબ કર્યા વિના પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. BCCIએ પહેલા પ્રેક્ટિસ સેશનનો વીડિયો પણ અપલોડ કર્યો છે. તેને જોતા સ્પષ્ટ થાય છે કે અનુભવી રવિન્દ્ર જાડેજાને સીરીઝમાં મોટી જવાબદારી મળી શકે છે.

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરીઝ પહેલા ટીમ ઈન્ડિયાનો ૧૦ દિવસનો કેમ્પ શરૂ થઈ ગયો છે. જ્યાં બધા ખેલાડીઓ સંપૂર્ણ તાકાત સાથે પ્રેક્ટિસ કરતા જોવા મળી રહ્યા છે. ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર આ સમયે કોચિંગ સ્ટાફ અને અનુભવી રવિન્દ્ર જાડેજા સાથે વાત કરતા જોવા મળ્યા હતા. હાલમાં જાડેજા આ ટીમનો સૌથી અનુભવી ખેલાડી છે તેથી તે મેદાન પર કેપ્ટન શુભમન ગિલને મદદ કરતો જોઈ શકાય છે. જાડેજા હવે ટીમ મેનેજમેન્ટમાં પણ પ્રવેશ કરી શકે છે.

રાહુલ દ્રવિડની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ઈન્ડિયાએ ૨૦૦૭માં ઈંગ્લેન્ડને તેના ઘરઆંગણે ટેસ્ટ સીરીઝમાં હરાવ્યું હતું. ત્યારથી ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરીઝ જીતવી એ બધા કેપ્ટનો માટે એક સપનું રહ્યું છે. યુવા કેપ્ટન શુભમન ગિલ ઈંગ્લેન્ડને તેના ઘરઆંગણે હરાવીને ઈતિહાસનું પુનરાવર્તન કરવા માંગશે. જો આપણે ટીમ ઈન્ડિયા પર નજર કરીએ તો, યુવા અને અનુભવનું સારું મિશ્રણ છે. રવિન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ અને કેએલ રાહુલ પર વધારાની જવાબદારી રહેશે. ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલ બેટથી મોટી ઈનિંગ્સ રમીને પોતાને સાબિત કરવા માંગશે.

ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સીરીઝ ૨૦ જૂનથી શરૂ થશે.



# ઓલપાડ તાલુકામાં સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવા માંગ

## સરકારે ત્રણ વર્ષ પૂર્વે કરેલી જાહેરાતના અમલ કરાયો નથી : દર્શન નાયક

સુરત, તા.૯

સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકામાં સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ શરૂ કરવા બાબત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્ય મંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે સુરત જીલ્લામાં આવેલ ઓલપાડ તાલુકો લગભગ ૧૦૪ જેટલા ગામો સમાવિષ્ટ થઈ બનેલો એક મહત્વનો તાલુકો છે, જેની હદ સુરત સીટી ઉપરાંત માંગરોળ અને ભરૂચ જિલ્લાને અડીને આવેલ છે.સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાના કીમ,સાયણ,દેલાડ સહિતનાં વિસ્તારમાં જી.આઈ.ડી.સી. આવેલ છે તેમજ હજીરામાં ઔદ્યોગિક સંયંત્રો જેવા મહત્વનાં સ્થાનો ઓલપાડ તાલુકાની આજુ-બાજુ માંજ આવેલ છે. સદર તાલુકાના યુવાનોને રોજગાર માટેની જરૂરિયાત મુજબનું શિક્ષણ અને મેડિકલ લાઈનનો અભ્યાસ મુખ્યત્વે વિજ્ઞાન વિષયના ઉચ્ચ શિક્ષણને ધ્યાને રાખી પૂર્ણ કરી શકાય છે.જેથી,ઓલપાડ તાલુકાના અનેક ગામોના વિધાર્થીઓ પોતાના વિજ્ઞાન વિષયના ઉચ્ચ અભ્યાસ માટે સુરત, ભરૂચ, વિદ્યાનગર કે અન્ય પ્રાઈવેટ યુનીવર્સીટીઓ/ ખાનગી કોલેજોમાં ખુબ જ ઉંચી ફી ચૂકવી અપડાઉન કરી અભ્યાસ કરે છે. ઘણી વાર લાંબા અંતરના વિધ્યાર્થીઓ અવર – જવર કરવાની સમસ્યાને કારણે અભ્યાસ છોડવો પડતો હોય છે.તેમાં પણ ખાસ કરી ને દીકરીઓને માટે ખુબ વિકટ સમસ્યા ઉપસ્થિત થઈ રહેલ છે,જેથી દીકરીઓએ મજબૂરીને કારણે અધૂરો અભ્યાસ છોડવો પડતો હોય છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. જો ઓલપાડ તાલુકામાં સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ થાય તો ઓલપાડના ગામો ઉપરાંત આજુબાજુના તાલુકાના ગામોના વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ અભ્યાસ અર્થે ઓલપાડ આવી શકે અને તેઓને લાંબા અંતરની અવર-જવર કરવાની મુસાફરી ટળી જાય તેમ છે. આથી ઓલપાડ તાલુકામાં સરકારી વિજ્ઞાન કોલેજ શરુ થાય તો ખુબ નજીવી ફી ભરી આ તાલુકાનાં વિદ્યાર્થીઓ વિજ્ઞાનના વિષયોનું ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજ અને દેશને પ્રગતિના પંથે લઈ જઈ શકે તેમ છે. ઉપરોક્ત બાબતને ધ્યાને રાખી આપશ્રી દ્વારા આશરે ત્રણ વર્ષ અગાઉ ગુજરાત સરકારશ્રીની સંવેદનશીલ નીતિઓ અનુસાર રાજ્યના દરેક તાલુકામાં એક સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ આપવાની જાહેરાત કરવામાં આવેલ હતી . જે ખૂબ જ પ્રસંસનીય હતું.જેના અનુસંધાનમાં વરાછા અને લિંબાયત તાલુકામાં સરકારી વિજ્ઞાન પ્રવાહ ની કોલેજ શરૂ કરવામાં આવેલ છે . પરંતુ ઓલપાડ તાલુકામાં હજી સુધી સરકારી વિજ્ઞાન પ્રવાહ ની કોલેજ શરૂ કરવા માટે કોઈ ગતિવિધિ શરૂ પણ થઈ હોય એવું અમારા ધ્યાને આવેલ નથી. વધુમાં જણાવવાનું કે સબળ ઓલપાડ તાલુકામાં વર્ષોથી સરકારી (ગ્રાન્ટ ઈન એઈડ)આર્ટસ અને કોમર્સ કોલેજ તો કાર્યરત છે. જ્યારે અંત્યંત જરૂરી એવી સરકારી વિજ્ઞાન પ્રવાહ કોલેજ હજી સુધી ફાળવવામાં આવેલ નથી.



# દિવ્યાંગ સિટીંગ વોલીબોલ મેચમાં સુરતની ભાઈ-બહેનોની ટીમ વિજયી

સુરત, તા.૯

દિવ્યાંગ સારથી ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર દ્વારા નીજા સ્પોર્ટ્સ બુધેલ ખાતે દિવ્યાંગ ભાઈ બહેનોની સિટિંગ વોલીબોલ પ્રમોશન મેચ નું આયોજન ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ-સુરત પેરા સ્પોર્ટ્સ એસોસીએશન સુરત ની ભાઈઓ તેમજ બહેનોની ટીમે સુંદર દેખાવ કરી વિજય પ્રાપ્ત કર્યો છે. ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ-સુરત પેરા સ્પોર્ટ્સ એસોસીએશન સુરત ના ટ્રસ્ટી શ્રી આનંદભાઈ શાહ એ તમામ દિવ્યાંગ વિજેતા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી છે.

## વારંવાર ભીડનો ભોગ બને છે જનતા

આપણે કોણે ખબર શા માટે ભીડનો ભાગ બની જઈએ છીએ. વારંવાર દુર્ઘટના થઈ છે. જાનહાની માલ માલ મિલકતને નુકસાન થાય છે છતાં આપણે સુધરવાનું નામ લેતા નથી. કેપેસિટી કરતા ચાર ઘણા વધારે લોકો ભેગા થાય ત્યારે આવું થાય જ છે. ટી. વી. પર આખી મેચ બતાવવામાં આવે છે છતાં પણ પબ્લિક ધરાતી નથી . ટી.વી. પર જે ક્રિકેટરો મેચ જોવાની મજા આવે છે તે સ્ટેડીયમમાં ક્યાંથી આવે? મેદાન ખુબ દુર લાગે છે ક્રિકેટરો ટચુકડા દેખાય છે એના કરતા ઘરે બેસી ટી. વી. પર મોબાઈલમાં પણ મેચ જોઈ શકાય છે બધું ખુબ નજીક નજીક દેખાય છે. આપણે ક્રિકેટરો અને ફિલ્મ સ્ટારો પાછળ ગાંડા બનીએ છીએ . આપણી આશિકી આપણને ક્યારે બહુ મોંઘી પડી શકે એમ છે. વિરાટની લોકપ્રિયતા



અપાર છે. ભારત અને દુનિયાભરના ચાહકોનો માનીતો વિરાટ છે. અગિયાર ચાહકોએ જીવ ગુમાવ્યો ૩૪ થી વધુ ઘાયલ થયા છે. ગયા ડિસેમ્બરમાં પુષ્પા ૨ ના પ્રીમિયમમાં અલ્લુ અર્જુન આવતા ભીડ બેકાબૂ બનતા રેવતી નામની મહિલાએ જીવ ગુમાવ્યો હતો. અલ્લુ અર્જુન હાલ જામીન પર બહાર છે જ્યાં હજારો લાખો લોકો શિસ્ત સમજણ બાજુ પર મુકે ત્યારે આવું જ થાય. પ્રયાગરાજમાં પણ કુંભમેળામાં આવું જ બન્યું હતું. આપણે એવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે કે ભવિષ્યમાં આવી દુર્ઘટના ના બને. નાયબ મુખ્યમંત્રી જ્યાં ક્રિકેટરો સાથી ફોટા પડાવવા હાજર હોય છતાં આ દુર્ઘટના બની અગિયાર પરિવારના સપના રોળાઈ ગયા ૭૩ દિવસમાં ૭૪ મેચ ૧૨૯૪ સિકસર અને ૨૨૪૫ ચોક્કા મારવામાં આવ્યા એનો અર્થ એ થયો કે સરેરાશ એક મેચમાં ૧૭ સિકસઅને ૩૦ ફોર લાગી કુલ ૨૬૩૮૧ રન બન્યા ૮૬૮ વિકેટો પડી. વૈભવ સુર્યવંશી અને સાઈ સુદર્શન જેવા ખેલાડી મળ્યા. ફરી આવી દુર્ઘટના ના બને એમ આપણે કાળજી લઈએ સંયમ શિસ્તનું પાલન કરીએ

અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા
સુરત
૮૨૦૦૧૩૧૪૫૫



# નગર પ્રાથમિક શાળાના ત્રણ ભવનોનું લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રી પાટીલ

## મરાઠી તથા હિન્દી માધ્યમમાં કુલ ૪૧૬૦ વિદ્યાર્થીઓ શિક્ષણની સુવિધાનો લાભ મેળવશે

સુરત, તા.૯

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાનાં ૦૨ તથા સુમન શાળાના ૦૧ મળી કુલ ૩ ભવનોના નિર્માણથી મરાઠી તથા હિન્દી માધ્યમમાં કુલ ૪૧૬૦ વિધાર્થીઓ શિક્ષણની સુવિધાનો લાભ મેળવશે. આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, શ્રી સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં તથા માન. મેયર શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણીના પ્રમુખપદે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત અંદાજિત રૂ.૨૦.૮૪ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાનાં ૦૨ તથા સુમન શાળાના ૦૧ મળી કુલ ૩ ભવનોની લોકાર્પણવિધિ (૧) ટી.પી.૬૨, એફ.પી.આર. નં -૧૯- ડિંડોલી, સુરત તથા (૨) સંજયનગર, આસપાસનગર -૧ પાસે, લિંબાયત,સુરત ખાતેથી સંપન્ન કરવામાં આવી. આ કાર્યક્રમ પ્રસંગે માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, શ્રી સી.આર.પાટીલનુ માન. મેયર શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલાએ બુકે અને મોમેન્ટોથી ઉષ્માસભર સ્વાગત કર્યું હતું .

ત્યારબાદ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલે માન.મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઈ પટેલનુ શાલથી સ્વાગત કર્યુ હતું. જેમાં લિંબાયત ઝોનમાં (૧) સુમન શાળા બિલ્ડીંગ, ટી.પી. એસ નં.૬૨, (ડીડોલી- ભેસ્તાન-ભેદવાડ), એફ.પી.આર નં -૧૯, લિંબાયત ઝોન,સુરત (૨) પ્રાથમિક શાળા બિલ્ડીંગ (G + ૨) ટી.પી.એસ. નં ૬૨, (ડીડોલી- ભેસ્તાન- ભેદવાડ) એફ.પી. આર.નં ૧૯, લિંબાયત ઝોન, સુરત (૩) પ્રાથમિક શાળા બિલ્ડીંગ (G+૩), સંજયનગર, આસપાસનગર-૧ પાસે, લિંબાયત, સુરત નાં ભવનો માં કુલ ૬ પ્રાથમિક શાળા તથા ૨ સુમન શાળા નાં કુલ ૩ ભવનનો સમાવેશ થાય છે. સદર પ્રાથમિક શાળાઓમાં મરાઠી તથા હિન્દી માધ્યમમાં શિક્ષણની સુવિધા તથા ૬૪ ઓરડા સાકારિત થવાથી અંદાજિત કુલ ૪૧૬૦ વિધાર્થીઓને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે. વધુમા શાળામા કરવામાં આવેલ રેઈન વોટર રિચાર્જ બોરવેલનું પણ ઉપસ્થિત મહાનુભાવોએ નિરીક્ષણ કર્યું હતુ.



# ભાવિ પેઢી માટે જળસંચય કરવા ઉદ્યોગકારોને અપીલ કરતા પાટીલ

## જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા 'એન્વાયરમેન્ટ કોન્કલેવ

સુરત, તા.૯

દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને અને વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ અને જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સરસાણા કન્વેન્શન સેન્ટરના પ્લેટિનમ હોલ ખાતે 'એન્વાયરમેન્ટ કોન્કલેવ-૨૦૨૫' યોજાઈ હતી. જેમાં પર્યાવરણ સંરક્ષણ માટે શ્રેષ્ઠ યોગદાન આપનાર, ગ્રીનબેલ્ટ વિકાસ, જળ સંરક્ષણ, કાર્બન ક્રેડિટ પહેલ અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન માટે શ્રેષ્ઠ અને વિશેષ કામગીરી કરનાર ઉદ્યોગકારોને 'Carbon Emission Reduction' એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગ સામે લડવા સાથે પર્યાવરણની સુરક્ષા અને જાળવણી કરવી એ આધુનિક યુગનો મહત્વનો પ્રશ્ન છે. વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ આપણા જીવન, આરોગ્ય અને ભવિષ્ય પર સીધી અસર કરે છે. વડાપ્રધાનશ્રીના વિઝન હેઠળ આપણે આ સમસ્યાઓનો ઉકેલ લાવવાના પ્રયત્ન કરી રહ્યાં છીએ.

વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, પર્યાવરણ સંરક્ષણની સામાજિક અને નૈતિક જવાબદારી નિભાવવી જરૂરી છે. આ માટે ગત વર્ષે વડાપ્રધાનશ્રીએ 'એક પેડ મા કે નામ અભિયાન' શરૂ કર્યું હતું. ધરતી માતાને વૃક્ષોથી આચ્છાદિત કરવા માટેની આ પહેલ દેશવાસીઓને વધુને વધુ વૃક્ષારોપણ માટે સૌને પ્રેરણા આપી રહી છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની સાથોસાથ પર્યાવરણ સંરક્ષણ, જતન અને સંવર્ધન માટે સઘન અને પ્રમાણિક પ્રયત્નો થઈ રહ્યા છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઉમરગામથી અમદાવાદ સુધીના ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના એફિલન્ટને 'ડીપ સી' પ્રોજેક્ટથી ઘણો ફાયદો થયો છે. ઔદ્યોગિક વિકાસ માટે વિવિધ ઈન્ડસ્ટ્રીઝના મહત્વના પ્રશ્નો ઝડપભેર ઉકેલવામાં આવી રહ્યા છે એમ જણાવી 'કેચ ધ રેઈન' પ્રોજેક્ટ હેઠળ જનભાગીદારીથી જળસંચય અભિયાનમાં સહભાગી બનીને કર્મભૂમિથી માતૃભૂમિનું ઋણ ચૂકવવા આગળ આવવા આહ્વાન કર્યું હતું. જેને સુરતીઓએ અનુસરીને ગત દિવસોમાં ખૂબ ઓછા સમયગાળામાં ૨૭ લાખ ૬૨ હજારથી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગના સ્ટ્રકચર બનાવ્યા છે. જળશક્તિમંત્રીએ કહ્યું કે, આપણા દેશમાં ચાર હજાર BCMથી વધુ વરસાદ પડે છે. અને સમગ્ર દેશમાં સાડા છ હજારથી વધુ નાના મોટા ડેમ છે. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. જેમાં ૮૩ ટકા પાણી ખેતીમાં સિંચાઈ માટે વપરાય છે. અને ફક્ત અઢી ટકા પાણી ઈન્ડસ્ટ્રીઝમાં વપરાય છે. સમગ્ર દેશના ૮૩ ટકા હિસ્સામાં ખેતી થઈ રહી છે. શ્રી સી.આર પાટીલે કહ્યું કે, રેન વોટર હાર્વેસ્ટિંગ દ્વારા એક વીઘામાં સાતથી ૮ લાખ લીટર વરસાદી પાણી જમીનમાં ઉતરે છે. ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમ રહે છે અને તમામ નેચરલ મિનરલ જમીનમાં ઉતરે છે.

# ઓડી કાર ટ્રાઇલને બહાને લઇ જઇ યુવાન રફુચક્કર

## કામરેજના વેપારીએ પર્વત પાટીયાના અનિલ પટેલ વિરૂધ્ધ ફરીયાદ આપી

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯

કામરેજમાં રહેતા વેપારીની રૂ. ૨૫ લાખની કિંમતની ઓડી ક્યુ-૫ કાર ટ્રાઈલ લેવાનું જણાવી પરવત પાટીયાનો યુવાન ફરાર થઇ ગયો હોવાની ફરીયાદ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગોડાદરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર કામરેજ ચાર રસ્તા પાસે અવંતીકાપુરી ખાતે રહેતા રાકેશ માધુભાઈ પટેલ ઉ.વ.૪૨ વેપારી છે. ગઈ તા.૧૨ એપ્રિલના રોજ સાંજે ૪ વાગ્યે રાકેશ પટેલ પાસે આવેલા અનિલ જ્યંતી પટેલ (રહે. મનોસ્મૃતી સોસાયટી, માધવબાગ, પર્વત પાટીયા) રાકેશ પટેલની રૂ. ૨૫ લાખની કિંમતની ઓડી કંપનીની ક્યુ-૫ કાર ટ્રાઈલ લેવા માટે જણાવી લઈ ગયો હતો. કાર લઈને ટ્રાઈલ મારવા નિકળેલો અનિલ પટેલ પરત આવ્યો જ ન હતો. ઓડી કાર લઈને ફરાર થઇ ગયેલા અનિલ પટેલ વિરૂધ્ધ ગઈકાલે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

### દેશભરમાં કોરોનાના
પહેલા પાનાનું ચાલુ

વાયરસ કોવિડ પરિવારનો છે, પરંતુ તે એટલો ગંભીર નથી.

કેરળ: આરોગ્ય વિભાગે હોસ્પિટલોને કોવિડ-૧૯ અને ઈન્ફ્લ્યુએન્ઝાના લક્ષણો ધરાવતા દર્દીઓની સારવાર કરતી વખતે જૂન ૨૦૨૩ માં જારી કરાયેલ કોવિડ ગાઈડલાઈનનું પાલન કરવાની સૂચના આપી છે. હોસ્પિટલોમાં દરેક વ્યક્તિ માટે માસ્ક પહેરવું ફરજિયાત છે. ઉપરાંત, શરદી, ઉધરસ અને તાવ જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ માટે કોવિડ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર: રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, જાન્યુઆરીથી રાજ્યમાં કુલ ૧૭ લોકોના મૃત્યુ થયા છે. તેમાંથી ૧૬ અન્ય રોગોથી પણ પીડિત હતા. આ વર્ષે અત્યાર સુધીમાં ૧૩,૭૦૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૦૬૪ કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે.

કર્ણાટક: ગુલબર્ગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસે ૨૫ બેડનો કોવિડ વોર્ડ બનાવ્યો છે. આમાંથી પાંચ બેડ ICU (વેન્ટિલેટર સહિત), હાઈ ડિપેન્ડન્સી યુનિટ અને પાંચ સગર્ભા સ્ત્રીઓ માટે છે. બાકીના ૧૦ સામાન્ય બેડ છે.

ઉત્તરાખંડ: રાજ્ય સરકારે બુધવારે ગાઈડલાઈન જારી કરી અને જિલ્લા વહીવટીતંત્રને હોસ્પિટલોમાં ઓક્સિજન અને આવશ્યક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા જણાવ્યું. આ ઉપરાંત, ઈન્ફ્લ્યુએન્ઝા, ગંભીર શ્વસન ચેપ અને કોવિડ કેસ જેવા રોગોની જાણ કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

### પત્ની
પહેલા પાનાનું ચાલુ

ઓપરેશન હેઠળ કરવામાં આવી હતી. કાનૂની કાર્યવાહી ચાલી રહી છે.

સોનમના પિતા દેવી સિંહે કહ્યું- શિલોંગ પોલીસ ખોટું બોલી રહી છે. તેઓ આ કેસમાં પકડાઈ જવાના હોવાથી આવું કરી રહ્યા છે. અમારા બાળકો આવું કરી શકતા નથી. તેમને આવું શિક્ષણ આપવામાં આવ્યું નથી. મારી દીકરી ૨૫ વર્ષની છે, ૧૦ વર્ષની નહીં.

સોનમની માતાએ કહ્યું- સોનમ મળી ગઈ છે. હું ખુશ છું પણ મને દુ:ખ છે કે રાજાનું મોત થયું છે. હું ખુશ કરતાં વધુ દુ:ખી છું. સોનમની માતા સંગીતાએ કહ્યું, 'અમે ખુશ છીએ કે તે મળી ગઈ છે, પરંતુ હવે અમે જાણવા માંગીએ છીએ કે રાજાની હત્યા પાછળ કોણ હતું. ભલે તે પાછી આવી હોય, પણ અમને દુ:ખ છે કે અમે રાજાને ગુમાવ્યો છે.'

### ટેરીફ
પહેલા પાનાનું ચાલુ

વચ્ચે કુલ ૨૪૧.૯૯ બીલીયન ડોલરનું સોનુ થયુ છે તે હવે ભવિષ્યના વેપાર યુદ્ધમાં સોનુ એ મહત્વની ભૂમિકા ભજવશે.

૨૦૨૪થી અત્યાર સુધી સોનાની કિંમતમાં ૨૭% જેવો વધારો આવ્યો છે. ટ્રમ્પની નીતિને ચીને પહેલાથી જ પારખી લીધ હતી અને તે કોઈપણ નાણાકીય ઉથલપાથલ સામે સોનાને બફર તરીકે ઉપયોગ કરવા માંગે છે.

### બાંકે
પહેલા પાનાનું ચાલુ

અને સરકાર તેમાં દખલ કેમ કરી રહી છે. જોકે, મહેસૂલી દસ્તાવેજો મુજબ, આ જમીન મંદિરના નામે નહીં, પરંતુ ગોવિંદદેવના નામે નોંધાયેલી છે.

ગોસ્વામી સમાજનો દાવો છે કે, કોરિડોર બનવાથી વૃંદાવનની સદીઓ જૂની 'કુંજ ગલીઓ' (સાંકડી શેરીઓ) નષ્ટ થઈ જશે, જેનાથી વૃંદાવનની અનન્ય સંસ્કૃતિ અને આધ્યાત્મિક વાતાવરણ જ નહિ રહે.

આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. મંદિરના સ્થાપક સ્વામી હરિદાસ ગોસ્વામીના વંશજ દેવેન્દ્ર નાથ ગોસ્વામીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.

જેમાં જણાવ્યું છે કે, 'આ પુનર્વિકાસ પ્રોજેક્ટ અવ્યવહારુ છે. મંદિરનો ઐતિહાસિક વારસો અને તેની સાથે જોડાયેલા લોકોની ભાગીદારી વગર આ પ્રોજેક્ટ પર કામ કરવું વહીવટી અરાજકતાનું કારણ બની શકે છે. ગોસ્વામી સમાજ દાવો કરી રહ્યો છે કે, કોરિડોર બનવાથી મંદિર અને તેની આસપાસનું ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વરૂપ બદલાઈ જશે, જેનું ઐતિહાસિક અને ભક્તિમય મહત્ત્વ છે.

### રાહત સામગ્રી
પહેલા પાનાનું ચાલુ

લઈ જઈ રહેલી રાહત સહાયતા જહાજને ગાઝા પટ્ટી સુધી પહોંચતા અટકાવવાની વાત કરી હતી. સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કેટ્ઝે રવિવારે (૮ જૂન) કહ્યું હતું કે, ઈઝરાયલ કોઈને પણ પેલેસ્ટાઇન વિસ્તાર પર પોતાના નૌસૈનિકોની નાકાબંધી તોડવાની મંજૂરી નહીં આપે, જેનો હેતુ હમાસના હથિયાર આયાતને રોકવાનો છે.

આ જહાજ ગત રવિવારે સિસિલીથી ગાઝાની સમુદ્ર નાકાબંધી તોડવા અને માનવીય સહાય પહોંચાડવાના મિશન સાથે રવાના થયું હતું. તેનો હેતુ પેલેસ્ટાઇન વિસ્તારમાં વધતા માનવીય સંકટ વિશે દુનિયાને જાગૃત કરવાનો પણ છે. કાર્યકર્તાઓએ કહ્યું હતું કે, તેમની આ યોજના રવિવારે જ ગાઝાના જળવિસ્તારમાં પહોંચવાની છે.

જહાજ પર હાજર અન્ય લોકોમાં યુરોપિયન સાંસદની ફ્રાંસીસી સભ્ય અને મૂળ પેલેસ્ટાઇનની રીમા હસન પણ સામેલ છે. પેલેસ્ટાઇન પ્રતિ ઈઝરાયલની નીતિનો વિરોધ કરવાના કારણે તેમને ઈઝરાયલમાં પ્રવેશ કરવાથી રોકી દેવામાં આવ્યા છે. ગત મહિને પણ ફ્રીડમ ફ્લોરિટાના જહાજે સમુદ્રના રસ્તે ગાઝા પહોંચવાનો અસફળ પ્રયાસ કર્યો હતો.

### રાફેલના બદનામ
પહેલા પાનાનું ચાલુ

પોસ્ટ અને ખોટું ટેકનિકલ વિશ્લેષણ સામેલ છે.ચીની સોશિયલ મીડિયા અને મીડિયા એવું દેખાડવાની કોશિશ કરે છે. ભારતના ઓપરેશન સિંદૂર બાદ ઈન્ડોનેશિયા ફ્રાન્સથી રાફેલ જેટ ખરીદવાની યોજના પર ફરીથી વિચાર કરી રહ્યું છે. પણ આ દાવો ખોટો સાબિત થયો. ફ્રાન્સ અને ઈન્ડોનેશિયાએ ૨૦૨૨માં આપેલ ઓર્ડરને વધુ આગળ વધારવા માટે વધારાના રાફેલ જેટ ખરીદવા માટે એક સમજૂતી પર હસ્તાક્ષણ કર્યા છે.

ફેક ન્યુઝમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણ રાફેલ વિમાનોને તોડી પડાયા. આ મામલે ભારત સરકારે ખુલાસો કર્યો હતો કે આ દાવા ખોટા છે. બધા પસંદ કરાયેલા લક્ષ્યોને સફળતાથી નિશાન બનાવયા હતા.

### ઓપરેશન
પહેલા પાનાનું ચાલુ

બાળકો માર્યા ગયા હતા. ભારતના મારા કેટલાક મિત્રોએ મને ફોન કરીને કહ્યું કે અહીં ૭ વાગ્યે બ્લેકઆઉટ છે. દુકાનો પર સામાન મળતો નથી અને પેટ્રોલ પંપ પર ઈંધણ ખતમ થઈ ગયું છે. ભારતીય મીડિયા લોકોને ડરાવી રહ્યું છે, જ્યારે પાકિસ્તાની મીડિયા ઘણી હદ સુધી સાચી માહિતી આપી રહ્યું છે.

ગુરુદ્વારા પરના હુમલા વિશે યુટ્યુબર મિત્રને પૂછવામાં આવ્યું: નાસિરે કહ્યું કે ફિરોઝપુરમાં એક પરિવાર પર ડ્રોન પડવાના સમાચાર પણ ખોટા છે. પૂંછમાં એક ગુરુદ્વારાને પાકિસ્તાન સેના દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. મને આ સાંભળીને ખૂબ જ દુ:ખ થયું. પરંતુ, અમને ભારતીય મીડિયા પર વિશ્વાસ ન હતો, તેથી મેં મારા સરહદી વિસ્તારના ગામના એક યુટ્યુબર મિત્ર પાસેથી તેની પુષ્ટિ કરી, જે મારો સુત્ર છે.

### ભાજપન વિકાસમાં
પેજ-૨ પાનાનું ચાલુ

જુનાગઢ અને ભેસાણ તાલુકાના સુરતમા રહેતા મતદારોને ભાજપ તરફ મતદાન કરવા અપિલ કરુ છું. દેશમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ વાળી એનડીએ સરકાર અને ગુજરાતમાં પણ ભાજપ સરકાર છે જેના કારણે વિસાવદરના મતદારો ભાજપ તરફ જ મતદાન કરશે તેવો ઉત્સાહ જોવા મળે છે. સુરતમાં રહેતા વિસાવદરના મતદારો ભાજપ તરફ મતદાન કરે તે માટે અપિલ કરુ છું કારણ કે ૨૦૧૨ થી આજદીન સુધી વિસાવદર બેઠકમાં ભાજપનો પ્રતિનિધિ નથી. અમે વિધાનસભા વિસ્તારના વિકાસ માટે સતત કામ કરી રહ્યા છે ત્યારે આ વખતે પેટા ચૂંટણીમાં કમળ ખીલે તે માટે વિનંતી કરું છું. પેટા ચૂંટણીમાં ૧૬ ઉમેદવાર માથી ૪ ઉમેદવાર જ વિસાવદર વિધાનસભાના મતદાર છે બાકીના ૧૨ ઉમેદવારોમા કોઇ ઓલપાડ સુરત થી છે તો કોઈ સુરેન્દ્રનગર,ભરૂચ અને ગાંધીનગર થી છે. પેટા ચૂંટણીમાં ભાજપ તરફી વધુ મતદાન કરી વડાપ્રધાનશ્રી ને સંદેશો આપીએ કે વિસાવદર મતવિસ્તાર પણ ભાજપ સાથે છે.

આ કાર્યક્રમમાં સુરત શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, ઉમેદવાર શ્રી કિરીટભાઈ પટેલ, માજી ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મંત્રી શ્રી મુકેશભાઈ, ધારાસભ્યશ્રીઓ શ્રી જયેશભાઈ રાદડીયા, શ્રીપ્રવીણભાઈ ઘોઘારી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, જૂનાગઢના મેયર શ્રી ધર્મેશભાઈ, સુરત શહેર મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સ્થાઈ સમિતિ ચેરમેન શ્રી રાજનભાઈ શહેર, મહામંત્રીશ્રીઓ શ્રી કાળુભાઈ ભીમનાથ, શ્રી કિશોરભાઈ બિન્દલ તથા વિવિધ સમાજ તથા સંસ્થાના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા

### શિવનું વિહાર
પેજ-૨ પાનાનું ચાલુ

મય થયું-એ સંચાલકોની દિર્ધદ્રષ્ટિ ને આભારી છે. અહીં આવતા પરિવારોને વિનંતી મા. વડાપ્રધાનના અભિયાન 'એક વૃક્ષ માં કે નામ''અમલમાં મુકજો. અતિથિ શ્રી જીજ્ઞેષ દેસાઈ એન.જે.ગ્રુપ સુરતે ઉમેર્યું હતું કે અગાવની અને આજની સ્મશાનભૂમિમાં ઘણો ફેર છે.સુવિધા-મહાદેવ મંદિર, તર્પણ હોલ થી આસ્થાનું ધામ બન્યું છે.સંસ્થાના સુકાની ચીમનકાકા અને તેની ટીમ કર્મચારી ગણ દિન રાત સેવામાં છે એ નોંધ લેવી રહી. ભાજપ અગ્રણી શ્રી ભુરાભાઈ શાહે ઉમેર્યું હતું કે આજના અવસરે કર્મચારીગણનુ અભિવાદન થયું એ સરાહનીય કાર્ય કર્યુ છે. પ્રારંભમાં સંસ્થાના મંત્રી શૈલેષ માલીએ સંસ્થાની ગતિવિધિ અગ્નિદાહ ના માળખામાં નવા સુવિધાઓની માહિતી આપી, સ્થાપક વડીલો સદ્ગત હરગોવનકાકા, નગીનદાસ વલસાડિયા અને રામ-વિરલ પુરોહિતને અંજલિ આપી હતી.સમારોહનું સુપેરે સંચાલન અને સંસ્થાના કર્મઠ કર્મચારી વિરેન પટેલ ના સન્માન પત્રનું વાંચન પ્રા.જશુભાઈ નાયકે કર્યુ હતુ.ઉપસ્થિત મહેમાનોના ઉદાર દાનો ની જાહેરાત શ્રી માધુભાઈ કથિરીયાએ કરી હતી. તા.૪ ની માધ્યરાત્રિએ વરસાદના અમી છાંટણા થયા હતા. મહા પ્રસાદનું આયોજન થયું હતું.અનેક સામાજિક સંસ્થાઓએ અને જ્ઞાતિ મંડળોએ ટાઢા મરોલી ગામે પણ ઉદાર દાનો એનાયત કર્યા હતા.

સંસ્થાના માનદ્ આર્કિટેક એન્જીનીયર અને ઉપપ્રમુખ શ્રી જગદીશ શાહે આકાર પામેલ મંદિર તર્પણ હોલની તાંત્રિક વિગતો આપી રૂણસ્વીકાર કર્યા હતો.સંસ્થાના કર્મચારીઓનું તથા શિલ્પીઓ સંજય પ્રજાપતિ,વિદ્યુત ગાંધી,ચિરાગ મોદી નું વિશેષ અભિવાદન શ્રી પ્રેમચંદ લાલવાણી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓએ કર્યું હતું.

### ભગવાન મહાવીર
પેજ-૨ પાનાનું ચાલુ

પ્લેસમેન્ટ માટેની વ્યૂહરચનાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

આ રોજગાર મેળામાં ૧૩૧૩ વિદ્યાર્થીઓએ નોંધણી કરી હતી, જેમાંથી ૩૫૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. મેળામાં મળતી સૌથી ઊંચી પગાર પેકેજ રૂ. ૮ લાખ પ્રતિ વર્ષ નોંધાઈ હતી. જે વિદ્યાર્થીઓ માટે કારકિર્દી નિર્માણના દ્રષ્ટિકોણ આ મેળાને એક મહત્વપૂર્ણ મંચ બનાવે છે. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન શ્રી વરુણ ધીંગરા અને ડૉ. મુરતઝા હજુરીના સુચારૂ સંકલન હેઠળ થયું હતું.

### શ્રી સમસ્ત ગુજરાત
પેજ-૨ પાનાનું ચાલુ

દ્વારા સુરતમાં મિશન જર્મની ૧૧૧ નામ હેઠળ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ અમિત જોશી દ્વારા ગુજરાતમાંથી ૧૧૧ બ્રાહ્મણોને જોબ સીકર વિઝા હેઠળ જર્મની મોકલવામાં આવશે. તે માટે સુરતથી તેઓ ના કાર્યક્રમમાં બ્રાહ્મણો જોડાઈ શકે અને લાભ લઈ શકે તે માટે સુરતના સંસ્કાર ભારતી ઓડિટોરિયમ ખાતે મિશન જર્મની ૧૧૧ કાર્યક્રમ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા રાખવામાં આવ્યો હતો.

ગાંધીનગરથી સુરત આવેલા બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અમિતભાઈ જોશી એ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાંથી ૧૧૧ બ્રાહ્મણ યુવાનોને જર્મની મોકલવાનું આયોજન છે. આ ૧૧૧ યુવાનો પાસેથી કોઈ જ પ્રકારનો કન્સલ્ટન્સી ચાર્જ લેવામાં આવશે નહી.ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ત્રણ-ત્રણ યુવાનો, તથા સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા ચાર મેટ્રો સિટીઓમાંથી છ-છ જરૂરિયાતમંદ જવા ઈચ્છતા બ્રાહ્મણોને પસંદ કરી સિલેક્ટ કરવામાં આવશે. આ બ્રાહ્મણોને બ્રહ્મ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર પસંદગી પ્રક્રિયા અને વિઝા સહિત તમામ જરૂરી દસ્તાવેજી પ્રક્રિયામાં સહાય કરવામાં આવશે. જો કે પસંદ થયેલા યુવાનોને જર્મની પહોંચ્યા બાદ જોબ સીકર વિઝા હેઠળ નોકરી શોધવામાં પૂરતું માર્ગદર્શન અને મદદ જરૂર અપાશે.યુવાનોને માત્ર વિઝા જ નહિ પરંતુ જર્મની પહોંચ્યા બાદ રહેવાની વ્યવસ્થા પણ બ્રહ્મ સમાજના કાર્યકરો દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ નું સમગ્ર સંકલન મહામંત્રી શ્રી નિકુંજ આચાર્ય એ કર્યું હતું. આ કાર્યક્રમ નું સરસ આયોજન માટે ઉપસ્થિત બ્રહ્મ બંધુઓ એ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત ટીમ નો આભાર વ્યક્ત કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૦૯ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ : નાના ભુલકાઓના શોરબકોર સાથે કુમકુ તિલક કરી આવકારાયા





**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

ઉનાળુ વેકેશન પુર્ણ થયા બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. નર્સરી, પ્રાઈમરી અને હાયર સેકેન્ડરી એજ્યુકેશનના ક્લાસ આજથી શરૂ થઈ ગયા છે ત્યારે સવારથી જ શહેરના રસ્તાઓ ઉપર બાળકોની અવર-જવર નજરે પડી હતી. પહેલા દિવસે નાના ભુલકાઓ પૈકી કેટલાક રડતા તો કેટલાક ચહેરા પર શાળાએ જવાના પહેલા દિવસના ઉત્સાહ સાથે સ્મિત કરતા પણ નજરે પડ્યા છે. રસ્તાઓ ઉપર સ્કુલ વાન, રીક્ષા અને બસોની સવારથી જ ચહલ પહલ શરૂ થઈ ગઈ હતી. પહેલા જ દિવસ બાળકોને આવકારવા માટે નર્સરી તેમજ પ્રાઈમરી વિભાગમાં બાળકોને તિલક કરવામાં આવ્યા હતા. બાળકોએ શાળામાં શિક્ષકોના આર્શિવાદ લઈ પ્રવેશ કર્યો હતો.

વેકેશન પુર્ણ થયું છે ત્યારે આજથી શહેરીની સરકારી તેમજ ખાનગી શાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. ધોરણ-૧ થી લઈને ૧૨ સુધીના તમામ વર્ગો આજથી શરૂ થઈ ગયા છે ત્યારે વહેલી સવારથી શહેરના માર્ગો ઉપર બાળકોને લઈ જતી સ્કુલ વાન, રીક્ષા તેમજ બસોની અવર-જવર જોવા મળી હતી. યુનિફોર્મમાં સજ્જ થઈ શાળાએ જતા કેટલાક ભુલકાઓ રડતા પણ નજરે પડ્યા હતા તો કેટલાકના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યું હતું.

ઉનાળાના લાંબા વેકેશન બાદ આજથી શાળાઓ શરૂ થઈ ગઈ છે ત્યારે બાળકોને સ્કુલે લેવા મુકવા જવા માટે વાલીઓની દોડધામ જોવા મળી હતી. આજે પહેલો જ દિવસ હોય વહેલી સવારથી બાળકોને શાળાએ મોકલવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

**સરકારના કેલેન્ડર મુજબ વિધિવત ઉનાળુ વેકેશન પુરૂ થતા શાળાઓ ધમધમતી થઇ**

## કોરોનાની રફતાર પર બ્રેક લાગી, સુરત શહેરમાં બપોર સુધીમાં માત્ર એક કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં બપોર સુધીમાં એકપણ કેસ નોંધાયો નથી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

સુરત સહિત ગુજરાતભરમાં કોરોનાના કેસોની રફતાર ઉપર બ્રેક લાગી હોય, તેમ લાગી રહ્યો છે. ગઈકાલે સુરત શહેર અને જિલ્લામાં એકપણ કોરોના દરદીનો કેસ નોંધાયો ન હતો. શરૂઆતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હતો. સુરત જિલ્લા આરોગ્ય તંત્રના કહેવા મુજબ આજે બપોર સુધીમાં એક પણ નવો કેસ નોંધાયો નથી. જ્યારે સુરત શહેરમાં સિટીલાઈટ વિસ્તારમાં એક કેસ નોંધાયો છે જે હોમ હાઈસોલેશનમાં છે અને આરોગ્ય વિભાગ દ્વારા મોનીટરીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. ગઈકાલ સુધીમાં સુરત જિલ્લામાં કોરોના એકત્રિત દરદીની કુલ સંખ્યા ૮માંથી સાત જણા હોમ આઈસોલેશનમાં છે. માત્ર એક દરદી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે સુરત શહેરમાં પરમ દિવસે છ દરદી નોંધાયા હતા. જ્યારે ગઈકાલે એક પણ દરદી નોધાયા ન હતા.

## અમરોલીના મજુર યુવાને સગીરાને હવસનો શિકાર બનાવી

**સગીરાના ઘરે પહોંચી તેને ધાક ધમકી પણ આપતો હતો**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

અમરોલીમાં રહેતી સગીરાને કતારગામ ન્યુ બ્રીજ નીચે લઈ જઈ બળજબરીથી શારીરિક સંબંધ બાંધી સગીરાને ધમકી આપનાર ૨૧ વર્ષિય મજુરી કામ કરતા યુવાન વિરૂધ્ધ અમરોલી પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાયો છે.

અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અમરોલી બાપાસીતારામ ચોક બજરંગનગર સોસાયટીમાં રહેતો વિશાલ ભરત ચૌહાણ ઉ.વ.૨૧ મજુરી કામ કરે છે. ગત એપ્રિલ મહિનાના સમયગાળામાં વિશાલે એક સગીરાને બળજબરી પોતાની સાથે કતારગામના ન્યુ બ્રીજ ખાતે લઈ ગયો હતો. જ્યાં સગીરા ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાને ધાક-ધમકી આપીને તેના ઘરે પહોંચી જઈ વિશાલ પોતાના સંબંધો અંગે બધાને જાણ કરી દેવાનું કહીને અવાર-નવાર લાજ લેવાનો પ્રયાસ કરતો હતો. સગીરાના પરિવારજનોને આ બાબતે જાણ થઈ જતા ગઈકાલે અમરોલી પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## પાંડેસરાના યુવકની આત્મહત્યા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

પાંડેસરા ખાતે માનસિક બીમારીથી કંટાળી યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પાંડેસરા હરીઓમ નગરમાં દિવ્યેશભાઈ સુરેશભાઈ માહયાવંશી (ઉ.વ.-૩૫) પરિવાર સાથે રહેતો હતો. ગત રોજ તા.૦૮/૦૬/૨૦૨૫ ના ૨ વાગ્યા પહેલા હરકોઈ વખતે પોતાની રહેવાની રૂમમાં છત ઉપર લાગેલ પંખા સાથે આછા ગુલાબી કલરના દુપટ્ટા વડે માનસિક બિમારી થી કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પાંડેસરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## રોકાણના નામે લાખોની છેતરપિંડી કરનાર બે આરોપીના શરતી જામીન મંજૂર

**આરોપી તરફે વકીલ અમિત કે.સોલંકી, રિદ્ધિશ મોદીએ દલીલો કરી હતી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

રૂ.૨૪૦૦ ભરીને મેમ્બર શીપ મેળવી ઘર બેઠા બે વર્ષમાં ૧.૧૨ લાખ કમાવવાની લાલચ આપી લોકો પાસેથી કુલ રૂ.૫૬.૬૪ લાખ રોકડ રોકાણ કરાવી ઠગાઈ આચરવાના કેસમાં ક્રાઈઝર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર સહિત બે આરોપીની સુરત સેશન્સ કોર્ટે કેટલીક શરતોને આધિન જામીન અરજી મંજૂર કરી હતી. બચાવ પક્ષના વકીલ અમીત કે.સોલંકી અને રિધ્ધિશ મોદીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે પાલ સ્થિત સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટ.માં રહેતા અને ક્રાઈઝર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર તરીકે સેવા આપતા અનિલ સુરેશ શર્મા અને સહ આરોપીઓ સામે સુરત ક્રાઈમ બ્રાંચમાં ઠગાઈ અને જીપીઆઈડી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈઝર વર્લ્ડ નામની કહેવાતી કંપનીના કેવીન જનક બ્રહ્મભટ્ટે લોકોને રૂપિયા ૨૪૦૦ ભરીને મેમ્બર શીપ લઈને બે વર્ષમાં રૂ.૧.૧૨ લાખ જેવી રકમ ઘર બેઠા કમાઈ શકો છો તેવી લોભામણી જાહેરાત યુ ટ્યુબ અને સોશિયલ મિડીયા તેમજ સાગરીત મહેશ ગુસાઈ અને મોહિત કમલેશ પટેલ મારફતે જાહેરાત કરી હતી. જેથી લોકોએ તેમના ઉપ વિશ્વાસ કરી ૫૬.૬૪ લાખ જેવી માતબર રકમ રોકાણ કરી હતી. પરંતુ રોકાણ કરેલી રકમ અને તેનુ વળતર આજદીન સુધી પરત નહી કરી છેતરપીંડી કરી હતી. આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાંચે પોલીસે ક્રાઈઝર ઈન્ડિયા પ્રા.લિ.ના ડિરેકટર અનિલ શર્માની સંડોવણીના આધારે ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. આ કેસમાં આરોપી અનિલે એડવોકેટ અમિત કે.સોલંકી મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીએ કથિત ગુનાઓ કર્યા નથી. ગુનાની તપાસ લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને સહ-આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમણે વધુમાં દલીલ કરી છે કે હાલના આરોપીના કહેવાથી કોઈ રિકવરી કે શોધ થઈ નથી. આરોપીએ રૂ. ૩,૦૦,૦૦૦ ની રકમ કંપનીના બેંક ખાતામાં જમા કરાવી છે. જ્યારે અન્ય આરોપી વિપુલ બાવિશ્કરે વકીલ રિધ્ધીશ મારફતે જામીન અરજી કરી હતી. કોર્ટે આરોપીના વકીલ અમિત સોલંકી અને રિધ્ધિશ મોદીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી અનિલ શર્મા અને વિપુલ બાવિશ્કરના જામીન મંજુર કર્યા હતા.

## મેઘરાજાની કાગડોળે જોવાતી રાહ : આજે પણ તાપમાનનો પારો ઉંચકાયો

**મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી યથાવત**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

શહેરમાં હજી વરસાદની વિધીવત પધરામણી થઈ નથી ત્યારે વિતેલા એક અઠવાડીયાથી તાપમાનનો પારો ઉંચો જવા સાથે અસહ્ય ઉકળાટનો શહેરીજનો સામનો કરી રહ્યા છે. આગામી સપ્તાહમાં વરસાદ પડવાની આગાહી પણ હવામાન વિભાગે કરી છે ત્યારે શહેરમાં સવારનું લઘુત્તમ તાપમાન ૨૮.૮ સેલ્સિયસ ડિગ્રી યથાવત રહેવા સાથે સવારથી જ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગે સુરત સહિત દ.ગુજરાતમાં આગામી સપ્તાહમાં વરસાદની આગાહી કરી છે. જોકે વિતેલા એક અઠવાડીયામાં ગરમીનું પ્રમાણ વધતા લોકો હવે વરસાદ આવે અને ઠંડક થાય તેની રાહ જોઈ રહ્યા છે. સુરત સહિત દ.ગુજરાતમાં માવઠા અને કમૌસમી વરસાદ બાદ ૧૦ જુને વરસાદની આગાહી કરવામાં આવી હતી. જોકે આજે સવારથી જ અસહ્ય ઉકળાટ અને બફારાને કારણે લોકો તોબા પોકારી ગયા છે. વરસાદના વિધીવત આગમનની પણ રાહ જોવાઈ રહી છે. હવામાન વિભાગે આ સિઝનમાં ચોમાસાનાં વહેલા આગમનની પણ આગાહી કરી હતી. શહેરનું મહત્તમ તાપમાન ૩૫ સેલ્યિસ ડિગ્રી રહેવા સાથે સવારનું લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી રહેતા સવારથી જ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

## સ્પાની આડમાં કુટણખાનું ચલાવતા સંચાલકને પોલીસે શોધી કાઢ્યો

**એસીબી ઝોન-૧ની ટીમે સાગર ખોખરની ધરપકડ કરી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

સરથાણા ખાતે સ્પાની આડમાં કુટણખાનું ચલાવતા સંચાલકની એલસીબી ઝોન વનની ટીમએ પકડી પાડી તેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સરથાણા પોલીસ સ્ટેશનમાં સ્પાની આડમાં ચાલતું કુટણ ખાનું પકડી પાડ્યું હતું. સરથાણા પોલીસ સ્ટેશનમાં ઈમોરલ ટ્રાફીકીંગ એક્ટ બદલ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સ્પા સંચાલક સાગર લાલજીભાઈ ખોખર (ઉ.વ-૩૩ રહે-૨૬૯ સ્વામિનારાયણ નગર સોસાયટી, સીમાડા ગામ, સરથાણા સુરત મુળવતન- ભુવા તા- સાવરકુંડલા જી-અમરેલી) છેલ્લા ત્રણ મહિનાથી નાસ્તો ફરતો હતો. એલસીબી ઝોન વન ની ટીમના હે.કો. સહદેવસિંહ મહીપતસિંહ તથા મહેશ પ્રતાપભાઈ તથા હે.કો. હરીસિંહ ભગવાનભાઈ તથા હે.કો. કરણ તથા પો.કો. આનંદકુમાર રાજેન્દ્રભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ અસ્પાક ફેઝમોહમદ અને તેમની ટીમે આરોપી સાગરને પકડી પાડ્યો હતો.

નોંધનીય છે કે આરોપી સાગર વિરુદ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં પણ આ અંગેનો ગુનો દાખલ થયો હતો.



અશ્વનીકુમાર રોડ સરસ્વતી સર્કલ પાસે લારી-ગલ્લાઓનું દબાણ વધી જતા આજે પાલિકાના દબાણ વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

## એ. કે રોડ ઉપર વ્યાપેલા ભારે દબાણો હટાવાયા

**સરસ્વતી સર્કલ પાસે દબાણ હટાવવાની કામગીરી દરમિયાન પાલિકાના સ્ટાફ સાથે ઘર્ષણ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

શહેરનાં અશ્વની કુમાર રોડ પર છેલ્લા ઘણા સમયથી લારી - ગલ્લાનાં દૂષણને પગલે વાહન ચાલકો તો ઠીક રાહદારીઓને પણ અવર - જવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. સ્થાનિકોની ફરિયાદને પગલે આજે વરાછા ઝોન દ્વારા અશ્વની કુમાર ખાતે આવેલ સરસ્વતી સર્કલ વિસ્તારમાં મોટા પાયે દબાણ હટાવવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેને પગલે રસ્તાઓ પર લારી - ગલ્લાનું ન્યુસન્સ ઉભું કરનારાઓમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી.

વસ્તી અને વિકાસથી ફાટફાટ થતાં સુરત શહેરમાં મોટા ભાગનાં વિસ્તારોમાં દબાણનું ભારે ન્યુસન્સ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને રોડ - રસ્તા પર ખાણી પીણીની લારીઓથી માંડીને શાકભાજીનું વેચાણ કરનારાઓને કારણે પીક અવર્સમાં ભારે ટ્રાફિકજામની સમસ્યા ઉદભવતી હોય છે. વરાછામાં પણ અશ્વનીકુમાર રોડ ખાતે આવેલ સરસ્વતી સર્કલ અને આસપાસનાં વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી મેઈન રોડ પર ફાસ્ટફુડનું વેચાણ કરનારાઓનો રાફડો ફાટ્યો છે. જેને પગલે રાહદારીઓથી માંડીને વાહન ચાલકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં આજે વરાછા ઝોનનાં દબાણ વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેને પગલે દબાણકર્તાઓમાં રીતસરનો ફફડાટ વ્યાપી ગયો હતો.

## ભેસ્તાનમાં બેકરીવાળાએ હપ્તો આપવાની ના પાડતા હત્યાની કોશિષ

**ચાર જણાએ જીવલેણ હુમલો કરતા પોલીસ ફરિયાદ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

ભેસ્તાન તિરૂપતિનગરમાં રહેતા યુવાન અને તેના ભાગીદારે બેકરી ચાલુ કરી હોય દર મહિને હપ્તો માંગી હપ્તો આપવાની ના પાડતા યુવાનને ચાર જણાએ જીવલેણ હુમલો કરી દીધો હતો. આ મામલે ભેસ્તાન પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ બિહારના જમુઈ જિલ્લાનો વતની અને હાલ ભેસ્તાન તિરૂપતિ નગરમાં રહેતો ખલીફુલ મેહતાબ શેખ ઉ.વ.૨૭એ તેના મિત્ર સાથે ભાગીદારીમાં બેકરીનો ધંધો ચાલુ કર્યો હતો. દરમિયાન બેકરીનો ધંધો ચાલવા દેવા માટે ઈસરારખાન ઉર્ફે છોટે મોહમદ રફીક ખાન, ઈર્શાદ ઉર્ફે બડે મોહમદ રફીક ખાન, સમીર તેમજ સમીમ ઉર્ફે બૌવાએ મળી હપ્તો નહીં આપતા ખલીફુલ ઉપર ગઈકાલે જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે ભેસ્તાન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉધના સંજય નગરના ભંગારના ગોડાઉનમાં આગથી નુકશાન

**આગમાં ભંગારનો સામાન, ફર્નિચર, વાયરીંગ બળીને રાખ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

ઉધના રોડ નંબર ૬ પાવરહાઉસ પાસે સંજય નગર પાસે આવેલા એક ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ભંગારનો સામાન, વજન કાંટો, ટીવી, વાયરીંગ અને ફર્નિચર બળીને રાખ થઈ ગયું હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉધના રોડ નંબર છ પાવર હાઉસ પાસે આવેલા સંજય નગર સ્થિત એક ભંગારના ગોડાઉનમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આજના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા ઉધના, માન દરવાજા, ડુમભાલઅને મજુરાગેટ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને તાત્કાલિક ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને ભંગારના ગોડાઉનમાં લાગેલી માં લાગેલી આગને બુજાવી નાખી હતી. ભંગારના ગોડાઉનના માલિકનું નામ મહેમુદભાઈ દાનસિંગ હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

## બોગસ ચલણી નોટ કેસઃ આરોપીના રિમાન્ડ પુરા, લાજપોર જેલ ધકેલાયો

**અમરોલી પોલીસે કોર્ટમાં રજૂ કરી આરોપીના બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

અમરોલી છાપરાભાઠામાં આવેલ મની ટ્રાન્સફરની દુકાનમાં અમરોલી પોલીસે ભારતીય ચલણની ડુપ્લીકેટ નોટ વટાવવા આવેલ ઈસમને ઝડપી પાડયો છે. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસ ના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પુરા થતા પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતા તેને લાજપોર જ્યુડીસીએલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગતો એવી છે કે, અમરોલી પો.ઈન્સ.જે.બી.વનાર અને સેકન્ડ પીઆઈ ડી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોસઈ જે.જી.કામળીયા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મળેલી બાતમીને આધારે અમરોલી છાપરાભાઠા ખાતે પિયુશ ટેલીકોમ નામની મની ટ્રાન્સફરની દુકાને સુજીત હરીનંદન પૌદાર ઉશ્વવ.૩૦, રહે. શિશ્વવનગર સોસાયટી છાપરાભાઠા, અમરોલી, સુરતનાનો ભારતીય ચલણની બનાવટી ચલણી નોટો રૂ. ૨૦૦ અને રૂ. ૧૦૦ના દરની નોટ વટાવવા માટે આવ્યો હતો અને પોલીસે તેને ડુપ્લીકેટ નોટો સાથે રંગે હાથ ઝડપી પાડી તેની પાસેથી રૂ.૧૦૦ના દરની નકલી નોટ સંખ્યા નંગ ૨૨, રૂ. ૨૦૦ના દરની નકલી નોટ નંગ -૨૯ જપ્ત કરી હતી. તેમજ તેની પાસેથી મોબાઈલ ફોન નંગ એક જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

## પાંડેસરામાં બાઈક સવાર પર ટેન્કરનું વ્હીલ ફરી વળતા કરૂણ મોત

**કતારગામમાં રહેતા વેપારીના પિતા કામ અર્થે પાંડેસરા ગયા હતા ત્યારે ઘટના બની**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

કતારગામ ખાતે રહેતા વેપારીના પિતા પાંડેસરા જીઆઈડીસી નજીક બાઈક ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ટેન્કર ચાલકે તેમની બાઈકને અડફેટે લેતા વેપારી ના પિતાના માથા પરથી ટેન્કરનું વ્હીલ ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

મૂળ વડોદરા ના ચાપર ગામના વતની અને હાલ કતારગામ અનાથ આશ્રમ ની પાસે કાન્તેશ્વર રાય સોસાયટીમાં પ્રકાશચંદ્ર શાસ્ત્રી પરિવાર સાથે રહેતા હતા. ગઈકાલે પ્રકાશચંદ્ર તેમની બાઈક ઉપર સવાર થઈ ઘરે આવી રહ્યા હતા ત્યારે પાંડેસરા જીઆઈડીસીથી બાટલી બોય ચોકડી તરફ જતા રોડ ઉપર આવેલી પ્રગતિ સિન્થેટિક મિલની સામેથી પ્રકાશ ચંદ્ર બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા તે સમયે ગફલત ભરી રીતે હંકારી લાવેલા એક ટેન્કર ચાલક જેનો નંબર જીજે ૧૬ એવી ૮૦૯૭એ પ્રકાશ ચંદ્રની બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પ્રકાશચંદ્ર બાઈક પરથી નીચે ફટકાયા હતા અને ટેન્કર ની કંડકટર સાઈડનું પાછળનું વ્હીલ પ્રકાશ ચંદ્ર ના માથા પરથી ફરી વળતા તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ અંગે પ્રકાશ ચંદ્ર ના દીકરા ચિરાગ શાસ્ત્રીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.